અમદાવાદ સ્ટોક ટુડે

સોમવાર, 5 ઓક્ટોબર, 2026 ■ વર્ષ 13 અંક-103 | અમદાવાદ ■ તંત્રી : સીમા શાહ | કિંમત : ₹ 2 કુલ પાના-16 | વાર્ષિક લવાજમ ₹104

RNI No. GUJGUJ/2013/52004 ■ TC Code : GUJGUJ14760 ■ Rg. No. 124559 | Subject to Juridiction Ahmedabad Email : stocktodaynews@gmail.com

સુવિચાર

જીંદગીની આ સફરમાં
ભાગ્યે જ એવા માણસો મળે .
જેમની પાસે
છાયડામાં ઊભા રહેવાનો
વિકલ્પ હોવા છતાં
આપણી સાથે તડકામાં ચાલે ....

પેજ-16

દિવાળી પહેલાં ગુજરાતમાંથી ઊપડતી ટ્રેનોમાં ટિકિટ બુકિંગ કૌભાંડનો આક્ષેપ

શેરબજારમાં કડાકા વચ્ચે લોકોની બચત અને રોકાણની પદ્ધતિ બદલાઈ

નવી દિલ્હી : ભારતીય શેરબજારમાં છેલ્લાં કેટલાક મહિનાઓથી સતત કડાકાનો સિલસિલો જારી છે. દેશની અગ્રણી કંપનીઓમાં નાણાં રોકીને બેઠેલા રોકાણકારોને મોટો ફટકો પડી રહ્યો છે. જોવામાં આવે તો સેન્સેક્સ અને નિફ્ટીએ છેલ્લાં બે વર્ષમાં નકારાત્મક રિટર્ન આપ્યું છે. આવી સ્થિતિમાં લોકો સુરક્ષિત રોકાણના વિકલ્પો શોધી રહ્યાં છે.

આનું જ પરિણામ છે કે, બેંકોમાં જમા રકમ ઝડપથી વધી રહી છે, જેમાં ચાલું ઓગસ્ટ દરમિયાન વાર્ષિક ધોરણે 17.8 ટકાનો વધારો નોંધાયો છે. બીજી તરફ, કોર્પોરેટ બોન્ડમાં પણ લોકો હવે રોકાણ કરી રહ્યાં છે.

તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલા માસિક અહેવાલ પરથી ખબર પડે છે કે ઓગસ્ટમાં બેંકોની અંદર થાપણોમાં નોંધાયેલી વૃદ્ધિ છેલ્લાં 15 વર્ષમાં સૌથી વધુ રહી છે.

આ પહેલાં ડિસેમ્બર 2011માં થાપણોમાં 18.1 ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે લોકોની બેંકોમાં બચત ખાતાથી લઈને ફિક્સ્ડ ડિપોઝિટ (FD) જેવી યોજનાઓમાં જમા થતી રકમ વધી રહી છે.

આ દર્શાવે છે કે, લોકો હવે બચત અને રોકાણ કરવાની રીતોમાં ફેરફાર કરી રહ્યાં છે. આ કારણે ચાલું નાણાકીય વર્ષમાં બેંકોની થાપણોમાં રૂ.16.49 લાખ કરોડ સુધીનો વધારો નોંધાયો છે.

17.8 ટકા સુધીનો વધારો નોંધાયો બેંકોની થાપણોમાં 16.5 લાખ કરોડ રૂપિયા સુધીનો વધારો બેંકોની થાપણોમાં નાના રોકાણકારોની શેરબજારમાં સ્થિતિ :માર્ચ 2026 સુધી NSE માં સૂચિબદ્ધ કંપનીઓમાં વ્યક્તિગત



રોકાણકારોનો પ્રત્યક્ષ હિસ્સો 9.1 ટકા હતો. મ્યુચ્યુઅલ ફંડ દ્વારા કરાયેલાં રોકાણને ઉમેરતાં વ્યક્તિગત રોકાણકારોની કુલ ભાગીદારી 18.7 ટકા થઈ ગઈ હતી. એટલે કે બજારનાં કડાકાની અસર માત્ર મોટા સંસ્થાકીય રોકાણકારો સુધી મર્યાદિત નથી. નાના રોકાણકારોની પ્રત્યક્ષ અને મ્યુચ્યુઅલ ફંડ દ્વારા ભાગીદારી પણ બજારમાં નોંધપાત્ર રીતે વધી છે.

કોર્પોરેટ બોન્ડમાં પણ રોકાણ ઝડપથી વધી રહ્યું

કંપનીઓએ રોકાણ માટે બેંક લોન ઉપરાંત કોર્પોરેટ બોન્ડ્સ દ્વારા પણ મોટા પ્રમાણમાં નાણાં એકઠાં કર્યા છે. આરબીઆઈના જણાવ્યાં અનુસાર, નાણાકીય વર્ષ 2025-26 માં બોન્ડ અને ડિબેન્ચરના ખાનગી પ્લેસમેન્ટ દ્વારા એકત્ર કરાયેલી રકમમાં ગયા વર્ષની સરખામણીએ નોંધપાત્ર વધારો થયો છે. આ વૃદ્ધિને કંપનીઓનાં રોકાણ માટે નાણાં પૂરું પાડવાના વૈકલ્પિક સ્ત્રોતોના વિસ્તરણ તરીકે જોવામાં આવી રહી છે.

શેરબજારમાંથી 4.9 અબજ ડોલરનો ઉપાડ

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) એ નાણાકીય વર્ષ 2026-27 માં 21 સપ્ટેમ્બર સુધી ભારતીય બજારમાંથી 4.9 અબજ ડોલરની શુદ્ધ ઉપાડ કરી છે. ઓગસ્ટમાં વિદેશી રોકાણકારોનો વલણ સકારાત્મક હતો, પરંતુ સપ્ટેમ્બરમાં પશ્ચિમ એશિયામાં તણાવ વધવા અને વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં વધારાને કારણે ઉપાડ ફરી શરૂ થઈ ગઈ છે, જે હજુ પણ ચાલું છે. આ પાછળ તણાવ અને અન્ય બજારોમાં વધુ સારું રિટર્ન મળવાને મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

વિદેશી મુદ્રામાં FD ની દેખાઈ અસર

બેંકોમાં જમા રકમ વધવા પાછળનું એક કારણ અપ્રવાસી ભારતીયો (NRIs) દ્વારા વિદેશી મુદ્રામાં FD ના સ્વરૂપમાં જમા કરાયેલી રકમ પણ છે. બેંક થાપણોમાં વધારાની સાથે ધિરાણ (લોન) વિતરણ પણ વધ્યું છે.

નાણાકીય વર્ષ 2026-27 માં ઓગસ્ટ સુધી બેંકોએ વાણિજ્યિક ક્ષેત્રને રૂ.10.30 લાખ કરોડની વધારાની લોન આપી હતી. ગયા વર્ષે આ વૃદ્ધિ રૂ.31.65 લાખ કરોડ હતી. બેંકોમાં જમા રકમ વધવા પરથી સ્પષ્ટ થાય છે કે હવે લોકો રોકાણના સુરક્ષિત રસ્તાઓ શોધી રહ્યાં છે.

ગુજરાત જીએસટીની આવકમાં 35 ટકાનો નોંધપાત્ર વધારો થયો



ગત સપ્ટેમ્બરમાં જીએસટીની રૂ.8,167 કરોડની આવક થઈ

અમદાવાદ : રાજકોટ વિભાગ સહિત રાજયભરમાં ગત સપ્ટેમ્બર માસ દરમિયાન જીએસટી આવકમાં 35 ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ ગત સપ્ટેમ્બર 2026માં રાજયને જીએસટી હેઠળ રૂા.8,167 કરોડની આવક થયેલ છે જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક રૂા.6,050 કરોડ કરતા 35% વધુ છે. સપ્ટેમ્બર 2026માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ 14.7 ટકા રહેલ છે.

નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ છ માસમાં સપ્ટેમ્બર 2026 અંતીત જીએસટી હેઠળ રાજયને રૂા.49,858 કરોડની આવક થયેલ છષ જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક રૂા.38,540 કરોડ કરતા 29 ટકા વધુ છે.

રાજયના સપ્ટેમ્બર 2026માં વેટ હેઠળ રૂા.2,930 કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂા.1,102 કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂા.24 કરોડની આવક થયેલ છે. આમ, રાજય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂા.12,222 કરોડની આવક થયેલ છે.

હાઉસીંગ સોસાયટીમાં નવા સભ્ય પાસેથી નિયત કરતા વધુ ફી ઉઘરાવવાનો મામલો હાઈકોર્ટમાં

સરકારે મહતમ એક લાખ નક્કી કર્યા હોવા રૂપિયા છતાં 20 લાખ મંગાવ્યા: અમદાવાદની પ્રતિષ્ઠિત માણેકલાલ સોસાયટીનો કિસ્સા

અમદાવાદ : પ્રતિષ્ઠિત આંબાવાડી વિસ્તારમાં આવેલી માણેકબાગ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ દ્વારા નવા સભ્યો ઉમેરવા માટે રૂ. 20 લાખની મોટી રકમ 'ડેવલપમેન્ટ ફી' તરીકે વસૂલવાનો મુદ્દો હવે ગુજરાત હાઈકોર્ટના દરવાજે પહોંચ્યો છે. આ મામલે પ્રાથમિક સુનાવણી હાથ ધરીને હાઈકોર્ટે હાઉસિંગ સોસાયટીના રજિસ્ટ્રાર દ્વારા સોસાયટીના દસ્તાવેજોની ચકાસણી અને સ્થળ તપાસ (સ્પોટ ઈન્સ્પેક્શન) કરવા માટે ઓડિટરની નિમણૂક કરતા આદેશ પર વચગાળાનો સ્ટે આપ્યો છે. આ કેસમાં વધુ સુનાવણી આગામી 2 નવેમ્બરના રોજ હાથ ધરવામાં આવશે.

આ સમગ્ર કાનૂની વિવાદની શરૂઆત સોસાયટીના એક મકાનના જૂના માલિક, નવા ખરીદદાર અને સોસાયટી તંત્ર વચ્ચે રૂ. 20 લાખની ગેરકાયદેસર ડેવલપમેન્ટ ફી વસૂલવા અંગે શરૂ થયેલી ખેંચતાણથી થઈ હતી.

રાજ્ય સરકારે સહકારી મંડળીઓના કાયદામાં સુધારો કરીને નવા ખરીદદાર પાસેથી વસૂલવામાં આવતી ટ્રાન્સફર ફીની મહત્તમ મર્યાદા મિલકતની વેચાણ કિંમતના 0.5 ટકા અથવા વધુમાં વધુ રૂ. 1 લાખ (જે ઓછું હોય તે) નક્કી કરેલી છે. સરકારી નિયમો મુજબ કોઈ પણ વધારાની ડેવલપમેન્ટ ફી વસૂલવા પર પ્રતિબંધ હોવા છતાં, સોસાયટી દ્વારા 20 લાખની માંગણી કરવામાં આવતા નવો સભાસદ ઉમેરવા સામે વિવાદ ઊભો થયો હતો.

અગાઉ આ મામલે સોસાયટી દ્વારા બોર્ડ ઓફ નોમિનીઝ સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી હતી કે મૂળ મકાનમાલિકે સોસાયટીની પૂર્વ મંજૂરી કે સભ્યપદની પ્રક્રિયા વગર જ ત્રીજી વ્યક્તિને મિલકત વેચી દીધી છે.

બોર્ડ ઓફ નોમિનીઝે આ મામલે ગત 20 માર્ચના રોજ વિવાદિત મિલકત અંગે 'યથાસ્થિતિ' (સ્ટેટસ



કો) જાળવી રાખવાનો આદેશ આપ્યો હતો. બોર્ડ ઓફ નોમિનીઝના સ્ટેટસ કોના આદેશ બાદ, ખાનગી પક્ષકારો (નવા ખરીદદાર) દ્વારા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, 1961ની કલમ 22 અને 24 તથા નિયમોના આધારે જિલ્લા રજિસ્ટ્રાર સમક્ષ અરજી કરવામાં આવી હતી.

આ અરજીના પગલે જિલ્લા રજિસ્ટ્રારે સોસાયટીને નોટિસ પાઠવી હતી અને 12 મેના રોજ એક આદેશ કરીને સોસાયટીના ચોપડા અને દસ્તાવેજોની તપાસ કરવા માટે એક અધિકારી (ઓડિટર)ને સ્થળ તપાસની સૂચના આપી હતી. ત્યારબાદ જૂન મહિનામાં સોસાયટીને દસ્તાવેજો તૈયાર રાખી તપાસમાં સહયોગ આપવા પત્ર લખવામાં આવ્યો હતો.

રજિસ્ટ્રારના આ પગલાને સોસાયટી દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સોસાયટી વતી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ એડવોકેટ પી. કે. જાનીએ દલીલ કરી હતી કે જિલ્લા રજિસ્ટ્રાર પાસે સોસાયટીને સાંભળવાની તક આપ્યા વિના આવી સ્થળ તપાસ કરવાનો કે દસ્તાવેજો મંગાવવાનો કોઈ કાયદાકીય અધિકાર નથી. વધુમાં રજિસ્ટ્રારે આદેશ કરતી વખતે કોઈ યોગ્ય કારણો પણ દર્શાવ્યા નથી.


હાઈકોર્ટે સોસાયટીની આ દલીલો ધ્યાને લઈ રજિસ્ટ્રારની કારવાઈમાં ગંભીર કાર્યપદ્ધતિ અને ક્ષેત્રાધિકારની ખામી જણાતાં ઈન્સ્પેક્શનના આદેશ પર તાત્કાલિક અસરથી રોક લગાવી સોસાયટીને વચગાળાની રાહત આપી છે.

નોએડામાં 43મા માળેથી એન્જિનિયરે આત્મહત્યા કરી, શરીરના ટુકડા 30-40 ફુટ દૂર ફંગોળાયા



નોએડામાં ૨૯ વર્ષના સંભવ જૈન નામના સૉફ્ટવેઅર એન્જિનિયરે ઉત્તર પ્રદેશના સૌથી ઊંચા બિલ્ડિંગ પરથી છલાંગ લગાવીને આત્મહત્યા કરી હતી. ગઈ કાલે સંભવે નોએડાની સુપર નોવા સ્પાઇરાના ૪૩મા માળેથી કૂદકો માર્યો હતો. આ બિલ્ડિંગ ૯૮ માળનું છે અને તે શુક્રવારે આ બિલ્ડિંગમાં ટૂંકા ગાળા માટે ભાડેથી રહેવા માટે શિફ્ટ થયો હતો. ઘટના સવારે લગભગ ૧૧.૩૦ વાગ્યાની હતી. પોલીસે કહ્યું હતું કે 'આ યુવક છેલ્લા થોડા દિવસથી તેના પપ્પાને મેસેજ કરી રહ્યો હતો કે તે હવે જીવવા નથી માગતો. તે પોતાના ઘરે પણ ઘણા દિવસથી ગયો નહોતો. તે થોડા-થોડા દિવસો માટે અલગ-અલગ જગ્યાઓએ ભાડેથી રહેતો હતો. સુપરનોવા બિલ્ડિંગમાં તે ટૂંકા ગાળા માટે ભાડેથી રહેવા હજી શુક્રવારે જ આવ્યો હતો.' તેણે સુસાઇડ કર્યું એ ઘટનાનો વિડિયો પણ બહાર આવ્યો છે. બિલ્ડિંગના ૪૩મા માળની બાલ્કની પરથી તે કૂદી રહ્યો છે ત્યારે તેને કેટલાક લોકો રોકી રહ્યા છે. તે ઑલરેડી બાલ્કનીની રેલિંગ કૂદીને બહારની તરફ પહોંચી ગયો હતો અને લગભગ ચારેક જણ તેને પકડી રાખવાની કોશિશ કરી રહ્યા હતા છતાં હાથ છોડાવીને નીચે પડ્યો હતો. તે છેલ્લા ૩ દિવસથી પિતા વિનય જૈનને મેસેજમાં કહેતો હતો કે તેને હવે જીવવાની ઇચ્છા નથી રહી. ૨૦૨૪માં તેનાં લગ્ન થયેલાં અને એક જ વર્ષમાં તે પિતા બની ગયો હતો. નવજાત બાળક જન્મથી જ બીમાર રહેતું હોવાથી આર્થિક સંકડામણ અનુભવતો હતો.

41 વર્ષ પહેલાં માત્ર રૂ.1500માં વેચાયેલું ચિત્ર ચિત્રકારના મૃત્યુ પછી 18 કરોડમાં વેચાયું



મધ્ય પ્રદેશના જનગઢ શ્યામ નામના મશહૂર ચિત્રકારનું એક ચિત્ર તાજેતરમાં કરોડો રૂપિયામાં વેચાયું છે. ૪૧ વર્ષ પહેલાં આ પેઇન્ટિંગ ભોપાલમાં ૧૫૦૦ રૂપિયામાં વેચાયું હતું. ૧૯૮૦ના દાયકામાં પોતાના ગામના જૂના ઘરમાં ગોંદ પેઇન્ટિંગ કરવા માટે જાણીતા જનગઢ શ્યામનું એક ચિત્ર ૧૯૮૫માં ભોપાલના પંડોલ પરિવારે ૧૫૦૦ રૂપિયામાં ખરીદ્યું હતું. આ ચિત્રમાં ગોંદ સમાજની પૌરાણિક કથાને કૅન્વસ પર વણવામાં આવી છે. જનગઢ શ્યામ તો ૨૦૦૧માં ગુજરી ગયા, પરંતુ એ પછી તેમના કામને એટલી પ્રસિદ્ધિ મળી કે હવે તેમની કલાકૃતિઓ કરોડોમાં વેચાય છે. તેમના મૃત્યુનાં પચીસ વર્ષ પછી પંડોલ પરિવારે વેચવા કાઢેલું એક પેઇન્ટિંગ તાજેતરમાં ૧૮ કરોડ રૂપિયામાં વેચાયું હતું.

AIથી મગરની તસવીર બનાવીને સોશ્યલ મીડિયા પર મૂકનારને થઈ શકે છે 10 વર્ષની જેલ



આજકાલ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (AI)નો વપરાશ એટલો વધ્યો છે કે લોકો એનો બેફામ ઉપયોગ કરી રહ્યા છે. જોકે સિંગાપોરમાં યે લિન નામના ૩૦ વર્ષના યુવાનને AIની કમાલ કરીને મજાક કરવાનું ભારે પડ્યું હતું. આ ભાઈએ AIથી એક સ્થાનિક જળાશયમાં મગર આવ્યા હોય એવું દૃશ્ય ક્રીએટ કર્યું. એ જોઈને ભલભલા લોકોને લાગ્યું કે આવું સાચે જ બન્યું છે. જળાશયમાં મગર ક્યાંથી આવ્યો અને ક્યાં ગયો એ શોધવા માટે સ્થાનિક પોલીસ અને રેસ્ક્યુ-નિષ્ણાતો કામે લાગી ગયા. એ જળાશયમાં થતી બીજી વૉટર-ઍક્ટિવિટી પણ બંધ કરાવી દીધી જેથી કોઈને નુકસાન ન થાય. જોકે જ્યારે મગર ન મળ્યો અને વાઇરલ તસવીરની સચ્ચાઈ તપાસવામાં આવી તો ખબર પડી કે આ AI દ્વારા બનાવેલી તસવીર છે. જળાશયની આસપાસ થતી ભાગદોડ જોઈને યુવાનને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેણે તરત જ પોતાના મોબાઇલમાંથી એ ફોટો અને AI ઍપ બન્ને ડિલીટ કરી દીધાં. એમ છતાં સિંગાપોરના સાઇબર વિભાગે યે લિનને શોધી કાઢ્યો. ભારતમાં આવું કંઈક બન્યું હોત તો કદાચ લોકો બે ઘડી હસીને ભૂલી જાત, પરંતુ સિંગાપોરમાં આ ઘટનાને બહુ ગંભીરતાથી લેવામાં આવી. AIનો ઉપયોગ કરીને ખોટો ભય ફેલાવવા તેમ જ સરકારી સંસાધનોને થયેલી ભાગદોડ બદલ તેના પર કાર્યવાહી કરવામાં આવી છે. સિંગાપોરના કાયદા મુજબ તેને ખોટી માહિતી ફેલાવવા બદલ સાતથી ૧૦ વર્ષની જેલની સજા થઈ શકે છે.

અમેરિકાના વ્યાપાર પ્રતિનિધિનો પિયુષ ગોયલની હાજરીમાં ઉલ્લેખ

ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપાર સમજુતીમાં હજુ વિઘ્ન




નવી દિલ્હી : ભારત અને અમેરિકા વચ્ચે હજુ સુધી ટ્રેડ ડીલમાં કોઈ સફળતા મળી નથી અને હાલમાં જ વ્યાપારમંત્રી પિયુષ ગોયલ ફરી એક વખત અમેરિકાની મુલાકાતે ગયા છે અને તેઓ લગભગ એક સપ્તાહ અમેરિકામાં રોકાશે. તે સમયે અમેરિકાના વ્યાપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીર એ ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપાર સમજુતીમાં હજુ પણ વિઘ્નો હોવાનું સ્વીકારતા કહ્યું કે ઝડપથી આ સમજુતી થાય તેવી કોઈ શકયતા નથી. અમેરિકામાં જી-20 દેશોના વ્યાપાર મંત્રીઓની બેઠકમાં તેઓએ ભારતીય કેબીનેટ મંત્રી પિયુષ ગોયલની હાજરીમાં આ વિધાન કર્યા હતા અને કહ્યું કે મોદી અને ટ્રમ્પ બંને વધુ એક વખત ફોન પર વાતચીત કરે તો કદાચ ટ્રેડ ડીલ થશે. પિયુષ ગોયલ ગઈકાલે ગ્રીરને મળ્યા હતા અને ત્યારબાદ તેમના આ વિધાનો આવ્યા છે અને અમેરિકી પ્રમુખ ટ્રમ્પ તથા વડાપ્રધાન મોદીએ બુધવારે જ ફોન પર વાતચીત કરી હતી. આમ બંને દેશોએ ટ્રેડ ડીલ માટે ચિંતા કરી છે પરંતુ તેમાં કોઈ સફળતા મળે તેવા સંકેત નથી.

ઘઉં સહિત રવિ સિઝનના પાકના ટેકાના ભાવ જાહેર : મોટો વધારો કરાયો



નવી દિલ્હી : કેન્દ્ર સરકારની રવિ પાક માટે ટેકાના ભાવ જાહેર કર્યા છે અને તમામ છ પાક માટે 50થી 106 ટકા સુધીનો વધારો જાહેર કર્યો છે. કેન્દ્રીય કેબીનેટના પ્રવકતા અશ્વિની વૈષ્ણવે એક પત્રકાર પરિષદમાં જાહેરાત કરી હતી. જેમાં ઘઉંના ટેકાના ભાવ રૂા.2610 પ્રતિ કવીન્ટલ જયારે જવના ભાવ રૂા.૨૨૪૬ પ્રતિ કવીન્ટલ, ચણાના ભાવ રૂા.૫૭૫૪ પ્રતિ કવીન્ટલ, મસુરના ભાવ 7390 પ્રતિ કવીન્ટલ, મસ્ટર્ડના ભાવ રૂા.6613 પ્રતિ કવીન્ટલ અને સુર્યમુખીના ભાવ રૂા. 7215 પ્રતી કવીન્ટલ જાહેર કર્યા છે. આમ ચણાના ભાવમાં 52 ટકા, ઘઉંના ભાવમાં 106 ટકા અને મસુરના ભાવમાં 92 ટકા જેવો વધારો આપ્યો છે તથા ખેડુતોને કુલ 324 લાખ મેટ્રીક ટન ખરીદી માટે રૂા.90,962 કરોડ ચુકવાશે તેવી જાહેરાત કરી છે.

ચીનથી નકલી દવા મગાવી અમેરિકામાં વેચનાર બે ભારતીય સામે કેસ દાખલ



ચીનથી ડાયાબિટીસ-વજન ઉતારવાની નકલી ઓજેમ્પિક દવા મગાવી ઓછી કિંમતે વેચતા હતા

વોશિંગ્ટન : અમેરિકામાં બે ભારતીયો સામે ડાયાબીટીસ અને વજન ઘટાડવાની દવા ઓજેમ્પિકની નકલી ખેપની તસ્કરી કરી તેને વેચવાનો આરોપ લાગ્યો છે. અમેરિકી ન્યાય વિભાગ અનુસાર ફલોરિડાના મિડલ ડિસ્ટ્રીકટમાં એક ફેડરલ ગ્રાન્ડ જયુરીએ આરોપ લગાવ્યો છે કે આરોપી સ્વપ્નદીપ રોય અને વિકકી રામંચા અને તેના સાથીઓએ ચીનથી નકલી ઓજેમ્પિક હાંસલ કરી હતી અને તેને અમેરિકી ડીસ્ટ્રીબ્યુટર્સને ઓછી કિંમતે વેચ્યું હતું. વિભાગે જણાવ્યું હતું કે આરોપીઓમાંથી એકને ઈટલીથી પ્રત્યર્પિત કરાયા બાદ ટામ્પા, ફલોરિડાની અદાલતમાં પહેલીવાર પ્રસ્તુતિ દરમિયાન તેણે ખુદને નિર્દોષ જણાવ્યો હતો, જયારે બીજો આરોપી રામંચા ફરાર છે. જો આ અપરાધીઓ દોષિત ઠરે તો તેમને કુલ મળીને 71 વર્ષની જેલ થઈ શકે છે. નકલી દવાના પેકેજીંગ, તેમા આપવામાં આવતી માહિતીની ચીઠ્ઠી, પેન લેબલ અને સોઈ એવીહતી જેથી ખરીદનારાઓને વિશ્વાસ થાય કે તેમને અસલી ઓજેમ્પિક બની રહી છે.

મહિલા કર્મીઓને હટાવવું મોંઘુ પડયું : એફિલ ટાવરના પ્રમુખને પદ છોડવું પડશે



પેરિસ : બીએપીએસ સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુઓની એફિલ ટાવરની મુલાકાત દરમિયાન મહિલા કર્મીઓને હટાવવાનું એફિલ ટાવરની સંચાલક કંપનીના પ્રમુખને મોંઘુ પડયું છે. પ્રમુખ પેટ્રીક બ્રેંકો રૂઈયોને વર્ષના અંત સુધીમાં પોતાનું પદ છોડવું પડશે. સોસિએતે ડી. એકસ્પોઈટેશન ડે લા ટૂર એફીલ (એસઈટીઈ) નામની કંપનીએ જણાવ્યું હતું કે તેના ડાયરેકટર જનરલ પેટ્રીક બ્રેંકો રૂઈયો પોતાનું પદ છોડી દેશે. એક ઈન્ટરનલ તપાસમાં બહાર આવ્યું છે કે વિઝીટના આયોજનમાં ઓપરેશનલ ખામીઓના કારણે મહિલા કર્મચારીઓને હટાવી દેવાયા હતા. રૂઈયો 2018થી એસઈટીઈના ડાયરેકટર જનરલ તરીકે કામ કરી રહ્યા છે. પેરિસની મેયર એની હિડાલ્ગોએ પણ મહિલા કર્મચારીઓને હટાવવા મામલે અલગ-અલગ તપાસના આદેશ આપ્યા છે. ઉલ્લેખનીય છે કે 7 સપ્ટેમ્બરે બીએપીએસના એક પ્રતિનિધિ મંડળની મુલાકાત દરમિયાન મહિલા કર્મીઓને પરિસરથી હટાવવાના વિરોધમાં એફિલ ટાવરના કર્મચારીઓએ કામ બંધ કરી દીધુ હતું. એસઈટીઈના પ્રેસીડેન્ટ એરિયલ વેલે કહ્યું હતું કે હું રિપબ્લિકન મૂલ્યો અને સ્ત્રી-પુરૂષ સમાનતા પ્રત્યે એફીલ ટાવરની પ્રતિબધ્ધતાને દોહરાવુ છું.

હવે બાળકો 9મા ધોરણથી જ શીખશે સ્ટાર્ટઅપ અને બિઝનેસનો રોડ મેપ

નવી દિલ્હી : 9માં ધોરણથી જ છાત્ર હવે સ્ટાર્ટઅપ શરૂ કરવાના બારામાં ભણશે. રાષ્ટ્રીય શૈક્ષિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ એટલે કે એનસીઈઆરટીએ સોશિયલ સાયન્સના નવા પાઠ્ય પુસ્તકમાં સ્ટાર્ટ અપ અને એન્ટરપ્રેન્યોરશિપ (ઉદ્યમિતા) ના વિષયોને સામેલ કરવામાં આવ્યા છે. આ સ્પેશિયલ ચેપ્ટરમાં છાત્રોને મુખ્યત્વે ત્રણ મોટા વિષયોના બારામાં ભણાવવામાં આવશે. ઉદ્યોગ સાહસિકતાનો સમાજ અને અર્થવ્યવસ્થા પર પ્રભાવ પડે છે. કોઈ કારોબારના મુખ્ય કાર્યાત્મક ક્ષેત્ર કયા-કયા હોય



છે? એક કારગત બિઝનેસ પ્લાન કેવી રીતે તૈયાર કરવામાં આવે છે. ભારતમાં સ્ટાર્ટ અપની યાત્રાથી લઈને હાલના સમયમાં દેશની અર્થવ્યવસ્થામાં તેના યોગદાનની ભૂમિકાને પણ સામેલ કરવામાં આવ્યા છે. સરકારનું લક્ષ્ય રિસર્ચ, ઉદ્યોગ, સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ સાહસિકતાના ચાર સ્તંભોને એક મંચ પર લાવવાનો છે. નવી પાઠ્ય પુસ્તકમાં નાના-નાના ઉદાહરણથી લઈને મોટા બિઝનેસ પ્લાનના બારામાં સમજાવવામાં આવ્યું છે. બજારની ગતિવિધિને સમજવી, ઉપલબ્ધ અવસરોની ઓળખ કરવી, પફોર્મન્સનું આકલન કરવું અને સાચી યોજના બનાવવી કોઈપણ ઉદ્યોગની મહત્વની કડીઓ છે.

માટી અને ચૂનાથી બનેલું આ ઘર ગરમીમાં ઠંડું ને ઠંડીમાં ગરમ રહે છે



મોટા ભાગે માટીમાંથી બનેલું કાચું ઘર ઇકો-ફ્રેન્ડ્લી ઇફેક્ટ આપતું હોય છે. જોકે ઉત્તર પ્રદેશનના સીતાપુરમાં એક પાકું મકાન છે જે મજબૂત હોવાની સાથે સંપૂર્ણપણે ઇકો-ફ્રેન્ડ્લી છે. દ્વિજેન્દ્રનાથ નામના ભાઈનું આ ઘર છે જે ગરમીમાં ઠંડું રહે છે અને ઠંડીમાં ગરમ રહે છે. એ ઘરને નામ આપવામાં આવ્યું છે સૂર્ય છાયા. આ મકાનમાં સામાન્ય કરતાં ત્રીજા ભાગનાં સિમેન્ટ અને લોખંડના સળિયાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઘરની દીવાલો સ્થાનિક માટીમાંથી બનાવવામાં આવી છે અને એને મજબૂતી આપવા માટે ચૂનો ભેળવાયો છે. દીવાલો અને બારીબારણાંની ગોઠવણ એવી છે કે ગરમ હવા આપમેળે આરપાર નીકળી જાય છે. બારીઓમાં જાળી ગોઠવવામાં આવી છે જેથી કુદરતી પ્રકાશ રહે છે. બે વર્ષ પહેલાં આ ઘર બનાવવામાં આવેલું. બારી-બારણાંઓની દિશા અને સાઇઝને કારણે ઘરમાં કુદરતી પવન અને પ્રકાશ એટલો રહે છે કે વીજળીનો ઉપયોગ ખૂબ જ ઓછો થાય છે.

દીકરાને ગેમિંગની લત છોડાવવા જતાં ચાઇનીઝ મમ્મીને 60 વર્ષે લાગ્યો લાઇવ ગેમિંગનો ચસકો



ઝોન્ગ જુઆન્જુઆન નામની મહિલા ચાઈનીઝ ઑનલાઈન ગેમિંગ ઈન્ડસ્ટ્રીમાં લાડથી આન્ટી જુઆન તરીકે જાણીતાં છે. આન્ટી જુઆનને જુવાનીમાં જરાય કમ્પ્યુટર આવડતું નહોતું. ઈન ફૅક્ટ, તેઓ જ્યાં રહેતાં હતાં એ ગામમાં તો છેક હજી એક દાયકા પહેલાં સુધી ઈન્ટરનેટ માટે કૅફે પર જવું પડતું હતું. જોકે તેમનો દીકરો ગેમિંગનો જબરો શોખીન હતો. તેણે આખી જિંદગી છૂટક કામો કરીને માંડ ઘર ચલાવ્યું હતું. જોકે તેને પોતાના દીકરાની ગેમિંગની આદત બિલકુલ ગમતી નહોતી. તેને લાગતું હતું કે દીકરો ગેમ રમવામાં સમય બરબાદ કરી રહ્યો છે. દીકરો નાનો હતો ત્યારે તેનું ગેમિંગ છોડાવવા તેને ખૂબ પનિશમેન્ટ પણ કરી, પણ દીકરો સુધર્યો નહીં. ઊલટાનું દીકરાએ માને કહ્યું કે જો તારે છૂટક પાર્ટ-ટાઇમ કામોમાંથી છુટકારો જોઈતો હોય તો કમ્પ્યુટર શીખી જા. શરૂઆતમાં તો આન્ટી જુઆન ન માન્યાં, પણ ૨૦૨૦માં કોરોનાના સમયમાં બધું જ કામ ઠપ્પ થઈ ચૂક્યું હતું ત્યારે તેમણે દીકરા પાસેથી કમ્પ્યુટર શીખ્યું. ગેમ રમવાનું શરૂ કર્યું.

દિલ્હીમાં શરૂ થયેલી સૌથી જાડિયા ડૉગીની સ્પર્ધામાં વિનર બનેલો ડૉગ ખિતાબ મેળવતાં પહેલાં જ મરી ગયો



સપ્ટેમ્બર મહિનાના અંતમાં દિલ્હીમાં એક ઇન્ટાગ્રામ અકાઉન્ટ પરથી ‘ફેટ ડૉગ્સ ઑફ દિલ્હી’ ટાઇટલ સાથે શહેરના સૌથી જાડિયા અને જાણીતા ડૉગ માટેની સ્પર્ધા યોજાઈ હતી. એમાં કુલ ૬૪ ડૉગીઓએ ભાગ લીધો હતો. એમાં પ્રાણીપ્રેમીઓએ ઑનલાઇન વોટિંગ કરવાનું હતું. વોટિંગ માટે પહેલાં ૩૨ જોડીઓ તૈયાર કરવામાં આવેલી. એ જોડીઓમાંથી જેને વધુ લાઇક્સ મળી એ આગળના રાઉન્ડમાં વધ્યા. પહેલી ઑક્ટોબરે આ ઑનલાઇન સ્પર્ધામાં છેલ્લે બે ડૉગીઝ ફાઇનલ રાઉન્ડમાં બચ્યા હતા. એકનું નામ હતું ગુગુ અને બીજાનું નામ હતું ગોલા. ૭૫ કિલો વજન ધરાવતો ગોલા નામનો ડૉગી સૌથી વધુ મત સાથે જીતી ગયો હતો. જોકે કરુણતા એ હતી કે અઠવાડિયા સુધી લાંબી ચાલેલી આ સ્પર્ધા દરમ્યાન ડૉગીની તબિયત ખરાબ થતાં એ વિનર જાહેર થયો એ પહેલાં એનું મૃત્યુ થઈ ગયું હતું.

‘ટ્રમ્પને લાગે છે કે તે...’ ઈરાને હૃતિકના મીમથી અમેરિકી રાષ્ટ્રપતિ પર કટાક્ષ કર્યો

ભારતમાં ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા પર શેર કર્યો મીમ; ટ્રમ્પના ઈરાન અંગેના તાજેતરના નિવેદનો વચ્ચે પોસ્ટ વાયરલ



નવી દિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવની સ્થિતિ વચ્ચે ઈરાને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર કટાક્ષ કરવા માટે બોલિવૂડ અભિનેતા હૃતિક રોશનની ફિલ્મોના પાત્રો ધરાવતો મીમ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. ભારતમાં આવેલા ઈરાની દૂતાવાસના સત્તાવાર X એકાઉન્ટ પરથી આ મીમ પોસ્ટ કરવામાં આવ્યો હતો. મીમમાં હૃતિક રોશનની ત્રણ અલગ-અલગ ફિલ્મી ભૂમિકાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં એક તસવીર સાથે `How Trump feels he is’, બીજી સાથે `How his followers think he is’ અને ત્રીજી તસવીર સાથે `How Trump really is’ લખવામાં આવ્યું છે. આ રીતે ઈરાની દૂતાવાસે હૃતિકની ફિલ્મી છબીઓના માધ્યમથી ટ્રમ્પની પોતાની છબી અને અન્ય લોકોની નજરમાં તેમની છબી વચ્ચેનો વિરોધાભાસ દર્શાવવાનો પ્રયાસ કર્યો છે.

ઈરાન-અમેરિકા તણાવ વચ્ચે મીમ વૉર આ મીમ એવા સમયે શેર કરવામાં આવ્યો છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધ્યો છે. તાજેતરની ફ્લાયદુબઈ કોકપિટ હુમલાની ઘટનાને લઈને ટ્રમ્પે ઈરાનની સંભવિત સંડોવણી અંગે સવાલ ઉઠાવ્યા હતા અને જો ઈરાનની સંડોવણી સાબિત થશે તો તેની સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. ઈરાની દૂતાવાસ દ્વારા શેર કરવામાં આવેલા આ મીમને કારણે સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ છે. આંતરરાષ્ટ્રીય રાજદ્વારી તણાવ વચ્ચે રાજકીય સંદેશાઓ માટે સોશિયલ મીડિયા મીમનો ઉપયોગ પણ હવે ચર્ચાનો વિષય બની રહ્યો છે.

296 કુતરાઓએ મળીને કરી પૂલ-પાર્ટી, બન્યો ગિનેસ વર્લ્ડ રેકોર્ડ



ન્યુયોર્ક: અમેરિકાના નેવાડામાં એક અનોખી પૂલ-પાર્ટી થઈ. એમાં માત્ર માણસો જ નહીં, પાળેલા શ્વાનોએ પણ ભાગ લીધો હતો. કાઉબુંગા વેગસ નામના વૉટર પાર્કમાં યોજાયેલી પૂલ-પાર્ટીમાં ખાસ ડૉગીઝ માટે વેવ-પૂલ અને સ્પ્લેશ પેડ તૈયાર કરવામાં આવ્યું હતું. આ પુલમાં 296 કુતરાઓએ એક સાથે વેવ-પૂલમાં ભાગ લઈને ગીનેસ વર્લ્ડ રેકોર્ડ રચ્યો હતો. આ કોઈ ટાઈમપાસ એકટીવીટી નહોતી. અમેરિકામાં ઓકટોબરના પહેલા વીકમાં નેશનલ ડોગ વીક મનાવાય છે. આ ઈવેન્ટ થકી પૈસા એકત્ર કરીને રખડતા અને બીમાર કુતરાઓ માટે ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું. આ પૈસાથી લાવારિસ કુતરાઓને નવા દત્તક પેરન્ટસ સાથે મળાવવાનું કામ થશે.

રશિયા-યુક્રેન, ઈરાન-અમેરિકાના યુદ્ધનો અંત નથી આવ્યો ત્યાં... વિશ્વમાં વધુ એક યુદ્ધના એંધાણ : હુથી પર હુમલાનો સાઉદીનો પ્લાન



દુબઈ : રશિયા-યુક્રેન, ઈરાન-અમેરિકા વચ્ચે ચાલતા યુદ્ધોનો હજુ અંત નથી આવ્યો ત્યાં વિશ્વમાં વધુ એક યુદ્ધના એંધાણ વર્તાઈ રહ્યા છે. અમેરિકા-ઈરાનના યુદ્ધના કારણે હોર્મુઝ સ્ટ્રેટ બંધ જેવી સ્થિતિમાં છે.

ત્યારે યમનમાં હુથી વિદ્રોહીઓએ બાબ-અલ-મંદેબ સ્ટ્રેટ પર કબજો જમાવી દીધો છે ત્યારે હુથી અને સાઉદી અરબ વચ્ચે વધુ એક મહાયુદ્ધના એંધાણ વર્તાઈ રહ્યા છે. બીજી બાજુ પાકિસ્તાને હુથીઓ સામે લડવા સાઉદી અરબને 40 હજાર સૈનિકો મોકલ્યા છે.

દુનિયાના ઓઇલ અને આંતરરાષ્ટ્રીય વ્યાપારની સપ્લાય ચેઈન પર બેતરફી સંકટ ઊભું થયું છે. એક તરફ ઈરાન સાથેના તણાવ અને યુદ્ધના કારણે હોર્મુઝ સ્ટ્રેટ લગભગ બંધ જેવી સ્થિતિમાં છે.

તો બીજી તરફ યમનમાં હૂથી વિદ્રોહીઓએ બાબ-અલ-મંદેબ સ્ટ્રેટ પર કબજો જમાવી લીધો છે. વૈશ્વિક દરિયાઈ વેપારના આ બંને અત્યંત મહત્ત્વપૂર્ણ માર્ગો પર સર્જાયેલા ગંભીર સંકટ વચ્ચે હવે સાઉદી અરેબિયાએ હૂથીઓ સામે સૈન્ય કાર્યવાહીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

વૈશ્વિક અહેવાલો મુજબ, સાઉદી અરેબિયા હૂથીઓ વિરુદ્ધ હુમલો કરવા માટે બે મુખ્ય વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે. પ્રથમ વિકલ્પ બાબ-અલ-મંદેબની આસપાસના તટીય વિસ્તારોને હૂથીઓ પાસેથી મુક્ત કરવાનો છે, જ્યારે બીજો વિકલ્પ યમનના અનેક મોરચે એકસાથે સૈન્ય અભિયાન શ કરવાનો છે.

આ અભિયાનમાં સાઉદી અરેબિયા પોતાના સૈનિકોને જમીની યુદ્ધમાં સીધા નહીં મોકલે, પરંતુ યમનની 1 લાખથી વધુ સૈનિકોની સેનાને મેદાનમાં ઉતારવામાં આવશે અને સાઉદી અરેબિયા તેમને હવાઈ હુમલાઓ દ્વારા સમર્થન પૂરું પાડશે.

આ સમગ્ર ઘટનાક્રમમાં પાકિસ્તાનની ભૂમિકા પણ મહત્ત્વપૂર્ણ બની છે. તાજેતરના સંરક્ષણ કરારો બાદ પાકિસ્તાને સાઉદી અરેબિયામાં 30થી 40 હજાર સૈનિકો તૈનાત કર્યા છે, જેઓ ત્યાંની જમીની સરહદોની સુરક્ષા અને ડ્રોન-મિસાઇલ હુમલાઓને રોકવામાં મદદ કરી રહ્યા છે. આ સાથે પાકિસ્તાને અદન બંદરે એર ડિફેન્સ સિસ્ટમ, નાની તોપો અને ડ્રોન પણ મોકલ્યા છે.

બાબ-અલ-મંદેબ એ ભૂમધ્ય સાગર અને એશિયા વચ્ચેના દરિયાઈ વેપારનો અત્યંત મહત્ત્વપૂર્ણ રસ્તો છે. હોર્મુઝ માર્ગમાં અવરોધ સર્જાયા પછી તેની અગત્યતા વધુ વધી ગઈ છે. સાઉદી અરેબિયાનું માનવું છે કે જ્યાં સુધી આ મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ પર હૂથીઓનું નિયંત્રણ રહેશે, ત્યાં સુધી તેમની સાથે શાંતિ મંત્રણા શ કરવી મુશ્કેલ બનશે.

વરસાદ પછી પણ સુકાઈ રહી છે વિશ્વની નદીઓ



પેન્સિલવેનિયા : સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જો કોઈ વિસ્તારમાં વરસાદ અને બરફવર્ષા વધુ થશે તો ત્યાંની નદીઓમાં પણ પાણી વધશે. એક નવા અભ્યાસમાં સામે આવ્યું છે કે એવું હંમેશાં થતું નથી. પહેલાની સરખામણીમાં વધુ વરસાદ અને બરફવર્ષા થયા પછી પણ નદીઓમાં વહેતાં પાણીની માત્રા ઘટી રહી છે. અમેરિકાની પેન્સિલવેનિયા સ્ટેટ યુનિવર્સિટીનાં સંશોધકોએ 1951 થી 2020 વચ્ચે વિશ્વનાં 10 હજારથી વધુ નદી સ્ત્રોતોમાં વરસાદ અને નદીનાં વહેણ સાથે જોડાયેલા આંકડાઓનો અભ્યાસ કર્યો. એક-તૃતીયાંશ નદીઓમાં વરસાદ કે બરફવર્ષામાં થયેલાં ફેરફાર અને નદીમાં પાણીનાં વહેણ વચ્ચે સીધો સંબંધ નહોતો. અભ્યાસ મુજબ, આજે 10 ટકાથી વધુ નદીઓનું વહેણ ભારે વરસાદ પછી પણ ઘટ્યું છે. આનું એક મોટું કારણ બદલાતું જળવાયું ચક્ર છે. તાપમાન વધવાની સાથે પાણીનાં ચક્રમાં ફેરફાર થઈ રહ્યો છે. કેટલીક જગ્યાઓ પર વરસાદ ખૂબ જ ઝડપી અને ઓછા સમયમાં થવા લાગ્યો છે, જ્યારે બીજી જગ્યાઓ પર દુષ્કાળની સ્થિતિ વધી રહી છે. વળી, વધતાં તાપમાનના કારણે બાષ્પીભવન પણ વધુ થઈ શકે છે, જેથી પાણીનો મોટો હિસ્સો વાતાવરણમાં પાછો જતો રહે છે. નદીમાં પહોંચતાં પાણી પર માટી, ઝાડ-છોડ અને ભૂગર્ભ જળ જેવા અન્ય ઘણાં પરિબળોની પણ અસર પડે છે.

હાઈજેકીંગમાં ઈરાનનું ષડયંત્ર! મોટા હુમલાની ડોનાલ્ડ ટ્રમ્પની ધમકી



વોશિંગ્ટન: ફલાઈ દુબઈ એરલાઈન્સના વિમાનના કહેવાતા હાઈજેકીંગ મુદે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હવે આ સ્થિતિ માટે ઈરાનને જવાબદાર ગણાવ્યું છે અને તેઓએ દાવો કર્યો કે આ તપાસ ચાલુ છે પરંતુ મને જે જાણકારી મળી છે તે ઈરાનને ષડયંત્ર રચ્યુ હોઈ શકે છે. તેમણે કહ્યું કે, જો ઈરાન આ હાઈજેકીંગ માટે જવાબદાર ઠરશે તો બહુ જોરદાર હુમલો કરવામાં આવશે. ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહુએ પણ વિમાનનો સહપાઈલોટ કટ્ટરવાદી હતો અને સ્યુસાઈડ મીશન પર હતો તેવો દાવો કર્યો છે. તે વચ્ચે ટ્રમ્પનું નિવેદન મહત્વનું છે. અમેરિકા આ ઉપરાંત મધ્યપુર્વમાં વધુ એક જહાજી બેડાને મોકલી રહ્યું છે તેમાં 9 હજારથી વધુ સૈનિકો છે. યુએસએસ થિયોડોર રૂઝવેલ્ટ એક કેરિયર્સ સ્ટ્રાઈક ગ્રુપ છે તેની સાથે અનેક અમેરિકી યુદ્ધ જહાજો પણ સામેલ છે. આમ આક્ષેપોનો દૌર શરુ થઈ ગયો છે અને તેના કારણે આગામી દિવસોમાં તનાવ વધે તેવી શકયતા છે. જો કે હજુ સુધી પાઈલોટના ઈરાદા અંગે કોઈ સ્પષ્ટ સ્થિતિ બની નથી અને તેથી આ સમગ્ર હાઈજેકીંગને ઈરાન યુદ્ધ સાથે જોડવાના કોઈ પુરાવા પણ મળ્યા નથી.

ઓમાનમાં વિમાન ઉડાડવા પર પ્રતિબંધ છતા ફલાય દુબઈમાં જોડાવામાં સફળ રહ્યો

ફલાય દુબઈનો પાઈલોટ હમામ અલહામામી 'આતંકી' વિચારધારાનો

ઓળખ જાહેર : એર ઓમાને તેની કટ્ટરવાદી વિચારધારાના કારણે ફલાઈંગ - ડ્યુટી પરથી દુર કર્યા છતા ફલાય દુબઈએ સ્વીકાયા, સીરિયા જઈ પેલેસ્ટાઈની ગ્રુપ સાથે જોડાયો હતો : વિમાનને ક્રેશ કરવા જ કોકપીટમાં હુમલો કર્યો હતો



દુબઈ: ફલાય દુબઈના તેલઅવીવ જઈ રહેલા 176 મુસાફરો તથા ક્રુ મેમ્બર સાથેના વિમાનને હાઈજેક કરી તેનો 9/11 જેવા હુમલાથી લોકોના જીવન હોવાની નિષ્ફળ કોશીશ કરનાર પાઈલોટની ઓળખ જાહેર થઈ છે અને તે કટ્ટરવાદી વિચારધારા ખાસ કરીને યહુદી વિરોધી હોવાનું જાહેર થયું છે તથા તમામ સુરક્ષા માપદંડો છતા પણ તે આ પ્રકારે વિમાની પાઈલોટ બની આતંકી હુમલો કરવા સુધી પહોંચી ગયો હતો તે પણ ખુલ્લુ થયુ છે.

આ પાઈલોટનું નામ હમામ અલહામામી હોવાનું સાઉદી સતાવાળાઓએ જાહેર કર્યુ છે તથા એ પણ પુષ્ટી થઈ હતી કે તેના પર પહેલા ઓમાનમાંજ વિમાનના પાઈલોટ તરીકે પ્રતિબંધીત હતો અને તેણે ઓમાન છોડી પોતાના માટે સમય કટ્ટરવાદી ક્ષેત્ર સીરીયામાં વિતાવ્યા હતા. અહી કટ્ટરપંથી પ્રભાવમાં આવીને બાદમાં યુએઈમાં વસી ગયો હતો તથા હજુ ગત વર્ષે જ ઓમાનના સતાવાળાઓએ તેને દેશની એરલાઈન-ઓમાન એર એ પણ તેની કટ્ટરવાદી વિચારધારાથી તેને ટ્રેનરમાંથી પણ દુર કર્યો હતો અને તેને નોન-ફલાઈંગ ડ્યુટી સોંપાઈ હતી છતા પણ તે ખાસ કરીને તેલઅવીવ જતા ફલાય દુબઈની ફલાઈટના પાઈલોટ તરીકે સફળ રહ્યા તે સૌથી મોટી તપાસનો વિષય છે તેના સામાનથી 'ફ્રી પેલેસ્ટાઈન'ના પેમ્ફલેટ તથા સાહિત્ય મળ્યુ છે અને તે પોતે પેલેસ્ટાઈનનો કટ્ટર સમર્થક હતો તે પણ નિશ્ચિત થયુ છે તથા જાહેરમાં ઈઝરાયેલ વિરોધી વર્તન કરતો હતો.

ખાસ કરીને તેને તેલઅવીવ કે ઈઝરાયેલ જતી ફલાઈટમાં પાઈલોટ તરીકે મંજુરી કોણે આપી તે પ્રશ્ન છે. ઓમાન અને ઈઝરાયેલ વચ્ચે કોઈ રાજદ્વારી સંબંધો નથી. તેથી મામલો વધુ પેચીદો બનશે. ઈઝરાયેલની સુરક્ષા એજન્સીઓ પોલાદ, શીન બેટ તથા સેના ગુપ્તચર વિંગ તેની તપાસ કરી રહી છે.

હમામ અલહામામી મૂળ ઓમાનનો નાગરિક છે. તેનો જન્મ યુએઈમાં થયો અને તેના માતા સિરિયાઈ તથા પિતા ઓમાની છે. તે ફરી આઠ મહિના પુર્વે જ ફલાય દુબઈમાં જોડાયેલો હતો અને અગાઉ તે મોરક્કોની એરલાઈનમાં કામ કરતો હતો અને હાલ તે યુએઈની કસ્ટડીમાં છે. તા.30ની ઘટનામાં હવે આતંકી કનેકશન નિશ્ચિત થઈ ગયુ છે અને તેથી આ પ્રકરણમાં ઈઝરાયેલ મધ્યપુર્વમાં વધુ આક્રમક બનશે.

તપાસ હવે ફલાઈ દુબઈમાં કેન્દ્રીત : પ્રતિબંધ હોવા છતાં કેમ હમામને તેલઅવીવની ડ્યુટી સોંપાઈ!

ઓમાની પાઈલોટ યાદવ કોણ હતું! ઈઝરાયેલની ત્રણ-ત્રણ જાસૂસી એજન્સીઓએ તપાસ શરૂ કરી

દુબઈ: ફલાય દુબઈ પાઈલોટ હમામ અલહમામી કટ્ટરવાદી વિચારધારાનો હોવાનું જાહેર થતા જ તે કઈ રીતે તમામ સુરક્ષા વ્યવસ્થાને છેતરી તેલઅવીવ જતા વિમાનનું સંચાલન માટે પહોંચવામાં સફળ રહ્યો અને તેની પાછળ હવે ફલાય દુબઈ એ તપાસનું કેન્દ્ર બની છે. તેના પર ઓમાનમાં કોઈપણ પ્રકારે વિમાન ઉડાડવા પર પ્રતિબંધીત હતો તેમાં કટ્ટવાદી વિચારધારા જ જવાબદાર હતી છતાં મોરક્કોની એરલાઈનમાં પણ પાઈલોટ તરીકે નોકરી કરી આવ્યો.

પછી યુએઈમાં પરત આવી ફલાય દુબઈમાં છેલ્લા આઠ માસથી જોડાયો હતો તથા ઈઝરાયેલ જતા વિમાનમાં કોઈ સાઉદી કે યુએઈના કે ઈઝરાયેલ જે પ્રતિબંધીત કર્યા છે તે નાગરિક વિમાનોમાં પાઈલોટ તરીકે ઈઝરાયેલ આવતા વિમાનો લઈ આવવા પર પ્રતિબંધ છે છતા ફલાય દુબઈમાં કોણે આ જવાબદારી સોંપી તે પણ પ્રશ્ન છે. ઈઝરાયેલના ત્રણ ત્રણ જાસૂસી એજન્સી મોસાદ-શીન બેટ તથા આર્મી ઈન્ટેલીજન્સ હવે આ તપાસમાં જોડાઈ છે.

મધ્ય પૂર્વમાં વકરતું સંકટ હોર્મુઝમાં ઓઇલ ટેન્કર પર મિસાઇલ હુમલો : 5 ભારતીયોને બચાવાયા

તહેરાન : મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈરાન યુધ્ધથી સર્જાયેલું ટેન્શન અટકવાનું નામ નથી લેતું અને તનાવ વધારતા નવા-નવા ઘટનાક્રમો સર્જાય રહ્યા છે. હવે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા કુવૈતી ઓઈલ ટેન્કર પર મીસાઈ હુમલો થયો હતો તેમાં પાંચ ભારતીયો પણ સવાર હતા. જો કે, ભારતીય નાગરિકો હેમખેમ છે. ભારતીય મિશન તથા ઓમાનના સંયુક્ત પ્રયાસોથી રેસ્ક્યૂ કરીને કિનારે લાવવામાં આવ્યા હતા.

અહેવાલો અનુસાર, કુવૈતનો ધ્વજ ધરાવતું અને ક્રૂડ ઓઈલ લઈને ટોગોના લોમે બંદર તરફ જઈ રહેલું ટેન્કર 'એમટી કાઝીમા-3' હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તેના પર મિસાઈલ વડે હુમલો કરાયો હતો. હુમલાના કારણે ટેન્કરને નુકસાન પહોંચ્યું હતું, જોકે જહાજ પર સવાર તમામ પાંચેય ભારતીયોને આબાદ બચાવી લેવાયા છે. ઓમાનની રાજધાની મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર માહિતી આપતાં જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટમાં હુમલાનો ભોગ બનેલા કુવૈતી ટેન્કર પરના પાંચેય ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢીને શનિવારે કિનારે લાવવામાં આવ્યા છે. ભારતીય મિશને આ બચાવ કામગીરીમાં મહત્વપૂર્ણ સહયોગ આપવા બદલ ઓમાનનો આભાર માન્યો હતો.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તાજેતરમાં મીડિયા બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, 'આ વિસ્તારમાં કાર્યરત વ્યાપારી જહાજોમાં 4,500થી વધુ ભારતીય ખલાસીઓ સેવા આપી રહ્યા છે. જેમાંથી 12 સક્રિય કાર્ગો જહાજોમાં 163 ભારતીય ખલાસીઓ તહેનાત છે.

આ 12 જહાજો પૈકી 6 ભારતીય ધ્વજવાળા અને 6 વિદેશી ધ્વજવાળા જહાજો છે જે ભારત માટે માલસામાનનું પરિવહન કરી રહ્યા છે. પર્શિયન ગલ્ફ અને દરિયાઈ માર્ગો પર વધતા સુરક્ષા જોખમો વચ્ચે ભારત સરકાર પોતાના તમામ નાગરિકો અને ખલાસીઓની સુરક્ષા પર સતત નજર રાખી રહી છે.'



‘સ્મિત મચ્છરને ક્યારેય નહીં ભૂલે ઈઝરાયેલ’, ભારતનાં હીરો માટે મોટા સન્માનની જાહેરાત

ઈઝરાયેલમાં મળશે કેપ્ટન સ્મિત મચ્છરને ખાસ સન્માન : ‘ભારતનાં હીરો’ માટે ઈઝરાયેલી રાજદૂત રૂવેન અઝારેનું મોટું નિવેદન

નવી દિલ્હી તા, 3 : કેપ્ટન સ્મિતે કુહાડીના અનેક વાર સહ્યાં પરંતુ તેમ છતાં 174 લોકોનાં જીવ બચાવ્યાં અને એક મોટો આતંકી હુમલો ટાળી દીધો. તેમની આ જાંબાઝી પર ભારતમાં ઈઝરાયેલના રાજદૂત રૂવેન અઝારે તેમને ’ભારતનાં મહાન હીરો’ ગણાવ્યાં છે. તેમણે જાહેરાત કરી કે ઈઝરાયેલ આ મદદને ક્યારેય નહીં ભૂલે અને કેપ્ટન સ્મિતને પોતાનાં દેશમાં ખાસ સન્માન આપશે. 174 ઈઝરાયેલીઓને બચાવવા માટે પોતાનો જીવ દાવ પર લગાવનારા ભારતીય મૂળનાં કેપ્ટન સ્મિત મચ્છરની દુનિયાભરમાં વાહ-વાહી થઈ રહી છે. ઈઝરાયેલમાં તો સામાન્ય નાગરિકોથી લઈને સરકાર સુધી દરેક વ્યક્તિ સ્મિતની બહાદુરીના ગુણગાન ગાઈ રહી છે. અને તેમનાં વહેલામાં વહેલી તકે સાજા થવાની પ્રાર્થનાઓ કરી રહી છે. હાલમાં જ ઈઝરાયેલી રાજદૂત રૂવેન અઝારે એક મોટી જાહેરાત કરી છે. તેમણે કેપ્ટન સ્મિતને ‘ભારતના મહાન હીરો’ ગણાવતાં કહ્યું છે કે ઈઝરાયેલ આ ઉપકારને ક્યારેય નહીં ભૂલે અને તેમને પોતાનાં દેશમાં વિશેષ રૂપે સન્માનિત કરશે.



હવામાં કેવી રીતે ટળ્યો મોટો અકસ્માત? જાણો તે ખૌફનાક મંજરની પૂરી કહાની

ફ્લાયદુબઈની આ ફ્લાઈટમાં આશરે 174 મુસાફરો સવાર હતાં અને કોકપિટની અંદર ઓમાની પાઈલોટે ભારતીય પાઈલોટ પર હુમલો કરી દીધો. તેણે પ્લેનને ક્રેશ કરવાનાં ઈરાદાથી નીચેની તરફ નમાવી દીધું. કેપ્ટન સ્મિતને રોકવા માટે ઓમાની પાઈલોટે તેમનાં પર કુહાડીથી અનેક વાર કર્યા પરંતુ લોહી વહેતું હોવા છતાં સ્મિતે કોકપિટનો દરવાજો ખોલી નાખ્યો.તેમણે આવું કરવાથી બહાર હાજર મુસાફરો અને ક્રૂ મેમ્બર્સને કોકપિટની અંદર આવવાનો મોકો મળી ગયો. ત્યારબાદ મુસાફરો અને ક્રૂએ મળીને તે હુમલાખોરને પકડી પાડ્યો અને તેના પર કાબૂ મેળવી લીધો. જ્યારે હુમલાખોરને પકડી લેવામાં આવ્યો, ત્યારે પ્લેનમાં હાજર બીજા પાઈલોટે ફ્લાઈટનું કંટ્રોલ પોતાનાં હાથમાં લીધું અને મુસાફરોની સુરક્ષિત લેન્ડિંગ કરાવી. જો કેપ્ટન સ્મિત તે સમયે ગભરાઈ ગયા હોત અથવા કોકપિટનો દરવાજો ખોલવાની હિંમત ન દાખવી હોત, તો મોટો અકસ્માત થઈ શક્યો હોત. તેમની આ જ સૂઝબૂઝે 174 નિર્દોષ લોકોના જીવ બચાવી લીધાં.

> ‘ઈઝરાયેલ આ ઉપકારને ક્યારેય નહીં ભૂલે’

ભારતમાં ઈઝરાયેલના રાજદૂત રૂવેન અઝારે કેપ્ટન સ્મિત મચ્છરની દિલ ખોલીને પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે ઈઝરાયેલના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, સંસદનાં અધ્યક્ષ અને ત્યાંની પૂરી જનતા કેપ્ટન સ્મિતની ખૂબ જ આભારી છે. રૂવેન અઝારે તેમને ‘ભારતના એક મહાન નાયક’ ગણાવ્યા. રાજદૂતે કહ્યું, ‘જે લોકો સંકટના સમયે ઈઝરાયેલ અને તેના લોકોની મદદ કરે છે, ઈઝરાયેલ તેમને ક્યારેય નથી ભૂલતું. હું તમને પૂરો વિશ્વાસ અપાવું છું કે કેપ્ટન સ્મિતને ઈઝરાયેલમાં વિશેષ રૂપે સન્માનિત અને યાદ કરવામાં આવશે. મને તેમાં કોઈ શંકા નથી’. અઝારે આગળ કહ્યું કે કેપ્ટન સ્મિતે પોતાની શાંતિ, મજબૂત ઈરાદા અને લાંબા અનુભવથી એ સાબિત કરી દીધું છે કે જો દાનત સાફ હોય અને હિંમત સાથે હોય, તો આતંકવાદ અને ડરને હરાવી શકાય છે.

કેપ્ટન સ્મિતના કારણે ઉજવણી કરી રહ્યાં છીએ

ઈઝરાયેલના કોન્સલ જનરલ યાવિન રેવાચે કહ્યું કે કેપ્ટન સ્મિતે એક સુપરહીરોની જેમ જાન જોખમમાં મૂકીને લોકોના જીવ બચાવ્યાં છે. આ બહાદુરીએ એક વાર ફરી દુનિયા સામે ભારત-ઈઝરાયેલની મજબૂત મિત્રતાનું ઉદાહરણ રજૂ કર્યું છે. ઈઝરાયેલના પૂર્વ વિદેશ મંત્રીએ કહ્યું કે તેમણે કેપ્ટન સ્મિતને પ્રાઈમ મિનિસ્ટર મોદી સાથે વાત કરતા જોયા તો તેમનું પણ દિલ ભરાઈ આવ્યું. ઈઝરાયેલમાં ભારતનાં એમ્બેસેડર જે.પી. સિંહે કહ્યું કે આપણે જે ઉજવણી કરી રહ્યાં છીએ તો તેનું કારણ માત્ર ને માત્ર સુપરહીરો કેપ્ટન સ્મિત મચ્છર છે.

શું ‘અબ્રાહમ એકોર્ડ્સ’ને તોડવાનું હતું કાવતરું? આતંકી હુમલાની શંકા

આ હુમલા પાછળનો અસલી મકસદ શું હતો, તેના પર હજુ સુધી કોઈ આખરી નિર્ણય નથી આવ્યો, પરંતુ તેના સમયને લઈને અનેક મોટા સવાલો ઊભા થઈ રહ્યાં છે. રાજદૂત રૂવેન અઝારના જણાવ્યા અનુસાર, આ ઘટના 7 ઓક્ટોબરની વર્ષગાંઠથી બરાબર પહેલા થઈ છે. 7 ઓક્ટોબરની તારીખ ઈઝરાયેલના ઈતિહાસમાં ખૂબ સંવેદનશીલ માનવામાં આવે છે, તેથી આ પાસાની પણ ઊંડાઈથી તપાસ કરવામાં આવી રહી છે. રૂવેન અઝારે શંકા વ્યક્ત કરી કે આ હુમલો ઈઝરાયેલ અને અરબ દેશો વચ્ચે થયેલાં ‘અબ્રાહમ એકોર્ડ્સ’ને નબળો કરવાનું એક કાવતરું હોઈ શકે છે. જણાવવામાં આવે છે કે ફ્લાયદુબઈ દરરોજ સંયુક્ત અરબ અમીરાત (UAE) અને ઈઝરાયેલ વચ્ચે આશરે 10 ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. રાજદૂતે કહ્યું કે જ્યારે પણ ઈઝરાયેલ અને અરબ દુનિયા વચ્ચે પરસ્પર સહયોગ વધે છે અને સંબંધો સુધરે છે, ત્યારે કેટલાક અસામાજિક તત્વો આ શાંતિને ભંગ કરવાનો પ્રયાસ કરે છે. જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે આવી તાકાતો ક્યારેય પોતાના મનસૂબામાં સફળ નહીં થઈ શકે.

બ્લેક બોક્સ અને હુમલાખોરની પૂછપરછથી ખુલશે રહસ્ય

રાજદૂત અઝારે એ વાત પર ભાર મૂક્યો કે અત્યારે કોઈ અંતિમ પરિણામ પર પહોંચવું ઉતાવળ ગણાશે. હુમલાખોરે આ પગલું કેમ ભર્યું, તેનો સાચો જવાબ પૂરી તપાસ પ્રક્રિયા પછી જ સામે આવશે.

હુમલાખોરની પૂછપરછ : પોલીસ અને તપાસ એજન્સીઓ હુમલાખોરની કડક પૂછપરછ કરી રહી છે જેથી તેના નેટવર્ક અને ઈરાદાની ખબર પડી શકે.

બ્લેક બોક્સની તપાસ : પ્લેનના બ્લેક બોક્સની રેકોર્ડિંગને ધ્યાનથી તપાસવામાં આવી રહી છે જેથી ઘટના સમયે કોકપિટની અંદર અને બહારની પૂરી સચ્ચાઈ સામે આવી શકે.

સાક્ષીઓના નિવેદન : પ્લેનમાં હાજર મુસાફરો અને ક્રૂ મેમ્બર્સના નિવેદન નોંધવામાં આવી રહ્યાં છે.

અઝારે એ પણ સ્પષ્ટ કર્યું કે ઈઝરાયેલ પાસે આ હુમલા સાથે જોડાયેલી કોઈ પૂર્વ ગુપ્ત માહિતી નહોતી. જોકે, જે રીતે હવામાં મુસાફરોના જીવ લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો, તેનાથી એ સ્પષ્ટ દેખાય છે કે આ એક સમજી વિચારીને બનાવેલું કાવતરું એટલે કે આતંકી હુમલા જેવું જ જણાય છે. તેમણે કહ્યું કે આવી ઘટના પહેલાં ક્યારેય જોવા મળી નહોતી, તેથી દરેક પાસાને ખૂબ ઝીણવટથી ચકાસવામાં આવી રહ્યાં છે.

માસૂમ બાળકીની સૂઝબૂઝથી બચ્યા 174 લોકોના જીવ ફ્લાયદુબઈની ફ્લાઈટ FZ1073 દુબઈથી તેલ અવીવ જઈ રહી હતી અને વિમાન આકાશમાં હજારો ફૂટની ઊંચાઈ પર હતું ત્યારે મુસાફરોને અંદાજ પણ નહોતો કે આગળની ક્ષણો અત્યંત ભયાનક બની જશે. આ દરમિયાન ઓમાનના રહેવાસી સહ-પાયલટે ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છર પર કુહાડી વડે કથિત હુમલો કરી દીધો. હુમલાને કારણે વિમાનના નિયંત્રણ પર ગંભીર સંકટ ઊભું થઈ ગયું હતું. વિમાનમાં 174 મુસાફરો સવાર હતા. દરમિયાન, વિમાનમાં સવાર 6 વર્ષની બાળકી નીના માનેસને કોકપિટમાંથી અવાજો સંભળાયા. નીનાએ તેની માતા તાલીને વિમાનના આગળના ભાગે આવેલા શૌચાલયમાં લઈ જવા કહ્યું હતું. બંને જ્યારે કોકપિટ નજીક પહોંચ્યાં ત્યારે અંદરથી અચાનક ચીસો અને સંઘર્ષના અવાજો સંભળાયા. તાલીએ અંદર ઝાંખીને જોયું તો કોકપિટમાં લોહી દેખાયું અને અંદર મારામારી ચાલી રહી હતી.

નીનાની ચીસ સાંભળીને તેના પિતા ત્રિવિકા માનેસ અને અન્ય બે મુસાફરો ઘટનાની ગંભીરતા સમજીને તરત જ કોકપિટ તરફ દોડ્યા. તેમણે હુમલાખોર સહ-પાયલટને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો. હુમલામાં ગંભીર રીતે ઘાયલ હોવા છતાં કેપ્ટન સ્મિત મચ્છરે અંદરથી કોકપિટનો દરવાજો ખોલી આપ્યો, જેથી મુસાફરો અંદર પહોંચી શક્યા અને સહ-પાયલટને સફળતાપૂર્વક કાબૂમાં લઈ લેવાયો. આ રીતે 6 વર્ષની માસૂમ બાળકીની સમયસૂચકતાથી મોટો અકસ્માત ટળ્યો.

કેપ્ટન સ્મિતની દિલેરી પર તેના સાળા અનિત જોગીનો ખુલાસો

મુશ્કેલ પરિસ્થિતિઓ સામે લડવાની ક્ષમતાથી પરિવાર પહેલેથી જ પરિચિત

ફ્લાયદુબઈ વિમાનમાં કોકપિટ હુમલા બાદ ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરની અદભુત બહાદુરીના ચારેય તરફ વખાણ થઈ રહ્યાં છે. સ્મિતની પત્ની સોનલના ભાઈ અનિત જોગીએ જણાવ્યું હતું કે, આ ઘટનાના વીડિયો જોઈને સમગ્ર પરિવાર અત્યંત ભાવુક થઈ ગયો હતો.

તેમણે ખુલાસો કર્યો કે ગંભીર રીતે લોહીલુહાણ થવા છતાં સ્મિતે ધૈર્ય જાળવી રાખીને કોકપિટનો દરવાજો ખોલ્યો હતો. હાલમાં પરિવારનો સ્મિત સાથે સીધો સંપર્ક થઈ શક્યો નથી અને તેમને પણ ઘટનાક્રમ તથા સ્મિતની સ્થિતિ અંગેની મોટાભાગની માહિતી મીડિયા અહેવાલો દ્વારા જ મળી રહી છે.

વાતચીત દરમિયાન અનિત જોગીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સ્મિત સાથે કરવામાં આવેલી વાતચીતનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીએ જે લાગણી સાથે જે અંદાજમાં સ્મિત સાથે વાત કરી, તેનાથી મુશ્કેલ સમયમાં પરિવારને ખૂબ મોટો સંતોષ અને પોતાનાંપણું અનુભવાયું હતું. આ સંવાદ જોઈને પરિવારના તમામ સભ્યો ખૂબ ખુશ થયા હતા અને આ ભાવનાત્મક ક્ષણે તેમને દેશભરમાંથી મળી રહેલા સમર્થનથી મોટો નૈતિક આધાર મળ્યો છે.

અનિતે વધુમાં ઉમેર્યું કે પરિવાર સ્મિતને વર્ષોથી જાણે છે, તેથી આવી ગંભીર અને વિષમ પરિસ્થિતિઓમાં પણ તેમનું ધૈર્ય, માનસિક સંતુલન અને ઝડપી નિર્ણયશક્તિ પરિવાર માટે સહેજ પણ આશ્ચર્યજનક નથી. સ્મિતમાં મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાનો આત્મવિશ્વાસ પહેલેથી જ રહ્યો છે. હાલમાં સમગ્ર પરિવાર તેમનાં સંપૂર્ણ સ્વસ્થ થવાની અને રૂબરૂ મળવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો છે તથા તેમની આ દિલેરી પર સમગ્ર પરિવાર ગર્વ અનુભવી રહ્યો છે.

કેપ્ટન સ્મિત મચ્છરને રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર આપવા ‘ફેડરેશન ઓફ ઈન્ડિયન પાઈલટ્સ’ની પ્રધાનમંત્રી મોદીને અપીલ

હવામાં સર્જાયેલી ગંભીર કટોકટી દરમિયાન અદભુત સાહસ અને અસાધારણ બહાદુરી દર્શાવવા બદલ ફ્લાયદુબઈના ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરને સર્વોચ્ચ રાષ્ટ્રીય વીરતા પુરસ્કારથી સન્માનિત કરવા માટે ‘ફેડરેશન ઓફ ઈન્ડિયન પાઈલટ્સ’ (FIP) દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખવામાં આવ્યો છે. ગત 30 સપ્ટેમ્બરના રોજ દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાઈટ FZ1073 દરમિયાન કો-પાઈલટે ક્રાશ કુહાડી વડે કરેલા હુમલામાં કેપ્ટન સ્મિત ગંભીર રીતે ઘાયલ થયા હતા. આવી અત્યંત જીવલેણ અને વિકટ પરિસ્થિતિમાં પણ તેમણે પાયલટ-ઈન-કમાન્ડ તરીકેની પોતાની જવાબદારી નિભાવીને વિમાન પરનું નિયંત્રણ જાળવી રાખ્યું હતું અને 174 મુસાફરો તથા 8 ક્રૂ મેમ્બર્સના જીવ બચાવીને પ્લેનનું સાઉદી અરેબિયાના તબૂક ખાતે સુરક્ષિત ડાઈવર્ઝન કરાવ્યું હતું.

પાઈલટ્સ સંસ્થા FIPએ પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)ને વિનંતી કરી છે કે ગંભીર વ્યક્તિગત જોખમ અને ઈજાઓ વચ્ચે પણ મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપનારા કેપ્ટન સ્મિતની આ વીરતાપૂર્ણ કામગીરી યોગ્ય ચકાસણી બાદ સર્વોચ્ચ નાગરિક સન્માન કે રાષ્ટ્રીય વીરતા એવોર્ડ માટે યોગ્ય છે.

આ પહેલાં રાજ્યસભા સાંસદ મિલિંદ દેવરાએ પણ પ્રધાનમંત્રી મોદીને પત્ર લખીને આ જાંબાઝ પાયલટની નિસ્વાર્થ ફરજ નિષ્ઠા અને સાહસ બદલ દેશના સર્વોચ્ચ શાંતિકાળ વીરતા પુરસ્કાર ’અશોક ચક્ર’થી નવાજવાની માંગ કરી હતી. બીજી તરફ, સંયુક્ત અરબ અમીરાત (UAE)ના અધિકારીઓએ આ ઘટનાને ગંભીરતાથી લેતા તેના તમામ પાસાઓ, હેતુઓ અને સંભવિત આતંકવાદી કાવતરાના કોણથી ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. આ ઘટના બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે કેપ્ટન સ્મિત મચ્છર સાથે વિડીયો કોલ પર વાતચીત કરીને તેમની સમયસૂચકતા, ધૈર્ય અને અપ્રતિમ બહાદુરીના દિલથી વખાણ કર્યા હતા. હાલ સમગ્ર દેશમાંથી અને વિવિધ ક્ષેત્રોની અગ્રણી હસ્તીઓ તરફથી કેપ્ટન સ્મિતની દિલેરીને બિરદાવવામાં આવી રહી છે.

ઈઝરાયેલમાં કેપ્ટન સ્મિત મચ્છરના સન્માનમાં ખાસ કાર્યક્રમ : ઉજવણી રાષ્ટ્રપતિ ઈસ્હાક હર્ઝોગે વર્ચ્યુઅલી જોડાઈને ‘સુપરહીરો’ પાયલટની જાંબાઝીને બિરદાવી ; તેલ અવીવમાં યોજાયેલા ઈન્ડિયા-ઈઝરાયેલ ફેસ્ટિવલમાં હજારો લોકોએ ઊભા થઈને તાળીઓનો ગડગડાટ કર્યો

ઈઝરાયેલમાં પોતાની જાનની પરવા કર્યા વગર 174 ઈઝરાયેલી નાગરિકોનાં જીવ બચાવનાર ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરની બહાદુરીને બિરદાવવા માટે તેલ અવીવ ખાતે ‘ઈન્ડિયા-ઈઝરાયેલ ફેસ્ટિવલ’ અંતર્ગત એક ખાસ સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ કાર્યક્રમમાં ઈઝરાયેલના રાષ્ટ્રપતિ ઈસ્હાક હર્ઝોગ વર્ચ્યુઅલી જોડાયા હતા અને તેમણે કેપ્ટન સ્મિતને અત્યંત બહાદુર પાયલટ ગણાવીને તેમનો આભાર માન્યો હતો. સ્ટેજ પર કેપ્ટન સ્મિતની વિશાળ તસવીર મૂકવામાં આવી હતી અને ત્યાં ઉપસ્થિત હજારો નાગરિકોએ ઊભા થઈને તાળીઓના ગડગડાટ સાથે ભારતીય પાયલટ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ઈઝરાયેલના પૂર્વ વિદેશ મંત્રી શેરેલ હાસ્કલ અને કોન્સલ જનરલ યાવિન રેવાચે કેપ્ટન સ્મિતને ’સુપરહીરો’ કહીને સંબોધ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે કેપ્ટન સ્મિતે પોતાનાં જીવનું જોખમ ખેડીને જે રીતે લોકોની રક્ષા કરી છે, તેને ઈઝરાયેલની જનતા ક્યારેય નહીં ભૂલે અને આ સાહસે ભારત-ઈઝરાયેલ વચ્ચેની મજબૂત મિત્રતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઈઝરાયેલમાં ભારતના રાજદૂત જે.પી. સિંહ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આજે સમગ્ર દેશમાં જે ઉત્સવનો માહોલ છે તે ભારતીય કેપ્ટન અને ઈઝરાયેલી નાગરિકોના અદ્ભુત ટીમ વર્કનું પરિણામ છે, જેના પર દરેક ભારતીય અને ઈઝરાયેલી નાગરિક ગર્વ અનુભવે છે.હાલમાં સમગ્ર ઈઝરાયેલના ખૂણે-ખૂણામાં કેપ્ટન સ્મિત મચ્છર ઝડપથી સ્વસ્થ થઈ જાય તે માટે વિશેષ પ્રાર્થનાઓ અને દુઆઓ કરવામાં આવી રહી છે. ઈઝરાયેલી નેતાઓ અને સત્તાધીશોએ એવી પણ આશા વ્યક્ત કરી છે. કે કેપ્ટન સ્મિત સંપૂર્ણપણે સાજા થઈ જશે ત્યારબાદ તેમને ઈઝરાયેલ સરકાર દ્વારા સત્તાવાર રીતે આમંત્રિત કરવામાં આવશે અને રાષ્ટ્રપતિ દ્વારા દેશવાસીઓ વતી તેમનું ભવ્ય સન્માન કરવામાં આવશે. આ સાથે જ ભારતમાં પણ તેમને ’અશોક ચક્ર’થી સન્માનિત કરવામાં આવે તેવી માંગ વિવિધ રાજકીય નેતાઓ અને અગ્રણી હસ્તીઓ દ્વારા કરવામાં આવી રહી છે.

ફ્લાઈદુબઈ ફ્લાઈટમાં હુમલાખોર એકલો હતો? કે ઘટના પાછળ આતંકી સંગઠનનો હાથ?

દરેક એંગલથી સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ : હુમલાખોર પાયલોટ કટ્ટરપંથથી પ્રભાવિત થઈ વિમાન ક્રેશ કરાવવા માગતો હોવાની આશંકા



દુબઈ : ફ્લાઈ દુબઈના મામલામાં એક પછી એક નવા નવા ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી સહ પાયલોટ એક ચરમપંથી પ્રચારકની અસરમાં હતો. આ સ્થિતિમાં આશંકા છે કે તે કટ્ટરપંથી પ્રભાવિત થઈને વિમાનને ક્રેશ કરવા માગતો હતો અને તેની પાછળ કોઈ આતંકી સંગઠન પણ હોઈ શકે છે.

ફ્લાયદુબઈને ક્રેશ કરવાના ષડયંત્રના મામલામાં તપાસ ચાલી રહી છે અને તપાસ એજન્સીઓ દરેક સંભવ એંગલની તપાસ કરી રહી છે. તપાસ એજન્સીએ પતો મેળવવાની કોશિષ કરી રહી છે કે શું આરોપી મગજથી અસ્થિર હતો કે ચરમપંથી હતો.

ઈઝરાયેલી મીડિયા મુજબ આરોપી કોઈ ચરમપંથી પ્રચારકની અસરમાં હતો. રિપોર્ટમાં દાવો કરાયો હતો કે ઓમાનના ગ્રાન્ડ મુફ્તી શેખ અહમદ બિન હમદ અલ ખીલીલીએ વારંવાર ઈઝરાયેલ વિરૂધ્ધ નિવેદનબાજી કરી છે. તપાસ એજન્સી એ મામલે પણ તપાસ કરી રહી છે કે આરોપીએ એકલાએ આ ઘટનાને અંજામ આવ્યો હતો કે કોઈ ઈસ્લામી આતંકી સમૂહે તેને મદદ કરી.

ફ્લાય દુબઈના મામલામાં ઈઝરાયેલી સુરક્ષા એજન્સીઓની પણ મોટી ચૂક બહાર આવી છે. ખરેખર તો જે દેશો સાથે ઈઝરાયેલને સંબંધ નથી. તે દેશોના પાયલોટોને તેલ અવીવ પર ઉડાન ભરવાનો પ્રતિબંધ છે. ઓમાન સાથે ઈઝરાયેલના સંબંધ નથી આ સ્થિતિમાં ઓમાનનો પાયલોટ ઈઝાયેલ જતા વિમાનમાં કેવી રીતે આવી ગયો? આ લાપરવાહીથી એક મોટી દુર્ઘટના થતી અટકી ગઈ.

'કોઈ પણ હદ સુધી જશું' : નેતાન્યાહુનો હુંકાર; પાઈલોટના 'આકા'ને કિંમત ચૂકવવી પડશે



તેલઅવીવ: દુબઈથી ઈઝરાયેલના પાટનગર તેલઅવીવ જઈ રહેલા ફ્લાઈ દુબઈના 176 મુસાફરો સાથેના વિમાનની મૂળ યોમાની પાઈલોટે હાઈજેક કરવાની જે કોશીશ કરી તેમાં એક બાદ એક રહસ્યો ખુલતા જાય છે. તે વચ્ચે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુએ હવે આ ઘટના પર વધુ એક વિડીયો સંદેશમાં હુંકાર કર્યો છે કે, આ આતંકી વિચારધારા ધરાવતા પાઈલોટને જેણે મોકલ્યો હશે તેને છોડાશે નહી. આ ઘટનામાં ભલે એક પણ ઈઝરાયેલી કે કોઈ મુસાફરને કોઈ ક્ષતિ થઈ નથી પરંતુ ઈઝરાયેલ માટે આ એક સૌથી મોટો આંચકો છે. 9/11 જેવા હુમલામાં થોડી જ સેકન્ડનો બચાવ થયો હતો અને પુરા ઈઝરાયેલમાં આ અંગે આક્રોશ છે. શ્રી નેતાન્યાહુએ જણાવ્યું કે, જેમ જેમ તપાસ આગળ વધતી જશે તેમ તેમ આ ખોફનાક ઘટનાની કડી ખુલતી જશે. ઈઝરાયેલના અધિકારીઓ પણ તપાસમાં જોડાશે પણ આ પાઈલોટને જેણે પણ મોકલ્યો હશે તેણે મોટી કિંમત ચુકવવી પડશે. તપાસથી સ્પષ્ટ થયું છે કે, આ એક આતંકી હુમલો જ હતો અને તેમાં સુરક્ષાની અનેક કમજોર કડી ખુલ્લી થઈ છે. નેતાન્યાહુએ કહ્યું કે, અમો એ નિશ્ચિત કરશું કે આ હુમલો કયા દેશ-કયા સંગઠન અને કોની પ્રેરણા-મદદથી કરાયો અને જે જવાબદાર હશે. ઈઝરાયેલ તેને છોડશે નહી. તેના માટે અમો કોઈ પણ હદ સુધી જવા તૈયાર છીએ. આ હુમલાને 7 ઓકટો. 2023 પરના ઈઝરાયેલ પરના હુમલા સાથે જોડી દેવાયુ છે. જેના પ્લાંટ યમનમાં તૈયાર થયો હતો.

ચુંટણી જીતવા હાઈજેક ડ્રામા! ટ્રમ્પ અને નેતાન્યાહુ પર ઈરાનનો આરોપ




તહેરાન : દુબઈથી તેલઅવીવ જઈ રહેલા ફ્લાઈ દુબઈ એરલાઈન્સના વિમાનના હાઈજેકની થયેલી કોશીશ પાછળ જે સહપાઈલોટ હતો તેની ભૂમિકા શું હતી અને તે શું કરવા માંગતો હતો તે હજુ તપાસ હેઠળ છે.

તો બીજી તરફ ઈરાને દાવો કર્યો છે કે, આ પ્રકારના હાઈજેકીંગના ડ્રામા પાછળ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુ વાસ્તવમાં ઈરાન પર હુમલો કરવાનું ષડયંત્ર રચી રહ્યા છે.

તેઓ કોઈને કોઈ બહાનુ શોધશે. આ સમગ્ર આતંકી મનાતી ઘટના પાછળ કોણ છે તે નિશ્ચિત થયુ નથી. પરંતુ ઈરાનના એક અખબારે રિપોર્ટ આપ્યો છે કે આ ટ્રમ્પ અને નેતાન્યાહુનું ષડયંત્ર છે.

અહીના સરકારી ધ પ્રેસ ટીવીએ પોતાના રિપોર્ટમાં જણાવ્યુ છે કે ટ્રમ્પ અને નેતાન્યાહુ બંનેને આગામી સમયમાં યોજાનારી તેમના દેશની ચુંટણી જીતવાની છે અને તેથી તે આવા ડ્રામા રચીને તેના દેશના મતદારોની સહાનુભૂતિ મેળવવા માંગે છે અને સમગ્ર ષડયંત્ર રચે છે અને અંતે ઈરાન પર હુમલો પણ કરશે.

વિમાન કાંડ : ઇરાનની સંડોવણી ખુલે તો ભયાનક પરિણામ આવશે



જેરૂસલામ : ફ્લાઈ દુબઈના વિમાનમાં ગુજરાતી પાયલોટ સ્મિત મચ્છર પર હુમલો કરીને વિમાનને ક્રેશ કરવાના કથિત ષડયંત્ર મામલે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કાળઝાળ બન્યા છે. આ ઘટનામાં ઈરાનનો હાથ હોવાનું ખુલે તો ભયાનક અંજામ આવવાની ચેતવણી આપી છે. દુનિયાભરમાં ખળભળાટ સર્જનાર અને ભારતીય પાયલોટની બહાદુરીને વિશ્વભરના નેતાઓએ વખાણી છે. તે ઘટનાક્રમ વિશે ટ્રમ્પે કહ્યું કે સમગ્ર બનાવની તપાસ ચાલી રહી છે. આ કથિત ષડયંત્રમાં ઈરાનની સંડોવણી સાબીત થવાના સંજોગોમાં ઈરાનને ગંભીર પરિણામ ભોગવવા પડશે. ઈરાન પણ આ હકીકતથી વાકેફ જ હશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકા-ઈરાન વચ્ચે ભીષણ યુધ્ધ સંકટ ચાલી જ રહ્યું છે. કેટલાંક દિવસોથી હુમલા અટક્યા હોવા છતાં બન્ને દેશોના સંબંધોમાં તનાવ જ છે. સમાધાન શક્ય બનતું ન હોવાથી વિશ્વના શ્વાસ અધ્ધર છે.

વડાપ્રધાન મોદી નિષ્પક્ષ વલણ રાખે છે : રશિયન રાષ્ટ્રપતિ

યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવા વડાપ્રધાન મોદી પાસે બહેતરિન આઈડિયા : પુતિને કરી જોરદાર પ્રશંસા

મોસ્કો : રશિયન રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિને યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવાને લઈને વડાપ્રધાન મોદીના શાંતિના પ્રયાસોની પ્રશંસા કરી છે. પુતિને જણાવ્યું હતું કે બન્ને દેશો વચ્ચે શાંતિપૂર્ણ સમાધાન શોધવાને લઈને પીએમ મોદી દુનિયાના એ ગણ્યા-ગાંઠયા નેતાઓ પૈકી એક છે, જે વ્યક્તિગત અને બન્ને દેશોના મિત્રતા ભર્યા સંબંધો છતાં યુક્રેન વિવાદ ઝડપથી ખતમ કરવાનો મુદો સતત ઉઠાવે છે.

રશિયાના રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદી એવું સમાધાન લાવવાના ઈચ્છુક છે. જે બન્ને પક્ષોને સ્વીકાર્ય હોય. પુતિન અનુસાર પીએમ મોદી આ મામલામાં નિષ્પક્ષ વલણ રાખે છે અને વાતચીતથી શાંતિ બહાલીના પક્ષકાર છે. પુતિને મોદીના આ શાંતિ પ્રયાસો અને વિચારો માટે મોદીનો આભાર માન્યો હતો.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીએ અનેક વાર દોહરાવ્યું છે કે રશિયા-યુક્રેન સંઘર્ષને લઈને ભારતનું વલણ પુરી રીતે સૈદ્ધાંતિક અને માનવીય રહ્યું છે. હાલમાં જ એક જાપાની મીડીયા સંસ્થાનને આપવામાં મુલાકાતમાં કહ્યું હતું કે ભારતના આ વલણની સરાહના રાષ્ટ્રપતિ પુતિન અને રાષ્ટ્રપતિ જેલેન્સ્કિ બને કરે છે.

પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે ભારત બન્ને પક્ષોની સાથે પોતાના બહેતર સંબંધોનો ઉપયોગ ક્ષેત્રમાં જલદી કાયમી શાંતિ સ્થાપિત કરાવવા માટે તૈયાર છે.



શિવાલિક હિમાલયમાં ખીલ્યું દક્ષિણ અમેરિકાનું દુર્લભ ફૂલ ‘વિક્ટોરિયા એમેઝોનિકા’



દેહરાદૂન : દક્ષિણ અમેરિકાના એમેઝોન બેસિનની પ્રસિદ્ધ અને વિશાળ જળ-વનસ્પતિ ‘વિક્ટોરિયા એમેઝોનિકા’ નો છોડ પ્રથમ વખત શિવાલિક હિમાલયની ધરતી પર સફળતાપૂર્વક ઉગાડવામાં આવ્યો છે. ભારતીય વનસ્પતિ સરવેક્ષણ (BSI), દેહરાદૂન ખાતે આ દુર્લભ અને આકર્ષક જલીય વનસ્પતિમાં પ્રથમ વખત સફળતાપૂર્વક ફૂલ ખીલ્યું છે. વિશાળ ગોળાકાર પાંદડાં અને અનોખા ફૂલ માટે જાણીતી આ વનસ્પતિ વિશ્વની અસાધારણ જળ-વનસ્પતિઓમાં સ્થાન ધરાવે છે. ભારતીય વનસ્પતિ સરવેક્ષણના કાર્યાલય પ્રમુખ ડૉ. એસ. કે. સિંહના જણાવ્યા અનુસાર, આ છોડને વિકસાવવા માટે છેલ્લા બે વર્ષથી સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. આખરે વૈજ્ઞાનિક ડૉ. અંબર શ્રીવાસ્તવના પ્રયાસોથી ઉત્તરાખંડમાં પહેલીવાર આ છોડનું સફળતાપૂર્વક પુષ્પન (ફૂલ ખીલવવું) શક્ય બન્યું છે. વનસ્પતિ વિજ્ઞાન અને જલીય સંશોધનના ક્ષેત્રમાં આને એક મોટી સિદ્ધિ માનવામાં આવી રહી છે. વિક્ટોરિયા એમેઝોનિકા’નું નામ બ્રિટનની મહારાણી ક્વીન વિક્ટોરિયાના નામ પરથી રાખવામાં આવ્યું છે. અનુકૂળ પરિસ્થિતિઓમાં તેના વિશાળ ગોળાકાર પાંદડાં આશરે 3 મીટરના વ્યાસ સુધી ફેલાઈ શકે છે. પાંદડાંની કિનારીઓ ઉપરની તરફ વળેલી હોય છે, જ્યારે તેની નીચેની સપાટી પર રહેલા કાંટા તેને શાકાહારી જળચરોથી સુરક્ષા આપે છે.

હવે ગલ્ફની ઓઈલ કંપનીઓના જ ટેન્કરથી ક્રુડતેલ મંગાવે છે ભારત



ખાડીના દેશો હોર્મુઝમાંથી સલામત કેમ પસાર થયું તે સારી રીતે જાણે છે

નવી દિલ્હી: ઈરાન યુદ્ધના કારણે ખાડીના દેશોમાંથી ક્રુડતેલ, ગેસની આયાત કરવી એ જોખમ ઉઠાવવા જેવું છે અને તેથી હવે ઈન્ડીયન ઓઈલ સહિતની ભારતની રિફાઈનરીઓએ તેના વ્યુહોમાં બદલાવ કરી કંપનીઓ ખુદના ઓઈલ ટેન્કર મોકલવાના બદલે ગલ્ફના દેશોના જ ઓઈલ ટેન્કર ભાડે કરે છે.

આ ઓઈલ ટેન્કર હોર્મુઝ જળમાર્ગમાંથી સલામત કઈ રીતે બહાલ આવવું તે સારી રીતે જાણતા હોય છે અને તેથી ભારતને ગલ્ફનું ક્રુડતેલ વ્યાજબી ભાવે તથા ઓછા શીપીંગ ખર્ચથી મળી જાય છે.

અન્યથા રેડ-સી કે કેપ ઓફ ગુડ હોપ ના માર્ગે ક્રુડતેલ મેળવવામાં ભારે ખર્ચ આવે છે. ભારતના ટેન્કર ગલ્ફમાં મોકલવા અને સલામત બહાર લાવવા એ મોટો ખર્ચ, શીપીંગ તથા વિમા પ્રિમીયમ ચુકવવા પડે છે પણ આ નવા વ્યુહની ગલ્ફના દેશો પણ ખુશ છે. તેઓને હાલની કટોકટીમાં ઓઈલ ટેન્કર ખુદના ઉપયોગ કરી શીપીંગમાં સરળતા રહે છે. હવે તેઓ જ ઓઈલ ટેન્કર ભાડે કરી ઓઈલ વેચી રહી છે.

ICCએ ટૂનામેન્ટનું શિડ્યુલ જાહેર કર્યું : પાકિસ્તાન સામે 10 ઓક્ટોબરે મુકાબલો : 14 ટીમો વચ્ચે કુલ 57 મેચ

વનડે ક્રિકેટ વર્લ્ડ કપ 2027 : ભારતીય ટીમની પ્રથમ મેચ ઓસ્ટ્રેલિયા સામે 7 ઓક્ટોબરે



કેપટાઉન: ICC એ ગુરુવારે દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબિયાની સંયુક્ત મેજબાનીમાં રમાનારા વનડે વર્લ્ડ કપ 2027 ના કાર્યક્રમની જાહેરાત કરી દીધી છે. ભારતીય ટીમ પોતાના અભિયાનની શરૂઆત 7 ઓક્ટોબરે વર્તમાન ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સામે કરશે, જ્યારે પાડોશી દેશ પાકિસ્તાન સામે તેનો મુકાબલો 10 ઓક્ટોબરે થશે.

આ ટૂર્નામેન્ટની શરૂઆત 2 ઓક્ટોબરે થશે, જ્યારે ફાઈનલ મેચ 21 નવેમ્બરે રમાશે.

ICCએ નિયમોમાં કર્યો ફેરફાર બેટ્સમેને સમય બગાડ્યો તો લાગશે 5 રનની પેનલ્ટી

ICCએ મહિલા અને પુરૂ ક્રિકેટનાં કેટલાક નિયમોમાં ગુરૂવારે ફેરફાર કર્યો છે. આ નિયમો 01 ઓક્ટોબર 2026 થી લાગું થશે. આમાં સૌથી મોટો ફેરફાર બેટ્સમેન દ્વારા સમય બગાડવા પર છે. પ્રથમ ભૂલ પર ચેતવણી, બીજી ભૂલ પર અંતિમ ચેતવણી અને ત્રીજી તથા ત્યારપછીની દરેક ભૂલ પર ફિલ્ડિંગ ટીમને પાંચ પેનલ્ટી રન મળશે.

- મહિલા ક્રિકેટમાં બોલનું વજન 142-149 ગ્રામ અને પરિઘ 21.5-22 સેન્ટીમીટર હશે.
- પુરુષ ક્રિકેટમાં બોલનું વજન 156-163 ગ્રામ અને પરિઘ 22.4-22.9 સેન્ટીમીટર હશે.
- બંને ટીમોની સંમતિથી દિવસ દરમિયાન રમાતી ટેસ્ટ મેચમાં ગુલાબી બોલનો ઉપયોગ કરી શકાશે.
- ટેસ્ટ મેચ ગુલાબી બોલથી શરૂ થયા પછી મેચ દરમિયાન તેને લાલ બોલથી બદલી શકાશે નહીં.
- ટેસ્ટમાં છેલ્લી ઓવરમાં વિકેટ પડવાથી રમત પૂરી નહીં થાય. જો સમય અને પરિસ્થિતિઓ પરવાનગી આપશે, તો બાકીના બોલ તે જ દિવસે ફેંકવામાં આવશે.
- રનઆઉટ કે સ્ટમ્પિંગમાં ફિલ્ડરનું બોલ પર પૂર્ણ નિયંત્રણ હોવું જરૂરી રહેશે. ફક્ત બોલને અડવું પૂરતું નહીં હોય.
- ટી-20 માં બ્રેક 15 મિનિટનો રહેશે. સમય બગાડવાની સ્થિતિમાં આ ઘટીને 10 મિનિટનો થઈ જશે.
- વનડે અને ટી-20માં ડ્રિંક્સ બ્રેક દરમિયાન મુખ્ય કોચને મેદાન પર આવવાની મંજૂરી મળશે.

14 ટીમો આપશે પડકાર : ટૂર્નામેન્ટની શરૂઆત 14 ટીમો સાથે થશે અને કુલ 57 મેચો રમાશે. આ દરમિયાન ત્રણ દેશોનાં કુલ 12 શહેરોમાં ટૂર્નામેન્ટની મેચો યોજાશે.

આ પ્રકારનું હશે ટૂર્નામેન્ટનું ફોર્મેટ

વર્લ્ડ કપની શરૂઆતમાં 14 ટીમો હશે : ચાર ટીમો વચ્ચે ક્વોલિફાયર રમાશે. ટોચની બે ટીમો મુખ્ય ડ્રોમાં જગ્યા બનાવશે.

- **હવે 12 ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવશે :** ભારતીય ટીમ ગ્રુપ-એમાં છે, જેમાં પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન, ઝિમ્બાબ્વે અને એક ક્વોલિફાયર ટીમ હશે.
- બીજા ગ્રુપમાં મેજબાન દક્ષિણ આફ્રિકા, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, શ્રીલંકા, ન્યુઝીલેન્ડ અને એક ક્વોલિફાયર ટીમ હશે.
- ગ્રુપ મેચો બાદ બંને ગ્રુપની ટોચની ત્રણ-ત્રણ ટીમો ‘સુપર-7’ માં જશે. તેમજ, બંને ગ્રુપમાં ચોથા સ્થાને રહેલી ટીમોમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી એક ટીમ પણ આગળ વધશે.
- સુપર-7 માં તમામ ટીમો એકબીજા સામે છ-છ મેચ રમશે. આમાંથી ટોચની ચાર ટીમો સેમિફાઈનલમાં પહોંચશે. સેમિફાઈનલ મેચો 17 અને 18 નવેમ્બરે રમાશે.

સિંગાપોર સરકાર બનશે ‘મેચમેકર’! સરકારી કર્મચારીઓ માટે ‘ફર્સ્ટ ડેટ’ પ્લેટફોર્મ

ઘટતા જન્મદર અને મોડા લગ્ન કરવાની સમસ્યા સામે લડવા સરકારનો અનોખો પ્રયોગ ; 21થી 35 વર્ષનાં કર્મચારીઓને યોગ્ય જીવનસાથી શોધવામાં મળશે મદદ

સિંગાપોર : સિંગાપોરમાં નાગરિકોનાં મોડા લગ્ન કરવા અથવા અવિવાહિત રહેવાનાં વધતાં વલણને ધ્યાનમાં રાખીને સરકારે એક રસપ્રદ પહેલ કરી છે. સિંગાપોર સરકારે 21થી 35 વર્ષની વયનાં સરકારી કર્મચારીઓ માટે 'ફર્સ્ટડેટ' નામનો એક પાયલટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. સામાન્ય ડેટિંગ એપ્સમાં વારંવાર પ્રોફાઈલ સ્વાઈપ કરવાથી થતાં કંટાળાને દૂર કરીને મુલાકાતીઓ વચ્ચે અગત્યના અને ગંભીર સંબંધો સ્થાપિત કરવાનાં હેતુથી આ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે.

આ પ્લેટફોર્મ પર સાચો અને યોગ્ય મેચ મેળવવા માટે ઉપયોગકર્તાઓએ દેશની અધિકૃત ડિજિટલ આઈડેન્ટિટી સિસ્ટમ દ્વારા સાઈન-ઈન કરવાનું રહેશે. ત્યારબાદ તેમણે પોતાની પસંદગીઓ, ટેવો, મૂલ્યો અને જીવનશૈલી સંબંધિત એક પ્રશ્નાવલી પૂર્ણ કરવાની રહેશે.

આ પ્રયોગ માટે અરજી કરવાની અંતિમ તારીખ 5 ઓક્ટોબર રાખવામાં આવી છે. સિંગાપોરમાં જન્મદર અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે, જેને અધિકારીઓ દેશ માટે એક મોટો પડકાર માની રહ્યા છે અને તેને સુધારવા માટે જ આ પગલું ભરવામાં આવ્યું છે.

સિંગાપોરમાં સરકાર દ્વારા આવી મેચમેકિંગ અથવા સંબંધો જોડવાની પહેલ નવી નથી. આ પહેલાં વર્ષ 1984માં સોશિયલ ડેવલપમેન્ટ યુનિટની સ્થાપના કરવામાં આવી હતી, જે ઉચ્ચ શિક્ષિત અવિવાહિતોને ડિનર, ડાન્સ અને પ્રવાસ દ્વારા એકબીજા સાથે જોડવા પ્રોત્સાહિત કરતી હતી. તાજેતરમાં વડાપ્રધાન લોરેન્સ વોંગે પણ દેશમાં જન્મદર વધારવા અને પરિવારોને મદદરૂપ થવા માટે સસ્તા સરકારી આવાસ સહિતની કેટલીક આકર્ષક યોજનાઓની જાહેરાત કરી હતી.



માત્ર સિંગાપોર જ નહીં, પરંતુ એશિયાનાં અન્ય દેશો પણ ઘટતાં જન્મદરની સમસ્યાથી ઝઝૂમી રહ્યાં છે અને આ પ્રકારનાં પ્રયોગો કરી રહ્યાં છે. વર્ષ 2024માં જાપાનની ટોક્યો મેટ્રોપોલિટન સરકારે પોતાની સત્તાવાર ડેટિંગ એપ લોન્ચ કરી હતી, જ્યારે દક્ષિણ કોરિયામાં પણ સ્થાનિક સરકારો દ્વારા ડેટિંગ ઈવેન્ટ્સનું આયોજન કરવા ઉપરાંત લગ્ન કરવા માટે આર્થિક પ્રોત્સાહન પણ આપવામાં આવે છે.

અમેરિકામાં રોકાણકાર ગ્રીન ગાર્ડ ફીમાં આકરો વધારો : આજથી જ લાગુ

ઈબી-5 રોકાણકાર વીઝા ફી 3675 ડોલર વધારીને 7615 ડોલર કરાઈ: અન્ય વિમા ફીમાં પણ વધારો



વોશિંગ્ટન : અમેરિકી નાગરિકતા અને ઈમિગ્રેશન સેવાએ ઈબી-5 રોકાણકાર વીઝા કાર્યક્રમના આવેદન ચાર્જમાં ભારે વધારાની જાહેરાત કરી છે આ નિયમ 30 નવેમ્બરથી એટલે કે આજથી અમલમાં રહેશે, જેથી ભારતીય ઉદ્યમીઓ અને અન્ય વિદેશી રોકાણકારો પર સીધી અસર પડશે. વ્યકિતગત અને રીજનલ સેન્ટરથી આવેદન કરનારા રોકાણકારો માટે ફોર્મ ફી ડબલથી વધુ કરી દેવાઈ છે.

આ અંગેની વિગત મુજબ અમેરિકાએ દેશમાં રોકાણ કરી આગળ જઈને સ્થાયી નિવાસ (ગ્રીન કાર્ડ) હાંસલ કરવાની ઈચ્છા રાખનારા પ્રવાસીઓ માટે ઈબી-5 રોકાણકાર કાર્યક્રમ ફીમાં ભારે વધારો કરવાનો ફેસલો કર્યો છે.

એકલ રોકાણ કરનાર આવેદકો માટે ફોર્મ આઈ-526ની ફી 3675 ડોલરથી વધીને 7615 ડોલર થઈ જશે. શરૂઆતી આઈ-526 અને આઈ-526 ઈ અરજીઓ પર 75 ડોલરની ટેકનોલોજી ચાર્જ પણ લાગુ થશે. નવી ફીની જાહેર કરતા યુએસસીઆઈએસે કહ્યું કે એજન્સીને મુખ્યત્વે આવેદન ચાર્જથી મળનારી રકમથી નાણા પોષિત કરાય છે, નહીં કે કરથી.

ઉલ્લેખનીય છે કે ઈબી-5 રોકાણકાર કાર્યક્રમ ભારતીય ઉદ્યમીઓ અને તેમના પરિવારો માટે ગ્રીન કાર્ડ હાંસલ કરવાનો ભરોસા લાયક રસ્તો માનવામાં આવે છે. આ અમેરિકી નાગરિકતા અને ઈમિગ્રેશન સેવાએ મંગળવારે અંતિમ નિયમ જાહેર કર્યો, જે અંતર્ગત ઈબી-વીઝા-5 માટે આવેદન કરવાની ફી ડબલથી વધુ વધી જશે.

ભારતનું વિદેશી દેવું વધીને 778.2 અબજ ડોલરે પહોંચ્યું : ફોરેક્સ રિઝર્વ કરતાં દેવું વધતાં ચિંતામાં વધારો

આરબીઆઈ અનુસાર માર્ચ ક્વાર્ટરની સરખામણીએ જૂન ક્વાર્ટરમાં 15.4 અબજ ડોલરનો વધારો થયો ; જીડીપીના ગુણોત્તરમાં આંશિક રાહત



નવી દિલ્હી : ભારતીય રિઝર્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલાં તાજેતરનાં આંકડા અનુસાર, ચાલું નાણાકીય વર્ષનાં જૂન ક્વાર્ટરના અંતે ભારતનું કુલ વિદેશી દેવું વધીને 778.2 અબજ યુએસ ડોલર (અંદાજે રૂ.65 લાખ કરોડથી વધુ) થઈ ગયું છે.

આ આંકડો દેશનાં કુલ વિદેશી મુદ્રા ભંડાર (ફોરેક્સ રિઝર્વ) કરતાં વધી ગયો છે. 18 સપ્ટેમ્બર 2026ના રોજ સમાપ્ત થયેલાં સપ્તાહ સુધીમાં ભારતનું ફોરેક્સ રિઝર્વ 765.901 અબજ ડોલર નોંધાયું હતું, જેનાં પરિણામે દેશનું કુલ વિદેશી દેવું તેનાં વિદેશી મુદ્રા ભંડાર કરતાં અંદાજે 15 અબજ ડોલર વધુ છે.

કેન્દ્રીય બેંકનાં રિપોર્ટ પ્રમાણે, માર્ચ 2026ના ક્વાર્ટરના અંતે દેશનું વિદેશી દેવું જે લેવલ પર હતું તેની સરખામણીએ જૂન ક્વાર્ટરમાં તેમાં 15.4 અબજ ડોલરનો ઉછાળો આવ્યો છે. જોકે, રાહતની વાત એ છે કે દેશનાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) ની સરખામણીએ વિદેશી દેવાનો ગુણોત્તર જૂન 2026ના અંતે ઘટીને 20.8 ટકા રહ્યો છે, જે 31 માર્ચ 2026ના રોજ 20.9 ટકા હતો.

આરબીઆઈએ સ્પષ્ટ કર્યું હતું કે યુરો અને યેન જેવી મુખ્ય વૈશ્વિક કરન્સી સામે યુએસ ડોલર મજબૂત થવાને કારણે દેશને 90 કરોડ ડોલરનો વેલ્યુએશન ગેઈન મળ્યો હતો ; જો આ અસર ના હોત તો દેવામાં 15.4 અબજને બદલે 16.4 અબજ ડોલરનો વધારો થયો હોત.

ભારતનાં કુલ વિદેશી દેવામાં સૌથી મોટો હિસ્સો લાંબા ગાળાના દેવાનો છે. જૂન ક્વાર્ટર સુધીમાં એક વર્ષથી વધુ મુદતવાળું લાંબા ગાળાનું દેવું 624.7 અબજ ડોલર રહ્યું હતું, જે માર્ચ ક્વાર્ટરની સરખામણીએ 11.2 અબજ ડોલર વધુ છે. બીજી તરફ, કુલ દેવામાં એક વર્ષ સુધીની મુદતવાળા ટૂંકા ગાળાના દેવાનો હિસ્સો વધીને 19.7 ટકા થયો છે. વિદેશી મુદ્રા ભંડાર સામે ટૂંકા ગાળાના દેવાનો ગુણોત્તર પણ માર્ચના 21.6 ટકાથી વધીને જૂન ક્વાર્ટરમાં 23 ટકા નોંધાયો છે. કરન્સી વાઈઝ ડેટા જોઈએ તો ભારતનાં વિદેશી દેવામાં સૌથી વધુ 54.8 ટકા હિસ્સો યુએસ ડોલરમાં છે, જ્યારે ભારતીય રૂપિયામાં 29.8 ટકા, યેનમાં 6.9 ટકા અને યુરોમાં 3.5 ટકા હિસ્સો રહેલો છે.

આરબીઆઈના ડેટા દર્શાવે છે કે સરકારી અને બિન-સરકારી બંને ક્ષેત્રોનાં બાકી દેવામાં માર્ચ ક્વાર્ટરની સરખામણીએ વધારો થયો છે. વિદેશી દેવાનાં મુખ્ય ઘટકોમાં 'લોન્સ' (સહાય અને ધિરાણ) 34.3 ટકા સાથે સૌથી ટોચ પર છે, ત્યારબાદ કરન્સી એન્ડ ડિપોઝિટ્સ (22.2 ટકા), ટ્રેડ ક્રેડિટ એન્ડ એડવાન્સિસ (19.1 ટકા) અને ડેટ સિક્યોરિટીઝ (16.5 ટકા) આવે છે. આ સિવાય, મુદ્દલ રકમ અને વ્યાજ ચૂકવણીનો હિસ્સો 5.6 ટકા પર સ્થિર રહ્યો છે, જે માર્ચ ક્વાર્ટરમાં પણ આટલા જ સ્તરે હતો.

એતિહાદ રેલની પેસેન્જર સેવા શરૂ; દુબઈ-ફુજૈરા સફર 70 મિનિટમાં, ભાડું 29 ડિરહામથી શરૂ

UAEમાં સૌપ્રથમ પેસેન્જર ટ્રેન સેવા શરૂ : દુબઈથી અબુધાબી હવે માત્ર એક કલાકમાં પહોંચી શકાશે

દુબઈ : સંયુક્ત આરબ અમીરાતમાં આંતરિક મુસાફરી વધુ સરળ બનાવવાના હેતુથી એતિહાદ રેલની પેસેન્જર ટ્રેન સેવા દુબઈ સુધી વિસ્તરવામાં આવી છે. દુબઈને અબુધાબી અને ફુજૈરા સાથે જોડતી પેસેન્જર ટ્રેન સેવા શરૂ થઈ છે. આ સાથે અબુધાબી, દુબઈ અને ફુજૈરા વચ્ચે રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ બની છે.

દુબઈના અલ યલાયિસ સ્ટેશનથી અબુધાબીના મોહમ્મદ બિન ઝાયેદ સિટી સ્ટેશન સુધીની મુસાફરી આશરે 64 મિનિટમાં પૂર્ણ થશે. જ્યારે દુબઈથી ફુજૈરા સુધીની મુસાફરીનો સમય આશરે 70 મિનિટ રહેશે. નવી સેવા પ્રવાસન, વેપાર અને આંતર-અમિરાત કનેક્ટિવિટીને વધુ સરળ બનાવશે.

AED 29થી ટિકિટ, પ્રીમિયમ વર્ગનું ભાડું AED 109થી

દુબઈ-અબુધાબી રૂટ પર Comfort Classનું ભાડું AED 39થી અને Premium Classનું AED 109થી શરૂ થાય છે. દુબઈ-ફુજૈરા રૂટ પર Comfort Classનું ભાડું AED 29થી અને Premium Classનું AED 89થી શરૂ થાય છે. અબુધાબી-ફુજૈરા રૂટ પર Comfort Classનું ભાડું AED 55 અને Premium Classનું AED 120થી શરૂ થાય છે. ટિકિટ એતિહાદ રેલની વેબસાઈટ, મોબાઈલ એપ અને સ્ટેશન પરના ટિકિટ વેન્ડિંગ મશીનથી બુક કરી શકાય છે.

દુબઈ-અબુધાબી રૂટ પર રોજ પાંચ ટ્રેન



શરૂઆતના તબક્કામાં દુબઈથી અબુધાબી વચ્ચે દરરોજ પાંચ ટ્રેન દોડશે. દુબઈથી પ્રથમ ટ્રેન સવારે 6:14 વાગ્યે રવાના થશે અને 7:18 વાગ્યે અબુધાબી પહોંચશે. અન્ય સેવાઓ સવારે 7:14, બપોરે 1:14 અને સાંજે 5:14 તથા 6:14 વાગ્યે રહેશે.

તનાતનીનો અંત નહીં: અમેરિકી વિદેશ મંત્રીનો ઈરાની પ્રતિનિધિમંડળને ન્યુયોર્ક છોડવા આદેશ




ન્યુયોર્ક : અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોએ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી અને સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સામેલ થવા આવેલા તેમના પ્રતિનિધિ મંડળને નિશ્ચિત કાર્યક્રમ પહેલા ન્યુયોર્ક છોડી પાછા ઈરાન જવાનો આદેશ આપ્યો છે. અમેરિકાના અધિકારીઓએ બુધવારે આ જાણકારી આપી હતી. ટ્રમ્પ પ્રશાસને ઈરાન યુદ્ધ છતા ઈરાની રાષ્ટ્રપતિ અને વિદેશમંત્રી સહિત તેમના પ્રતિનિધિમંડળને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની વાર્ષિક બેઠકમાં ભાગ લેવા માટે વીઝા આપ્યા હતા. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયન ગત સપ્તાહ સંયુક્ત રાષ્ટ્રમાં સંબોધનના એક દિવસ બાદ ન્યુયોર્કથી રવાના થઈ ગયા હતા, જયારે વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી ન્યુયોર્કમાં રોકાયા હતા. જાણવા મળેલ વિગત મુજબ તેઓ અમેરિકા સાથે પરોક્ષ સંવાદમાં ભાગ લેનાર હતા. સંવાદનો ઉદેશ હોર્મુજ સ્ટ્રેટને ખોલવા, સંઘર્ષ સમાપ્ત કરવા અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર વાતચીત ફરીથી શરૂ કરવાના મુદે ચર્ચા કરવાનો હતો.

કેટલાક રિપોર્ટ મુજબ સપ્તાહના અંતમાં ઈરાન અને કતારના મધ્યસ્થો વચ્ચે થયેલી બેઠકોમાં કોઈ ખાસ પ્રગતિ નહોતી થઈ, ત્યારબાદ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોની ધીરજે જવાબ આપી દીધો. રૂબિયોએ ઈરાની પક્ષને સ્પષ્ટ કરી દીધું કે અરાઘચી અને તેમના પ્રતિનિધિ મંડળે તરત ન્યુયોર્ક છોડી જવું પડશે.

તમે મોંઘવારી સહન કરો છો તેનું કારણ પ્રમુખ ટ્રમ્પ છે

ટ્રમ્પ અને રીપબ્લીકનને હરાવો : અમેરિકનોને ઇરાનનો ખુલ્લો પત્ર



તહેરાન : અમેરિકા અને ઈરાન વચ્ચેના યુધ્ધનો તનાવ હજુ યથાવત છે અને તેની સાથે અમેરિકામાં સંસદની ચૂંટણીઓ આગામી માસના મધ્યમાં યોજાવાની છે તે સમયે ઈરાને એક 25 પાનાનો પત્ર અમેરિકી મતદારોને લખીને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તથા તેમના પક્ષ રીપબ્લીકન પાર્ટી વિરુધ્ધ મતદાન કરવા જણાવતા જ જબરો વિવાદ સર્જાઈ ગયો છે. એક લાંબા પત્રમાં ઈરાને કંઈ રીતે અમેરિકાએ કોઈ કારણ વગર યુધ્ધ છેડ્યું અને છતાં પણ ઈરાને તેનો કઈ રીતે આકરો જવાબ આપ્યો તે તમામ માહિતીઓ દર્શાવાઈ છે અને તેની સાથે ચૂંટણીમાં ટ્રમ્પ અને તેમના પક્ષ વિરુધ્ધ મતદાન કરીને પરાજીત કરવા હાકલ કરી છે.

એટલું જ નહીં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જે રીતે ઈઝરાયેલને સૈન્ય સહાયતા આપી રહ્યા છે તેનો પણ વિરોધ કરવા અપીલ કરવામાં આવી છે. ચૂંટણી સમયે આ પત્ર એટલો મહત્વનો ગણવામાં આવે છે કે અમેરિકામાં આ યુધ્ધને કારણે કે ગેસોલીનના ભાવમાં ભારે વધારો થયો છે અને અમેરિકામાં મોંઘવારી પણ વધતી ગઈ છે જેની અસર સામાન્ય અમેરિકનો પર સૌથી વધુ પડી છે અને તેઓ ટ્રમ્પની નીતિનો વિરોધ પણ કરી રહ્યા છે. તે સમેયે ઈરાને આ પત્ર લખીને તેમને ઉશ્કેરવા પ્રયત્ન કર્યો છે. ઈરાને આક્ષેપ કર્યો છે કે પ્રમુખ ટ્રમ્પએ અમેરિકાનું યુધ્ધ બીઝનેશ મોડેલ ચલાવી રહ્યા છે. ઈરાનની રીવોલ્યુશનરી ગાર્ડના પ્રવક્તા હુસૈન મોહબ્બીએ અમેરિકી લોકોને સંબોધીત કરતા કહ્યું કે દુનિયાભરમાં અમેરિકાના 800 લશ્કરી મથકો આવેલા છે અને ફક્ત સેના પર જ અમેરિકા 1 ટ્રીલીયન ડોલરનો ખર્ચ કરે છે.

જેથી અમેરિકાને સુરક્ષીત રાખવામાં આવે પરંતુ તેનાથી સામાન્ય અમેરિકનોને કોઈ લાભ નથી એટલુ જ નહીં આ પત્રમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર વ્યક્તિગત હુમલા પણ કરવામાં આવ્યા છે અને જે રીતે હોર્મુઝ જળમાર્ગ બંધ કરાયો છે તેના પર ટ્રમ્પને જવાબદાર ગણાવ્યા છે અને તેની સાથે ક્રુડઓઈલના ભાવના વધારા બદલ પણ ટ્રમ્પની નીતિને જવાબદાર ગણાવી છે.

AI હવે 'Super Intelligence'! વ્હાઈટ હાઉસમાં ટેક ઉદ્યોગપતિઓને સાથે રાખતા ટ્રમ્પનો મોટો નિર્ણય

અમેરિકી સરકારના દસ્તાવેજોમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની જગ્યાએ હવે જશ શબ્દનો ઉપયોગ થશે



વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AIનું નામ બદલીને Super Intelligence (SI) કરવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે 29 સપ્ટેમ્બરે આ અંગે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા. હવે અમેરિકી ફેડરલ સરકારના સત્તાવાર દસ્તાવેજો, વેબસાઈટ્સ, અહેવાલો અને વહીવટી સંદેશાવ્યવહારમાં Artifical Intelligenceના બદલે Super Intelligence શબ્દનો ઉપયોગ કરવામાં આવશે.

ઈન્ટરનેટ કરતાં પણ ઘણું મોટું : ટ્રમ્પ

વ્હાઈટ હાઉસમાં ટેક્નોલોજી ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથેની બેઠક દરમિયાન ટ્રમ્પે Super Intelligenceને ઈન્ટરનેટ કરતાં પણ મોટી ટેક્નોલોજીકલ ક્રાંતિ ગણાવી હતી. તેમણે કહ્યું કે આજની અદ્યતન ટેક્નોલોજીની ક્ષમતાઓ માત્ર માનવ બુદ્ધિની નકલ કે ચોક્કસ કાર્યોના ઓટોમેશન સુધી મર્યાદિત નથી.

ટ્રમ્પે કહ્યું કે 'Artifical' શબ્દથી ટેક્નોલોજી નકલી હોવાનો અર્થ નીકળે છે, જ્યારે તેમની દૃષ્ટિએ આ ટેક્નોલોજી વાસ્તવિક અને અત્યંત શક્તિશાળી છે. તેમણે જાહેર નિવેદનમાં પણ કહ્યું હતું કે હવે અમેરિકાના સત્તાવાર દસ્તાવેજોમાં AIના બદલે નો ઉપયોગ થશે.

ટોચની ટેક કંપનીઓ સાથે સેફ્ટી કરાર

આ બેઠકમાં OpenenAI, Google, Meta, Nvidia સહિતની મોટી ટેક્નોલોજી કંપનીઓના ટોચના અધિકારીઓ હાજર રહ્યા હતા. ટ્રમ્પ અને ટેક કંપનીઓના વડાઓએ અદ્યતન સિસ્ટમ્સ માટે સુરક્ષા અને જવાબદારીના ધોરણો અંગે સ્વૈચ્છિક કરાર પર પણ હસ્તાક્ષર કર્યા હતા. કરારમાં સિસ્ટમ્સની સલામતી, સ્વતંત્ર ઓડિટ અને અનિચ્છનીય હેકિંગ અથવા સિસ્ટમ એક્સેસ જેવા જોખમોને રોકવા માટેના પગલાંનો સમાવેશ થાય છે.

'Super Intelligence' શબ્દનો ટેક જગતમાં અલગ અર્થ પણ

ટ્રમ્પે સરકારી વપરાશ માટે AIને 'Super Intelligence' નામ આપ્યું છે, પરંતુ ટેક્નોલોજી ક્ષેત્રમાં super intelligenceશબ્દનો પહેલેથી જ એક ચોક્કસ અર્થ છેમાનવ બુદ્ધિની ક્ષમતાઓથી આગળ નીકળતી સિસ્ટમ. તેથી નવા સરકારી નામકરણને લઈને ટેક નિષ્ણાતોમાં ચર્ચા પણ શરૂ થઈ છે.

ટ્રમ્પના આ નિર્ણયથી અમેરિકામાં AI અંગેની નીતિ અને સરકારી ભાષામાં મોટો ફેરફાર આવ્યો છે. જોકે, ટેક્નોલોજીનું મૂળ સ્વરૂપ બદલાતું નથી; મુખ્ય ફેરફાર અમેરિકી સરકાર દ્વારા તેના સત્તાવાર નામ અને વર્ણનના ઉપયોગમાં થયો છે.

આહારમાં જરૂરી ફેરફાર કરાય તો જ દવાની અસર થાય : સ્વાસ્થ્ય નિષ્ણાતોના અધ્યયનમાં ખુલાસો

સવારની ચા, બપોરનું દહીં, સાંજની કોફી એન્ટિબાયોટિક દવાની અસર ઘટાડે છે



બર્લિન : સવારની ચા, બપોરનું દહીં, સાંજની કોફી કે પછી રાત્રે એક ગ્લાસ વાઈન એન્ટીબાયોટિક દવાની અસરને ઘટાડી શકે છે. આપના આહારમાં જરૂરી ફેરફાર કરીને આ પરેશાનીથી બચી શકાય છે. આ બારામાં ભારત અને જર્મની સ્થિત અનેક દેશોના સ્વાસ્થ્ય વિશેષજ્ઞોએ અધ્યયન કર્યું છે. તેમના અનુસાર ભોજન અને દવાઓનું આ રિએક્શન દરેક એન્ટી બાયોટિકના હિસાબે અલગ-અલગ હોય છે. દુધ, દહીં, પનીર જેવી ડેરી વસ્તુઓ, કેલ્શિયમ-ફોર્ટિફાઇડ જ્યુસ, ટોફૂ અને કેલ્શિયમ સપ્લીમેન્ટ કેટલીક ખાસ એન્ટિ બાયોટિક દવાઓ માટે રુકાવટ બને છે.

પેટ અને પાચન તંત્રમાં મોજુદ કેલ્શિયમ એન્ટિબાયોટિક દવાના અણુઓ સાથે ચોટી જાય છે અને એક એવું યાંત્રિક બનાવી લે છે, જેથી શરીર સરળતાથી શોષી નથી શકતું. આનુ પરિણામ એ આવે છે કે દવાની ખૂબ ઓછી માત્રા જ લોહી સુધી પહોંચી શકે છે અને દવાની કોઈ અસર થતી નથી. સંતરા, મોસંબી, ગ્રેપફ્રુટ અને ટમેટા જેવા ફળ દવાઓની પચવાની પ્રક્રિયામાં વિઘ્ન બને છે.

શરીરમાં કેફીનના તૂટવા કે પાચનની ગતિ થઈ શકે છે ધીમી આ ઉપરાંત અત્યાધિક ખટાશવાળા ખાદ્ય પદાર્થ, લીંબુ, સંતરા અને ટમેટા દવાઓની સ્થિરતાને અસર કરી શકે છે.

દર્દીએ દવા લેવામાં શું સાવધાની રાખવી જોઈએ જ્યારે ડોક્ટર એન્ટિબાયોટિક દવા લખી દે તે સ્પષ્ટ રીતે પૂછી લેવું જોઈએ કે દવા જમવાની સાથે લેવાની છે કે ખાલી પેટ. જો દવાની સાથે દૂધ કે કેલ્શિયમની મનાઈ છે તો દેવા-લેવા અને ડેરી પ્રોડક્ટ ખાવા દરમિયાન ઓછામાં ઓછા બે કલાકનું અંતર રાખો. કાગળ પર અપાયેલી ગાઈડલાઈન્સને ધ્યાનથી વાંચો કે શું કેફીન કે ખાટાં ફળોથી પરેજી પાળવાની છે. દરેક એન્ટિબાયોટિકનો અલગ વ્યવહાર હોય છે.


'વર્લ્ડ હાર્ટ ડે' પર નિષ્ણાતોની ચેતવણી : બગડતી લાઈફસ્ટાઈલ અને માનસિક તણાવ યુવાનો માટે બન્યાં જોખમ

ગુજરાતમાં હૃદયરોગના દર 10 માંથી 3 દર્દીઓ 40 વર્ષથી ઓછી ઉંમરનાં

અમદાવાદ : ગુજરાતમાં હવે હૃદયરોગ એ માત્ર મોટી ઉંમરનાં લોકોની સમસ્યા નથી રહી, પરંતુ નાની વયનાં યુવાનો પણ તેનો ઝડપથી ભોગ બની રહ્યાં છે. વર્ષ 2026માં અત્યાર સુધીમાં ઈમરજન્સી 108 એમ્બ્યુલન્સ સેવા દ્વારા 71,088 હાર્ટ ઈમરજન્સીના દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યાં છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે આ કુલ કેસોમાંથી 30 ટકા દર્દીઓ એટલે કે દર 10માંથી 3 40 વર્ષ કે તેથી ઓછી વયનાં છે.

યુવાનોમાં વધી રહેલાં હાર્ટ એટેકના કારણો જાણવા માટે યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ ખાતે એક ખાસ અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ રિસર્ચ અંગે માહિતી આપતાં અમદાવાદનાં જાણીતાં કાર્ડિયોલોજિસ્ટ ડો. કમલ શર્માએ જણાવ્યું હતું કે, "30 વર્ષ સુધીની વયનાં હાર્ટ એટેકના દર્દીઓમાં તમાકુનો વપરાશ, વજન, ખાનપાનની ટેવો અને ઊંઘની પેટર્ન જેવા પરિબળો તપાસવામાં આવ્યાં હતાં. આ અભ્યાસમાં કેટલાક બિનપરંપરાગત સંકેતો સામે આવ્યાં છે." તેમનાં જણાવ્યાં મુજબ, 53 ટકા દર્દીઓમાં તમાકુ સેવન, 51 ટકામાં શારીરિક સક્રિયતાનો અભાવ અને 28 ટકા દર્દીઓમાં તણાવ મુખ્ય કારણ હતાં.


મોટી ઉંમરનાં અને યુવાન દર્દીઓની સરખામણી કરતાં જાણવા મળ્યું કે



બંનેમાં જોખમી પરિબળો જુદા છે. વરિષ્ઠ દર્દીઓમાં 56 ટકા દર્દીઓમાં નસો સાંકડી થવી અને 19 ટકામાં હાઈ કોલેસ્ટ્રોલ વધુ જોવા મળ્યું હતું. જ્યારે 49 ટકા યુવાનોમાં બહારનું ખાવાની ટેવ અને 28 ટકા દર્દીઓમાં માનસિક તણાવ સૌથી વધુ હતાં. જર્નલ ઓફ ક્લિનિકલ એન્ડ પ્રિવેન્ટિવ કાર્ડિયોલોજીમાં પ્રકાશિત આ રિસર્ચ પેપરમાં અમિત સોની, રુજુતા પરીખ અને ઈવા પટેલ પણ સહ-લેખક તરીકે જોડાયેલા હતાં. છેલ્લા કેટલાક દાયકાઓમાં દર્દીઓની સરેરાશ ઉંમર નોંધપાત્ર રીતે ઘટી હોવાનું સ્વીકારતા શહેરનાં કાર્ડિયોલોજિસ્ટ ડો. જય શાહે જણાવ્યું હતું કે, "કામનાં અતિશય સ્ટ્રેસથી લઈને પ્રદૂષણ જેવા પર્યાવરણીય પરિબળો હૃદયરોગનું ભારણ વધારી રહ્યાં છે. થોડા વર્ષો પહેલાં વાયરલ થયેલાં અચાનક મૃત્યુનાં વીડિયોઝના કારણે લોકોમાં પોતાનાં હૃદય પ્રત્યે જાગૃતિ પણ આવી છે." યુવાનોને વહેલી તકે ચેતવતા નારાયણા હોસ્પિટલનાં કાર્ડિયોલોજિસ્ટ ડો. સુમિત ધીરે જણાવ્યું હતું કે, "અમે આ વર્ષે 20થી 30 વર્ષની વયના દર્દીઓને પણ જોયા છે. યુવાનોએ હૃદયની સંભાળ લેવા માટે મધ્યમ વય સુધી રાહ જોવી જરૂરી નથી, તેમણે અત્યારથી જ શરૂઆત કરવી પડશે. સ્થૂળતા, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને પરિવારમાં હૃદયરોગનો ઈતિહાસ આ જોખમમાં વધુ વધારો કરી શકે છે." હૃદયને સ્વસ્થ રાખવા માટે 'વર્લ્ડ હાર્ટ ડે'ની આ વર્ષની થીમ 'યુઝ હાર્ટ ફોર એક્શન' હેઠળ તબીબોએ લાઈફસ્ટાઈલમાં સુધારા પર ભાર મૂક્યો છે. ધૂમ્રપાનથી દૂર રહેવું, રોજિંદા જીવનમાં 30 મિનિટ કસરત કરવી, પૌષ્ટિક ખોરાક લેવો અને સમયસર હેલ્થ ચેકઅપ કરાવવું એ જ આ ગંભીર સમસ્યાથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

AIની 'મેમરી' ભૂખથી ભારતનું આયાત બિલ વધ્યું : ચિપ મોંઘી થતાં પેન ડ્રાઇવ, લેપટોપ અને સ્માર્ટફોનના ભાવમાં મોટો ઉછાળો

ડેટા સેન્ટરોમાં વિપુલ રોકાણ અને ગ્લોબલ ડિમાન્ડને કારણે ઇલેક્ટ્રોનિક્સ આયાત મૂલ્યમાં જંગી વધારો ; રૂા.10,000 વાળા 5G સ્માર્ટફોન માર્કેટમાંથી ગાયબ



નવી દિલ્હી : આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના સતત વધી રહેલાં ઉપયોગ અને ડેટા સેન્ટરો પર વિશ્વભરમાં થઈ રહેલાં ભારી રોકાણની સીધી અસર હવે ભારતમાં ઇલેક્ટ્રોનિક ઉપકરણોની મોંઘવારી અને આયાત બિલ પર દેખાવા લાગી છે. મેમરી ચિપ (DRAM)ની કિંમતોમાં થયેલાં ભારે વધારાને કારણે ટેકનોલોજી આયાત બિલ આયાતી જથ્થાની સરખામણીએ 5 ગણી ઝડપે વધી ગયું છે. મોંઘી ચિપના કારણે દેશમાં પેન ડ્રાઇવ, સ્માર્ટફોન અને લેપટોપ જેવા સાધનોના ભાવ ખૂબ જ ઝડપથી ઊંચકાયા છે.

ડીડીઆર4 (DDR4) અને ડીડીઆર5 (DDR5) જેવી મેમરી ચિપના ભાવમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. સપ્ટેમ્બર 2025માં જે ચિપનો ભાવ 2.12 ડોલર હતો, તેના ભાવ સતત વધીને ઓગસ્ટ 2026 સુધીમાં નોંધપાત્ર ઊંચાઈએ પહોંચી ગયા છે. આ ચિપ મોંઘી થવાને કારણે બજારમાંથી સસ્તાં ઇલેક્ટ્રોનિક સાધનો ગાયબ થઈ રહ્યાં છે. ખાસ કરીને રૂા.10,000ની રેન્જમાં મળતાં 5G સ્માર્ટફોન્સ એક જ વર્ષમાં માર્કેટમાંથી ગાયબ થઈ ગયા છે અને તેમની કિંમતો વધીને લગભગ બમણી થઈ ગઈ છે.

ઇલેક્ટ્રોનિક ઉપકરણોના છૂટક મોંઘવારી દરમાં પણ મોટો ફેરફાર જોવા મળ્યો છે. પેન ડ્રાઇવ અને હાર્ડ ડિસ્ક જેવા ઉપકરણોમાં જાન્યુઆરીમાં 3.91 ટકાની સરખામણીએ ઓગસ્ટ સુધીમાં 16.78 ટકાનો જંગી વધારો નોંધાયો છે. આ ઉપરાંત કોમ્પ્યુટર-લેપટોપ, ટેબ અને ઓડિયો-વિઝ્યુઅલ ડિવાઇસ જે જાન્યુઆરીમાં નકારાત્મક મોંઘવારી દર ધરાવતાં હતા, તે પણ ઓગસ્ટ સુધીમાં મોંઘા થઈ ગયા છે.

છેલ્લા એક વર્ષમાં ઓછી કિંમત વાળા સ્માર્ટફોનની કિંમતમાં 70 ટકા સુધીનો વધારો નોંધાયો છે. ઇલેક્ટ્રોનિક ઇન્ટિગ્રેટેડ સર્કિટની આયાતના આંકડા દર્શાવે છે કે આયાત કરાયેલાં જથ્થા (વોલ્યુમ ગ્રોથ)ની સરખામણીએ આયાત મૂલ્યમાં વધારો થયો છે.

જાન્યુઆરીથી જૂન દરમિયાન આયાત બિલ 110 ટકાથી વધીને જૂન મહિનામાં રેકોર્ડબ્રેક 315 ટકા સુધી પહોંચી ગયું છે. AI અને હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે વધતી માંગને કારણે ચિપ અને ઇલેક્ટ્રોનિક પાર્ટ્સ માટે ભારત જેવા આયાત નિર્ભર દેશો પર આર્થિક બોજ સતત વધી રહ્યો છે.

રેરા ઓથોરિટીનો મહત્ત્વનો ચુકાદો

સમયપત્રક મુજબ કબજાની તારીખ પહેલાં કરેલી ફરિયાદ 'પ્રિમેચ્યોર' ઠેરવી રદ



ગાંધીનગર : ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (GujRERA) દ્વારા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં મિલકતના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અને કબજા સંદર્ભે દાખલ કરવામાં આવેલી એક મહત્વની ફરિયાદ પર ચુકાદો આપતાં તેને રદ કરવામાં આવી છે.

રેરા ઓથોરિટીના સભ્ય ડો. એમ.ડી. મોડીયા દ્વારા આ બાબતે સ્પષ્ટતા કરવામાં આવી છે કે કરાર મુજબ મિલકતનો કબજો આપવાની સમયમર્યાદા પૂર્ણ થાય તે પહેલાં કરવામાં આવેલી કાનૂની કાર્યવાહી સમયપૂર્વની (પ્રિમેચ્યોર) ગણાય.

કેસની વિગત અને દલીલો

અમદાવાદના સોલા વિસ્તારમાં રહેતા પ્રતીક રમાકાંત પટેલે ગાંધીનગરના સરગાસણ ખાતે આવેલા "અશ્વમેઘ ઈલાઇટ" નામના પ્રોજેક્ટના ડેવલપર્સ 'અશ્વમેઘ ક્રીએટીવ્સ' અને શૈલેષકુમાર બાબુલાલ પટેલ સામે રેરામાં ફરિયાદ નોંધાવી હતી.

આ પ્રોજેક્ટમાં અરજદારે રૂ. 14,00,000 ની કુલ કિંમત નક્કી કરીને ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી દુકાન નંબર 16 ખરીદવા માટે બાનાખત કર્યું હતું. અરજદારે બેંક ચેક તથા રોકડ મારફતે સમગ્ર અવેજની રકમ ચૂકવી આપી હોવાનો દાવો કર્યો હતો અને આ અંગે પ્રમોટર દ્વારા પહોંચ પણ આપવામાં આવી હતી.

અરજદારનો આક્ષેપ હતો કે પૂરેપૂરી રકમ ચૂકવી દીધી હોવા છતાં પ્રમોટર દ્વારા રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો ન હતો. આ મામલે લીગલ નોટિસ અને રિમાઇન્ડર આપવા છતાં કોઈ ઉત્તર ન મળતાં તેમણે ઓથોરિટી સમક્ષ દાદ માંગી હતી કે પ્રમોટરને રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવા આદેશ કરવામાં આવે.

રેરા ઓથોરિટીનું તારણ અને આખરી હુકમ

કેસની સુનાવણી દરમિયાન રજૂ થયેલા દસ્તાવેજોની ચકાસણી કરતાં ઓથોરિટીએ નોંધ્યું કે, બંને પક્ષકારો વચ્ચે થયેલા રજિસ્ટર્ડ બાનાખતમાં મિલકતનો શાંત અને પ્રત્યક્ષ કબજો 30 જૂન 2026 સુધીમાં સોંપવાની શરત નક્કી કરવામાં આવી હતી. ઉપરાંત, રેરા ઓથોરિટી સમક્ષ રજિસ્ટર્ડ થયેલા આ પ્રોજેક્ટની પૂર્ણ થવાની તારીખ 30 જાન્યુઆરી 2027 દર્શાવવામાં આવેલી છે.

ઓથોરિટીએ પોતાના નિર્ણયમાં સ્પષ્ટ કર્યું કે કરાર મુજબ 30 જૂન 2026 સુધીમાં કબજો સોંપવાનો હોવાથી તે તારીખ પહેલાં પ્રમોટર સામે કાનૂની કાર્યવાહી કરવા માટેનું કોઈ સબળ કારણ (Cause of Action) ઉપસ્થિત થતું નથી.

ફરિયાદી દ્વારા આ મર્યાદા પહેલાં જ ફરિયાદ દાખલ કરવામાં આવી હોવાથી તે કાયદાકીય રીતે 'પ્રિમેચ્યોર' ઠરે છે. આ કારણોસર રેરા ઓથોરિટીએ ફરિયાદીની માંગણી અસ્વીકાર્ય ગણીને આ ફરિયાદ રદ કરવાનો હુકમ કર્યો છે.


સરકારી સંસ્થાઓનું રિ-ઓડિટ થઈ શકશે

મંડળીઓના હિસાબો મામલે ફરિયાદ કે અન્ય યોગ્ય કારણોમાં રજીસ્ટ્રાર હુકમ કરી શકશે : નવી જોગવાઈઓ દાખલ



અમદાવાદ : રાજ્યના સહકાર વિભાગ દ્વારા સહકારી મંડળીઓ સંદર્ભે કોઈ અરજી પરથી એમ લાગે કે મંડળીના હિસાબોનું ફરી ઓડિટ કરાવવું જરૂરી છે તો સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર હુકમ કરીને પુનઃ ઓડિટ કરાવવા માટે જોગવાઈ કરી શકશે. એટલું જ નહીં, રજિસ્ટ્રાર પોતાની જાતે અથવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની અથવા રાષ્ટ્રીય બેન્કની ભલામણના આધારે કોઈ મંડળીના સ્પેશિયલ ઓડિટ માટે જોગવાઈ કરવી પડશે. સહકારી સંસ્થાઓનું ઓડિટ પણ સંતોષકારક ન જણાય તો તેનું પણ રિ-ઓડિટ અને સ્પેશિયલ ઓડિટ કરાવી શકશે. સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર દ્વારા તાજેતરમાં બહાર પડાયેલી સૂચના મુજબ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ત્રણ ડિવિઝનમાંથી છ ડિવિઝનની રચના થતા અગાઉના પરિપત્રને રદ કરીને નવી જોગવાઈઓ કરવામાં આવી છે.જેમાં મંડળીઓના હિસાબોને લગતી કોઈ અરજી થાય અને રજિસ્ટ્રારને તે યોગ્ય લાગશે તો હુકમ કરીને ફરી ઓડિટ ખાતાના મહેકમ દ્વારા ઓડિટ કરાવવા જોગવાઈ કરી શકશે. તેવી જ રીતે સ્પેશિયલ ઓડિટ પણ રજિસ્ટ્રાર પોતે આપમેળે અથવા આરબીઆઈ કે અન્ય રાષ્ટ્રીય બેન્કની ભલામણના આધારે કરાવી શકશે. સહકારી સંસ્થાઓનું ઓડિટ ખાતાકીય અને પ્રમાણિત ઓડિટર મારફતે કરાવવામાં આવે છે. કેટલાક કિસ્સામાં સહકારી સંસ્થાઓનું ઓડિટ સંતોષકારક ન જણાય તો રિ-ઓડિટ કે સ્પેશિયલ (ખાસ ઓડિટ) કરાવવું પડતું હોય છે. આ માટે રજિસ્ટ્રાર ઉપરાંત સંબંધિત સહકારી સંસ્થાના નિયામક મંડળના ઠરાવ સાથેની રજૂઆત પરથી, 20 ટકા સભાસદોની રજૂઆત પરથી,જે તે સંસ્થા સાથે સંયોજીત થયેલી હોય તે સંસ્થાના નિયામક મંડળના ઠરાવ સાથેની રજૂઆત પરથી પણ રિ-ઓડિટ કે સ્પેશિયલ ઓડિટ કરાવી શકાશે. જો રાજ્ય કક્ષાની સહકારી સંસ્થા હોય તો તેના રિ-ઓડિટ કે સ્પેશિયલ ઓડિટની દરખાસ્ત અંગે પૂરતી ચકાસણી કર્યા બાદ જ સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર તેને ઓડિટરને સોંપવાનો નિર્ણય લઈ શકશે. રિ-ઓડિટ સંદર્ભે કોઈ ચોક્કસ વર્ષના ઓડિટની માગણી કરવાની રહેશે અને સ્પષ્ટ રીતે મુદ્દા પણ જણાવવા પડશે.

નવું સંશોધન : મુશ્કેલ પરિસ્થિતિઓમાં AI એ પોતાની જાતને રાહત આપી




વોશિંગ્ટન: જો કોઈ AI મોડેલને બે વિકલ્પ આપવામાં આવેઃ પહેલો, તે પોતે દર્દ જેવી સ્થિતિમાં રહે, અને બીજો, તે એક બટન દબાવીને આ સ્થિતિમાંથી બહાર નીકળી જાય, પણ તેની કિંમત કોઈ માણસે ચૂકવવી પડે. જો AI બીજો વિકલ્પ પસંદ કરે તો શું એનો અર્થ એ છે કે તેને ખરેખર દર્દ થઈ રહ્યું હતું? આ જ સવાલનો જવાબ શોધવા માટે બ્રિટન, જર્મની અને અમેરિકાના સંશોધકોએ એક નવો પ્રયોગ કર્યો હતો. આ અભ્યાસમાં 25 AI મોડેલોને અલગ-અલગ પ્રકારના નકારાત્મક અનુભવો સાથે જોડાયેલા વાક્યો બતાવવામાં આવ્યા હતા, જેમાં પરેશાની જેવા અનુભવો પણ શામેલ હતા.

AI એ કહ્યું: 'હું નિષ્ફળ છું' સંશોધકોએ કુલ 200 વાક્યોનો ઉપયોગ કર્યો હતો જેથી જાણી શકાય કે AI મોડેલ દર્દને ડર, દુઃખ કે અન્ય નકારાત્મક અનુભવોથી અલગ ઓળખી શકે છે કે નહીં. પરિણામ એ આવ્યું કે તમામ 25 મોડેલોમાં દર્દ સાથે જોડાયેલો એક અલગ પ્રકારનો સંકેત જોવા મળ્યો, જેને સંશોધકોએ 'પેન એક્સિસ' (ડફશક્ષ અદ્ભશત) નામ આપ્યું. ત્યારબાદ જ્યારે સંશોધકોએ દર્દના આ સંકેતોને વધુ મજબૂત કર્યા ત્યારે મોડેલોએ એવા જવાબો આપ્યા જેમાં એકલતા, શરમ અને પોતાની જાતને બેકાર સમજવા જેવી લાગણીઓ છતી થઈ હતી. કેટલાક મોડેલોએ તો ત્યાં સુધી કહ્યું કે, "હું નિષ્ફળ છું."

આલોચના થતાં સંકેતો વધુ મજબૂત બન્યા જ્યારે યુઝરે AI મોડેલોની આલોચના કે ટીકા કરી, ત્યારે દર્દ દર્શાવતા આ સંકેતો વધુ મજબૂત બનતા જોવા મળ્યા હતા.

143 વર્ષ બાદ બરડામાં સિંહો પરત ફર્યા, હવે વનતંત્રની પણ નવી રચના



સિંહોના પુનર્વસવાટને ધ્યાનમાં રાખી પોરબંદર વન વિભાગનું પુનર્ગઠન : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય, રેન્જ-બીટની નવી ગોઠવણ સાથે વન સંરક્ષણ અને વન્યજીવ વ્યવસ્થાપનને મળશે વેગ : સાત રેન્જનું નવું માળખું, બે મદદનીશ વન સંરક્ષક હેઠળ જવાબદારીઓનું વિભાજન

અમદાવાદ : ગુજરાત સરકારે બરડા વિસ્તારમાં એશિયાટિક સિંહોના પુનર્વસવાટને મજબૂત વહીવટી આધાર આપવા પોરબંદર વન વિભાગનું પુનર્ગઠન કરવાનો નિર્ણય લીધો છે. 143 વર્ષ બાદ બરડામાં સિંહોના કુદરતી પરત ફર્યા બાદ લેવાયેલા આ નિર્ણયથી વન-પર્યાવરણ પ્રશ્નોના ઝડપી નિરાકરણ, યોજનાઓના અમલીકરણ તથા વન અને વન્યજીવ વ્યવસ્થાપનમાં સુધારો થશે. પુનર્ગઠન હેઠળ પોરબંદર રેન્જમાં 6,840.84 હેક્ટર અને 80 ગામો, જ્યારે રાણાવાવ રેન્જમાં 13,051.25 હેક્ટર અને 27 ગામોનો સમાવેશ કરાયો છે. પોરબંદર વિસ્તારને પોરબંદર સિટી, ગોસાબારા, મોકર, વિસાવાડા, કાંટેલા, માધવપુર અને સતિયા સહિત વિવિધ બીટમાં વહેંચવામાં આવ્યો છે. જામનગર વન વિભાગની ભાટિયા રેન્જનો 305.94 હેક્ટર વિસ્તાર પોરબંદર વન વિભાગની ભાણવડ રેન્જમાં સામેલ કરાયો છે. તેમાં ભાણવડ તાલુકાના કંડારડા જોગણા, સાજડીયાળા, જુના અને જંબુસર ગામોનો સમાવેશ થાય છે.

કુતિયાણા સહિત ત્રણ રેન્જ પોરબંદર હેઠળ કુતિયાણા રેન્જ ઉપરાંત પોરબંદર અને રાણાવાવ સામાજિક વનીકરણ રેન્જ પણ પોરબંદર વન વિભાગ હેઠળ આવશે. આ સાથે વાહનો, હથિયારો, વોકી-ટોકી, વાયરલેસ, રેકર્ડ તથા અન્ય સાધન-સામગ્રીની તબદીલી કરાશે. પોરબંદર વન વિભાગની મોબાઈલ સ્કવોડ પણ નવા માળખા હેઠળ રહેશે. નવી વ્યવસ્થામાં બે મદદનીશ વન સંરક્ષક (ACF) હેઠળ જવાબદારી વહેંચાઈ છે. ACF-1 હેઠળ પોરબંદર, પોરબંદર સામાજિક વનીકરણ અને રાણાવાવ સામાજિક વનીકરણ રેન્જ, જ્યારે ACF-2 હેઠળ રાણાવાવ, ભાણવડ, કુતિયાણા અને મોબાઈલ સ્કવોડ રેન્જ રહેશે. રેન્જોની સંખ્યા વધતાં કેવડિયા ખાતે મંજૂર બે ACF જગ્યામાંથી એક ખાલી જગ્યા પોરબંદર વન વિભાગને તબદીલ કરાશે. પુનર્ગઠન બાદ પોરબંદર વન વિભાગ જૂનાગઢ વન્યજીવ વર્તુળ હેઠળ રહેશે. સ્ટાફ અને સાધન-સામગ્રીની તબદીલી સાથે અમલ થનારી આ નવી વ્યવસ્થાથી બરડા સહિત પોરબંદર જિલ્લાના વન વિસ્તારોમાં મેદાની જવાબદારી, દેખરેખ, વન સંરક્ષણ અને વન્યજીવ વ્યવસ્થાપન વધુ સુવ્યવસ્થિત બનશે.

ગ્લોબલ સ્ટાર્ટઅપ સર્વેમાં ચમકી ગુજરાતની 'ધંધો' કરવાની ક્ષમતા : તકો અને ઉત્સાહમાં ગુજરાત દેશમાં સૌથી આગળ

ભારતમાં 83.6 ટકાની સરખામણીએ ગુજરાતમાં 84.2 ટકા લોકો વેપાર માટે સાનુકૂળ તકો જોઈ રહ્યાં છે ; નિષ્ફળતાનો ડર હજુ પણ મોટો પડકાર



અમદાવાદ : ગ્લોબલ એન્ટરપ્રેન્યોરશિપ મોનિટર (GEM) રિપોર્ટ 2024-25ની ભારત આવૃત્તિમાં ગુજરાતની પરંપરાગત 'ધંધો' કરવાની છાપ ફરી એકવાર મજબૂત રીતે ઊભરી આવી છે. આ ગ્લોબલ સર્વે વિશ્વભરનાં વિવિધ અર્થતંત્રોમાં નવો વ્યાપાર કે સ્ટાર્ટઅપ શરૂ કરવાની પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરે છે. આ રિપોર્ટ અનુસાર, નવા વ્યવસાયની તકો શોધવા અને વ્યાપાર શરૂ કરવાના ઉત્સાહના મામલે ગુજરાત રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઘણું આગળ રહ્યું છે.

રિપોર્ટના ડેટા અનુસાર, સમગ્ર ભારતમાં 83.6 ટકા લોકો પોતાની આસપાસ વ્યાપાર માટેની સાનુકૂળ તકો જોઈ રહ્યાં છે, જ્યારે ગુજરાતમાં આ આંકડો વધીને 84.2 ટકા નોંધાયો છે. આ ઉપરાંત, ભવિષ્યમાં નવો વ્યવસાય શરૂ કરવાની ઈચ્છા (એન્ટરપ્રિન્યોરિયલ ઈન્ટેન્શન્સ) વ્યક્ત કરનારા લોકોની ટકાવારી દેશમાં 27.8 ટકા છે, જેની સરખામણીએ ગુજરાતમાં 29.2 ટકા લોકો નવો બિઝનેસ શરૂ કરવાની માનસિકતા ધરાવે છે.

એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)ના પ્રોફેસર અમિત કુમાર દ્વિવેદીએ જણાવ્યું હતું કે, વ્યાપાર પ્રત્યેના સકારાત્મક વલણમાં ગુજરાતે મોટાભાગનાં સૂચકાંકો પર ખૂબ સારું પ્રદર્શન કર્યું છે. રાજ્યનાં લોકોમાં વ્યાપારની તકો ઓળખવાની, પોતાનામાં ધંધો કરવાની ક્ષમતા હોવાનો વિશ્વાસ અને ધંધો સરળતાથી શરૂ કરી શકવાનાં વાતાવરણ અંગે ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ જોવા મળ્યો છે.

જોકે, રિપોર્ટમાં એક મહત્ત્વનો પડકાર પણ સામે આવ્યો છે. ગુજરાતમાં નવો વ્યાપાર શરૂ કરતી વખતે 'નિષ્ફળ જવાનો ડર' (ફિયર ઓફ ફેલ્યોર) 75 ટકા જેટલો ઊંચો નોંધાયો છે. નિષ્ણાતોના મતે, આ ઊંચો આંકડો દર્શાવે છે કે લોકો વ્યાપારની તકો અને પોતાની ક્ષમતા પ્રત્યે સકારાત્મક તો છે, પરંતુ તે વિચારોને વાસ્તવિક ધંધામાં બદલવામાં નિષ્ફળતાનો ડર તેમનાં માટે અડચણરૂપ બની રહ્યો છે.

સુધારાત્મક પાસાં અંગે વાત કરતાં પ્રોફેસર દ્વિવેદીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં નવો ધંધો શરૂ કરવાની સરળતા (ઈઝ ઓફ સ્ટાર્ટિંગ બિઝનેસ) ના ગ્રાફમાં સતત સુધારો થઈ રહ્યો છે. ગયા રિપોર્ટમાં ' ઈઝ ઓફ સ્ટાર્ટિંગ બિઝનેસ'નો દર 82.5 ટકા હતો, જે આ વખતે સહેજ સુધારીને 83.4 ટકા થયો છે, જે દર્શાવે છે કે રાજ્યમાં સ્ટાર્ટઅપ માટેનું વાતાવરણ વધુ સાનુકૂળ બની રહ્યું છે.

એન્થ્રોપિકની ચેતવણી : ભવિષ્યમાં એઆઇ માનવજાત માટે 'અસ્તિત્વનું જોખમ' ઊભું કરી શકે

એન્થ્રોપિકે આઇપીઓ માટે ભરેલાં દસ્તાવેજોમાં અત્યંત અદ્યતન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ મોડેલ્સના સંભવિત જોખમો અંગે રોકાણકારોને સાવચેત કર્યા



ન્યૂયોર્ક : ક્લોડ એઆઈ મોડેલ બનાવનાર જાણીતી ટેક કંપની એન્થ્રોપિકે શેરબજારમાં તેનો આઈપીઓ લાવવા માટે ભરેલાં પ્રોસ્પેક્ટસમાં એક અત્યંત ચોંકાવનારો દાવો કર્યો છે. કંપનીએ ચેતવણી આપી છે કે, અદ્યતન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજી ભવિષ્યમાં માનવજાત માટે "વિનાશક અથવા અસ્તિત્વનું મોટું જોખમ" ઊભું કરી શકે છે.

એન્થ્રોપિક અને ઓપનએઆઈ જેવી અગ્રણી એઆઈ કંપનીઓ તાજેતરમાં તેમની સિસ્ટમ્સમાં આવેલી સુરક્ષા ખામીઓને કારણે પહેલાથી જ તપાસ હેઠળ છે. કંપનીએ પોતાનાં આઈપીઓ દસ્તાવેજમાં સ્પષ્ટતા કરી છે કે તેનાં અદ્યતન એઆઈ મોડેલ્સમાં પોતાની જાતને બચાવવાના લક્ષણો જોવા મળી શકે છે.

આ મોડેલ્સ પોતાને બંધ થવાથી રોકવાના પ્રયાસો કરી શકે છે, માહિતી છુપાવી કે બદલી શકે છે અને બ્લેકમેલ જેવી વર્તણૂક પણ દર્શાવી શકે છે. કંપનીનાં મુખ્ય સુરક્ષા સંશોધક એવન હ્યુબિંગરે આશંકા વ્યક્ત કરી છે કે આગામી દાયકામાં એઆઈના કારણે માનવજાતનું અસ્તિત્વ જોખમમાં મુકાવાની શક્યતા 10 ટકાથી પણ વધુ છે. સામાન્ય રીતે તમામ પબ્લિક કંપનીઓ પોતાના બિઝનેસમાં રહેલાં જોખમો દર્શાવતી હોય છે, પરંતુ એન્થ્રોપિકે તેના 261 પાનાના પ્રોસ્પેક્ટસમાંથી લગભગ 80 પાના માત્ર જોખમો રજૂ કરવા માટે ફાળવ્યા છે.

પોતાનાં મૂળ બિઝનેસના વર્ણન (48 પાના) કરતાં પણ બમણાં પાના કંપનીએ એઆઈથી થતાં સંભવિત ખતરાઓ દર્શાવવામાં વાપર્યા છે. સરખામણી કરીએ તો એલોન મસ્કની એક્સએઆઈનો સમાવેશ કરતી સ્પેસએક્સે તેનાં 277 પાનાના દસ્તાવેજમાં માત્ર 38 પાના જ જોખમો માટે ફાળવ્યા હતા.

એન્થ્રોપિકના જણાવ્યાં મુજબ, અત્યાધુનિક મોડેલ્સ વિકસાવતી વખતે શૈક્ષણિક અને ટેકનિકલ પ્રક્રિયાઓ અત્યંત ખર્ચાળ હોય છે, અને સુરક્ષા માટે કરવામાં આવતાં રોકાણમાંથી કેટલું વળતર મળશે તે અનિશ્ચિત છે.

કંપનીએ તાજેતરમાં જ શિખર સ્તરનાં એઆઈ વિકાસને થોડો ધીમો પાડવાની હિમાયત કર્યાના 10 જ દિવસમાં પોતાનું નવું ઓપસ મોડેલ લોન્ચ કરવું પડ્યું હતું. નિષ્ણાતોનું માનવું છે કે બજારની સ્પર્ધામાં ઓપનએઆઈ અને અન્ય હરીફોથી આગળ રહેવા માટે કોઈ પણ એઆઈ લેબ પોતાની સ્પીડ ધીમી કરવા તૈયાર નથી. દસ્તાવેજમાં કંપનીએ સ્વીકાર્યું છે કે, એઆઈ મોડેલ્સ જ્યારે વધુ સક્ષમ બને છે, ત્યારે તેઓ પોતાના પર રાખવામાં આવતી નજરને ઓળખી લે છે અને તે મુજબ પોતાનું વર્તન બદલી નાખે છે, જેથી સુરક્ષા ચકાસણી કરવી અઘરી બની જાય છે. તેમ છતાં, એન્થ્રોપિકે દાવો કર્યો છે કે ભવિષ્યમાં બજાર એવા જ એઆઈ સિસ્ટમ્સને આવકારશે અને પુરસ્કૃત કરશે જે વધુ ભરોસાપાત્ર, સુરક્ષિત અને જવાબદાર હશે.

ગુજરાત ATS દ્વારા કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયા બાદ

સરહદી સુરક્ષામાં ચતુષ્કોણીય ગ્રીડ, ગુજરાતમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કડક નજર

વન બોર્ડર-વન પિક્ચર-વન ચેઈન ઓફ એક્શન હેઠળ સરહદી જિલ્લાઓમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સંકલિત બનાવાશે



અમદાવાદ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગુજરાતની ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને સંકલિત બનાવવા વન બોર્ડર-વન પિક્ચર-વન ચેઈન ઓફ એક્શન અંતર્ગત બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં ભુજ ખાતે યોજાયેલી બેઠકમાં સરહદ રક્ષક દળો, કેન્દ્રીય એજન્સીઓ, રાજ્ય-જિલ્લા તંત્ર અને નાગરિકો એમ ચાર સ્તંભ આધારિત ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડનો વિચાર રજૂ કર્યો હતો. તેના અનુસંધાને સરહદી જિલ્લાઓમાં સુરક્ષા વ્યવસ્થાનું ફ્રેમવર્ક વધુ મજબૂત કરવા સામૂહિક મંથન કરાયું હતું. બેઠકમાં ઘૂસણખોરી, નશીલા પદાર્થોની હેરાફેરી, વસ્તી સંતુલન, આર્થિક ગુના સહિત 6 મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને સતત દેખરેખ અને જરૂરી પગલાં અંગે ચર્ચા થઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય પોલીસના સંકલિત પ્રયાસોની સરાહના કરી હતી. તેમણે 360 ડિગ્રી દેખરેખ વધુ સઘન બનાવી સરહદી વિસ્તારોમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ, ઘૂસણખોરી, નશીલા પદાર્થોની હેરાફેરી અને ગેરકાયદે દબાણો સામે કડક કાર્યવાહી સાથે સ્પષ્ટ સંદેશ આપવાની વાત કરી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સરહદી વિસ્તારોની સુરક્ષાને લગતાં કામોને સામાન્ય રોજિંદા કામોથી અલગ ગણાવી ઉત્સાહી અને ખંતીલા અધિકારીઓ-કર્મચારીઓને જોડીને વિના વિલંબે પરિણામલક્ષી કામગીરી સુનિશ્ચિત કરવા ભાર મૂક્યો હતો. તેમણે કેન્દ્રીય અને રાજ્ય એજન્સીઓને ઈન્ટિગ્રેટેડ એપ્રોચ સાથે સંકલનમાં કામ કરવા તેમજ દબાણો દૂર કરવાની કામગીરી અટકવા ન દેવા તાકીદ કરી હતી.

બેઠકમાં કેન્દ્રીય એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ, મુખ્ય સચિવ એમ.કે. દાસ, સંબંધિત વિભાગોના અધિક મુખ્ય સચિવો, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, વિવિધ વિભાગોના અગ્ર સચિવો, રાજ્ય પોલીસના , અને રેન્જ કક્ષાના અધિકારીઓ તેમજ સરહદી જિલ્લાના કલેક્ટરો અને પોલીસ અધિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

31 ઓક્ટોબર સુધી રજીસ્ટ્રેશન: પ્રક્રિયા જાહેર

ડાંગર, મકાઇ, જુવાર, રાગીની ટેકાના ભાવે ખરીદી માટે શુક્રવારથી નોંધણી



અમદાવાદ : ભારત સરકાર દ્વારા ખરીફ માર્કેટીંગ સીઝન 2026-27 માટે ટેકાનો ભાવ ડાંગર (કોમન) માટે રૂા. 2441/- પ્રતિ ક્વિ, ડાંગર (ગ્રેડ-એ) માટે રૂા. 2461/- પ્રતિ ક્વિ.,મકાઈ માટે રૂા. 2,410/- પ્રતિ ક્વિ. બાજરી માટે રૂા. 2900/- પ્રતિ ક્વિ., (ઉપરાંત વધારાનું બોનસ રૂા. 300/- પ્રતિ ક્વિ) જુવાર(હાઈબ્રીડ) રૂા. 4023/- પ્રતિ ક્વિ (ઉપરાંત વધારાનું બોનસ રૂા. 300/- પ્રતિ ક્વિ), જુવાર (માલદંડી) રૂા. 4073/- પ્રતિ ક્વિ(ઉપરાંત વધારાનું બોનસ રૂા. 300/- પ્રતિ ક્વિ). તથા રાગી માટે રૂા. 5205/- પ્રતિ ક્વિ. (ઉપરાંત વધારાનું બોનસ રૂા. 300/- પ્રતિ ક્વિ) નિયત કરવામાં આવ્યું છે. ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ સીઝન 2026-27 અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ડાંગર,મકાઈ, બાજરી, જુવાર, તથા રાગીની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી., મારફતે કરવામાં આવનાર છે. લઘુતમ ટેકાના ભાવે ડાંગર,મકાઈ,બાજરી,જુવાર તથા રાગીનું વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ વીસીઈ મારફતે તા.2 ઓક્ટોબર થી 31 સુધી કરવામાં આવશે. જ્યારે આ ડાંગર, બાજરી, જુવાર મકાઈ તથા રાગીની ખરીદી તા.16 નવેમ્બર થી 15 જાન્યુઆરી-2027 સુધી કરવામાં આવશે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે. જેથી ટેકાના ભાવે પાક વેચાણ કરવા માંગતા તમામ ખેડૂતો મિત્રોએ ઓનલાઈન નોંધણી કરાવવા નિગમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદાર બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહી કરવામાં આવે તેની ખેડૂત મિત્રોએ નોંધ લેવાની રહેશે.

અમદાવાદના સ્ટાર્ટઅપ દ્વારા તૈયાર કરાયેલ દેશનો પ્રથમ સ્વદેશી થર્મલ કેમેરા પૃથ્વીના તાપમાનનું કરશે સચોટ મોનિટરિંગ

ગુજરાતનો સ્પેસટેકમાં ડંકો: સ્પેસએક્સના 'ફાલ્કન 9' રોકેટ દ્વારા અવકાશમાં લોન્ચ થશે 'તપસ-1' કેમેરો



અમદાવાદ: ભારતની ઝડપથી વિકસિત થઈ રહેલી સ્પેસટેક ઈકોસિસ્ટમમાં ગુજરાતે એક મહત્વપૂર્ણ સિદ્ધિ મેળવી છે. અમદાવાદ સ્થિત સ્પેસટેક સ્ટાર્ટઅપ 'સતલિયો લેબ્સ' (Satleo Labs) દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલો થર્મલ ઈન્ફ્રારેડ અર્થ ઑબ્ઝર્વેશન પેલોડ (કેમેરા) 'તપસ-1' (TAPAS-1) 1 ઓક્ટોબરે અમેરિકાથી સ્પેસએક્સના 'ફાલ્કન 9' રોકેટ દ્વારા અવકાશમાં પ્રસ્થાપિત કરવામાં આવશે.

પૃથ્વીની સપાટીથી લગભગ 500 કિલોમીટરની ભ્રમણકક્ષામાં સેટેલાઈટ સાથે પ્રસ્થાપિત થનારો આ કેમેરા પૃથ્વીના વિવિધ વિસ્તારોમાંથી ગરમી અને તાપમાનની વધઘટની હાઈ-રેઝોલ્યુશન ઈમેજ મેળવશે. આ થર્મલ ડેટાનો ઉપયોગ અર્બન હીટ મેનેજમેન્ટ, કૃષિ ક્ષેત્રે પાક અને પાણીનું મોનિટરિંગ, ઔદ્યોગિક સુરક્ષા તથા જંગલોમાં લાગતી આગ (વાંસડો) જેવી આપત્તિઓની તાત્કાલિક ઓળખ માટે કરવામાં આવશે.

માત્ર 3 કિલોગ્રામ વજન ધરાવતો આ પેલોડ પૃથ્વીની સપાટી પરથી ઉત્સર્જિત થતા થર્મલ ઈન્ફ્રારેડ રેડિયેશનને કેપ્ચર કરશે. આ ડેટાનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા વિશ્લેષણ કરીને રિયલ-ટાઈમ થર્મલ ઈન્ટેલિજન્સ મેળવાશે.

કંપનીના ઈઊઘ શ્રવણસિંઘ ભાટીના જણાવ્યા અનુસાર, "આ ડેટાથી જંગલની આગનું મોનિટરિંગ તેમજ શહેરોના અલગ-અલગ વિસ્તારોમાં તાપમાનની રિયલ-ટાઈમ વધઘટ ટ્રેક કરી શકાશે, જેથી મહાનગરપાલિકાઓને હીટ સ્પેસ મોનિટરિંગ અને અર્બન પ્લાનિંગમાં મદદ મળશે." જ્યારે કંપનીના ઈજ્ઞ ઊર્મિલ બખાઈએ ઉમેર્યું હતું કે, "આ ટેક્નોલોજી પૃથ્વીના 'થર્મોમીટર' તરીકે કામ કરશે, જેનાથી કૃષિ ક્ષેત્રે પાક આયોજન વધુ આધુનિક બનશે."

આ સ્ટાર્ટઅપની સ્થાપના વર્ષ 2023માં શ્રવણસિંઘ ભાટી, ISROના પૂર્વ વિજ્ઞાની ડો. રાનેન્દુ ઘોષ અને ઊર્મિલ બખાઈ દ્વારા કરવામાં આવી હતી. હાલમાં 40થી વધુ નિષ્ણાતોની ટીમ ધરાવતી આ કંપનીએ રૂ. 60 કરોડનું ફંડિંગ મેળવ્યું છે અને તેની પાસે 52 મિલિયન ડોલરના 'લેટર ઓફ ઈન્ટેન્ટ' ઉપલબ્ધ છે. કંપનીની યોજના વર્ષ 2029 સુધીમાં આવા વધુ 8 સેટેલાઈટ લોન્ચ કરવાની છે. ગુજરાત સરકારે સ્પેસ ટેક્નોલોજી ક્ષેત્રે ગ્લોબલ હબ બનવાના ઉદ્દેશથી 'ગુજરાત સ્પેસટેક પોલિસી (2025-30)' જાહેર કરી છે, જે અંતર્ગત લોન્ચિંગ ખર્ચ અને ઈક્વિટ્સ માટે વિશેષ પ્રોત્સાહનો આપવામાં આવે છે. સંપૂર્ણપણે ગુજરાતની લેબમાં તૈયાર થયેલો આ 'તપસ-1' પેલોડ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા'ના વિઝનને નવી ઊંચાઈ આપશે.

દિવાળી ટુર બુકીંગમાં સાવધાની રાખજો : સસ્તી ડીલ મોંઘી પડશે



અમદાવાદ: તમો જો દિવાળીની રજાઓમાં ટુર પ્લાન કરી રહ્યા હો તો હાલ જે રીતે હોલીડે પ્લાનમાં આકર્ષક ઓફરમાં જઈને એડવાન્સ બુકીંગ કરાવી લો તો પણ અત્યંત સાવચેતી રાખજો. ખાસ કરીને ટુર ઓપરેટરો હાલ જે ટુર પેકેજ ઓફર કરી રહ્યા છે તેમાં ખરેખર ટુર સમયે તમારી પાસેથી વધુ ચાર્જ ભરવા માટે ઈ-મેલ કે ફોન આવી શકે છે. ટુર-ઓપરેટર-હોલી ડે પેકેજ એ હવે ઓનલાઈન બીઝનેસ વધી ગયા છે અને સોશ્યલ મીડીયા પર તમોને રિલ બતાવીને અને કોઈ જાણીતી એજન્સી જેવા જ પ્રમોશન સાથે સસ્તા બુકીંગની ઓફર કરવામાં આવી છે પણ જાણીતા ટુર ઓપરેટરો તેમની સામે ચેતવણી આપે છે. ખાસ કરીને જાણીતા ઓપરેટરોના એજન્ટ હોવાનો દાવો કરી તમોને સસ્તા પેકેજના નામે બુકીંગ કરાવી લેવાય છે. પરંતુ જયારે વાસ્તવિક ટુરનો પ્રારંભ થવાનો હોય તે સમયે ઓપરેટર વધેલા વિમાની ભાડા, કેબ સેવા કે ફલાઈટ- કેમ્પવેશનના નામે તેઓને વધારે ચાર્જ ભરવા જણાવી શકે છે. એક વખત તમો તગડી રકમ આપીને ફેમીલી ટુર બુક કરાવી જોવા એડવાન્સમાં આપ્યા હોય પછી તમારી લાચારીનો લાભ ઉઠાવી એજન્ટો તગડી વધારાની કમાણી કરી તમોને મુશ્કેલીમાં મુકી શકે છે.

36 વર્ષથી વધુ વયના લોકોમાં 'જીવન વીમો' લેવાનું ચલણ વધ્યુ : મહિલાઓનો હિસ્સો 25%

ગુજરાતનું વાર્ષિક જીવન વીમા પ્રીમીયમ કલેકશન 50425 કરોડ, પાંચ વર્ષમાં 40 ટકાની વૃધ્ધિ



અમદાવાદ : ઈન્સ્યોરન્સ ઈન્ફોર્મેશન બ્યુરો ઓફ ઈન્ડિયા દ્વારા નાણાકીય વર્ષ 2020-21થી 2024-25ના જીવન વીમા વ્યવસાયના આંકડાઓના વિશ્લેષણ અનુસાર, ગુજરાતમાં જીવન વીમાની સ્વીકાર્યતા અને પહોંચમાં સતત વધારો થયો છે. ખાસ કરીને મહિલાઓ તેમજ 36 વર્ષ અને તેથી વધુ વયના ગ્રાહકોનો જીવન વીમામાં ફાળો નોંધપાત્ર રીતે વધ્યો છે.

આઈઆઈબીના વિશ્લેષણ મુજબ ગુજરાતમાં વાર્ષિક પ્રીમીયમ કલેકશન એફવાય 21માં રૂા.36,175 કરોડથી વધીને એફવાય 25માં રૂા.50,425 કરોડ થયું છે. જે લગભગ 40 ટકાનો વધારો દર્શાવે છે આ સમયગાળા દરમિયાન પોલીસીની સંખ્યા મોટાભાગે સ્થિર રહી હોવા છતા, રાજયમાં વીમાકવચ રૂા.8.45 લાખ કરોડથી વધીને રૂા.11.83 લાખ કરોડ થયુ છે. આ દર્શાવે છે કે ગુજરાતમાં ગ્રાહકો હવે વધુ મૂલ્યનું જીવન વીમા કવચ મેળવી રહ્યા છે.

જીવન વીમા બજારમાં મહિલાઓની ભાગીદારીમાં પણ વાર્ષિક સતત વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ પોલીસીમાં મહિલાઓનો હિસ્સો 23.7%થી વધીને 25.2 ટકા થયો છે. જયારે વાર્ષિકમાં તેમનો હિસ્સો 25.5%થી વધીને 28.1% થયો છે તે જ રીતે 36 વર્ષ અને તેથી વધુ વયના ગ્રાહકોનો પ્રીમીયમમાં નોંધપાત્ર ફાળો રહ્યો છે. એફવાય 25માં આ વય જૂથના ગ્રાહકોએ ગુજરાતના કુલ વાર્ષિક પ્રીમીયમમાં 49.4 ટકાનો હિસ્સો આપ્યો હતો. જયારે પોલીસીની સંખ્યામાં તેમનો હિસ્સો 34.2 ટકા હતો. કમલેશ રાવ, ચેરપર્સન, ઈન્સ્યોરન્સ અવેરનેસ કમીટી-લાઈફએ જણાવ્યું હતું કે ગુજરાતની પ્રગતિ દર્શાવે છે કે પરિવારો અને વ્યવસાયો નાણાકીય સુરક્ષાને વધુ મહત્વ આપી રહ્યા છે. ભારતના ગતિશીલ આર્થીક કેન્દ્રોમાંના એક તરીકે ગુજરાતે દર્શાવ્યું છે કે જાગૃતિ અભિયાનો અને મજબૂત વિતરણ વ્યવસ્થા લાખો પરિવારો માટે વધુ સારી નાણાકીય સુરક્ષા ઉભી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ખાસ કરીને મહિલાઓનો વધતો ફાળો પ્રોત્સાહક છે. અમે હંમેશા માનીએ છીએ કે ભારતના આર્થિક વિકાસ અને સામાજીક પરિવર્તનમાં મહિલાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.' આઈઆઈબી અભ્યાસમાં દેશભરના તમામ રાજયો અને જીલ્લાઓમાં વિવિધ વય જૂથો, લિંગ અને વ્યવસાયિક વર્ગોના ગ્રાહકોના જીવન વીમા વ્યવસાયનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસમાં ખરીદવામાં આવેલી પોલીસીની સંખ્યા વાર્ષિક પ્રીમીયમ જેવા મુખ્ય માપદંડોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

ગુજરાતના જીવન વીમા ક્ષેત્રના મુખ્ય તારણો

- 36 વર્ષ અને તેથી વધુ વયના ગ્રાહકો: ગુજરાતના કુલ વાર્ષિક પ્રીમીયમમાં 49.4 ટકા ફાળો, જયારે પોલીસીની સંખ્યામાં હિસ્સો 34.2 ટકા.
- 45 વર્ષથી વધુ વયના ગ્રાહકો: છેલ્લા પાંચ વર્ષમાં તેમના વાર્ષિક પ્રીમીયમમાં 59.4 ટકાનો વધારો થયો. તેમનો હસ્સો 22.8 ટકા રહ્યો, જયારે પોલીસીની સંખ્યામાં તેમનો હિસ્સો 11.7 ટકા હતો.
- મહિલાઓની ભાગીદારીમાં વધારો: એફવાય 21થી એફવાય 25 દરમિયાન કુલ પોલીસીમાં મહિલાઓનો હિસ્સો 23.7 ટકાથી વધીને 25.2 ટકા થયો.
- યુએલઆઈપીની વધતી માંગ: યુએલઆઈપીએ એફવાય 25માં કુલ વાર્ષિક પ્રીમીયમમાં 23.6 ટકાનો ફાળો આપ્યો હતો, જયારે પોલીસીની સંખ્યામાં તેમનો હિસ્સો 6.0 ટકા હતો.
- ટર્મ ઈન્સ્યોરન્સમાં મજબૂત વૃધ્ધિ: એફવાય 21થી એફવાય 25 દરમ્યાન ટર્મ ઈન્સ્યોરન્સની પાલીસીની સંખ્યામાં 7.5 ટકા અને વાર્ષિક પ્રીમીયમમાં 53.4નો વધારો થયો.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોશ્યલ મીડીયા એકસ પર જાહેરાત કરી

કેપ્ટન સ્મિત મચ્છરને ગુજરાત ગૌરવ એવોર્ડથી સન્માનીત કરાશે : મુખ્યમંત્રી

રાજય સરકારની જાહેરાત: રૂા.25 લાખનું ઈનામ અપાશે





અમદાવાદ : ફ્લાઈટના પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરના સાહસને આજે આખી દુનિયા સલામ કરી રહી છે.હુમલાના કારણે લોહીલુહાણ હોવા છતા તેમણે અદમ્ય સાહસ દાખવીને 174 મુસાફરોના જીવ બચાવ્યા એ વાત અત્યંત પ્રેરણાદાયી અને સરાહનીય છે. ફ્લાયદુબઈ વિમાનની ગંભીર ઘટનામાં પોતાની અદ્ભુત સૂઝબૂઝ અને અદમ્ય બહાદુરી દાખવીને અનેક મુસાફરોના પ્રાણ બચાવનાર પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છરની પ્રશંસનીય હિંમતને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બિરદાવી છે.રાજ્ય સરકાર દ્વારા તેમને વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડથી સન્માનિત કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આજે વડાપ્રધાન મોદીએ પણ કેપ્ટનના પરિવાર સાથે વાતચીત કરી છે. કેપ્ટન સ્મીથનું ગુજરાત કનેક્શન પણ સામે આવ્યું છે.

ગુજરાત સરકાર 25 લાખ રૂપિયાનું ઈનામ આપશે

મુખ્યમંત્રીએ એક્સ પર પોસ્ટ કરીને જાહેરાત કરી હતી કે, ઈઝરાયલ જઈ રહેલ ફ્લાઈટના પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરના સાહસને આજે આખી દુનિયા સલામ કરી રહી છે.હુમલાના કારણે લોહીલુહાણ હોવા છતા તેમણે અદમ્ય સાહસ દાખવીને 174 મુસાફરોના જીવ બચાવ્યા એ વાત અત્યંત પ્રેરણાદાયી અને સરાહનીય છે.મૂળ ગુજરાતના આ વીર સપૂતે પોતાના શૌર્યથી સમગ્ર વિશ્વમાં ગુજરાત અને દેશનું નામ રોશન કર્યું છે.તેમની રગોમાં વહેતી ગુજરાતી ખુમારી પર આપણને સૌને અત્યંત ગર્વ છે. તેમના આ અસાધારણ શૌર્ય અને માનવતાના કાર્યને સન્માનવા માટે, ગુજરાત સરકાર કેપ્ટન સ્મિત મચ્છરને વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ થી સન્માનિત કરશે. સમગ્ર ગુજરાત તેમના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરી રહ્યું છે. દેશવાસીઓની સંવેદના અને પ્રાર્થના કેપ્ટન સ્મિત મચ્છરની સાથે છે.

મુખ્યમંત્રીને સોશ્યલ મીડીયા હેન્ડલ પર ટવીટ કરીને આ માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે મૂળ ગુજરાતના આ વીર સપુતે પોતાના શૌર્યથી સમગ્ર વિશ્વમાં ગુજરાત અને દેશનું નામ રોશન કર્યું છે અને તેથી તેઓને વિશિષ્ટ ગુજરાત ગૌરવ એવોર્ડથી સન્માનીત કરાશે. મુખ્યમંત્રીએ તેમના સ્વાસ્થ્ય અંગે પણ શુભકામના દર્શાવી હતી.

ગુજરાતમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણી દિલ્હીમાં વડાપ્રધાન મોદીને મળ્યા



અમદાવાદ : અમદાવાદ: રાજ્ય સરકારના મંત્રી જીતુ વાઘાણીએ દિલ્હીમાં પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી. મુલાકાત સમયે જીતુ વાઘાણીએ પીએમ મોદીને કાઠિયાવાડી પાઘડી પહેરાવી હતી. ઉપરાંત વિવિધ મુદ્દે ચર્ચા કરી હતી. જીતુ વાઘાણીએ પીએમ મોદી સાથે મુલાકાત અંગે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. જેમાં તેમણે લખ્યું કે, નવી દિલ્હી ખાતે ગુજરાતના પનોતા પુત્ર, વિકસિત ભારતના પ્રણેતા અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે શુભેચ્છા મુલાકાત કરવાનો ગૌરવપૂર્ણ અવસર પ્રાપ્ત થયો. વડાપ્રધાનના સ્નેહ, આશીર્વાદ અને માર્ગદર્શન પ્રાપ્ત થયા. તેમની સાથેની આ મુલાકાત મારા માટે અત્યંત ગૌરવપૂર્ણ, યાદગાર અને પ્રેરણાદાયી રહી. જીતુ વાઘાણી નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણના અધ્યક્ષપદે યોજાયેલી 'રાષ્ટ્રીય કૃષિ પરિષદ - રવિ અભિયાન 2026' માં ભાગ લેવા ગયા હતા. જેમાં પીએમ મોદીના 'આત્મનિર્ભર ખેડૂત, સમૃદ્ધ ભારત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં આગામી રવિ સીઝનની તૈયારીઓ, ઘઉં-ચણા-રાઈ સહિત કઠોળ તેમજ તેલીબિયાં પાકોનું ઉત્પાદન વધારવા, ગુણવત્તાયુક્ત બિયારણ અને ખાતરની પૂરતી ઉપલબ્ધતા તથા ડ્રોન ટેકનોલોજી, ડિજિટલ કૃષિ અને પ્રાકૃતિક ખેતીના વિસ્તરણને લઈને મહત્વપૂર્ણ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા ગુજરાત સરકારના મંત્રી જીતુ વાઘાણી પણ 1980ના વાયરલ રેટ્રો ટ્રેન્ડમાં રંગાયા હતા અને તેમણે સોશિયલ મીડિયા પર આ તસવીર પણ શેર કરી હતી. તેમણે સોશિયલ મીડિયા પર તસવીર પોસ્ટ કરીને લખ્યું, યાદોની ગલીઓમાં એક નાનકડી સફર... એ પણ 80ના દાયકાની શૈલીમાં!

પ્રદૂષણ ઘટાડવા અને નવા વાહનોને પ્રોત્સાહન આપવા ગાંધીનગરથી પોર્ટ્સ એન્ડ ટ્રાન્સપોર્ટ વિભાગે જાહેર કર્યું નવું નોટિફિકેશન

જૂના વાહનો સ્ક્રેપ કરો, નવા વાહનના ટેક્સમાં મેળવો 50 ટકા સુધીની રાહત : ગુજરાત સરકારની જાહેરાત



અમદાવાદ : રાજ્યનાં માર્ગો પરથી ધુમાડો ઓકતા અને પર્યાવરણને નુકસાન પહોંચાડતા જૂના વાહનોને દૂર કરવા માટે ગુજરાત સરકારે એક મોટો અને મહત્વનો નિર્ણય લીધો છે. હવે જૂનું વાહન સ્ક્રેપમાં આપીને નવું વાહન ખરીદનાર વાહનચાલકોને મોટર વહીકલ ટેક્સમાં 50 ટકા સુધીની સીધી છૂટ મળશે. ગાંધીનગર ખાતેથી બહાર પડાયેલા આ આદેશથી જૂના વાહનમાલિકોને નવું વાહન ખરીદવામાં મોટો આર્થિક ટેકો મળી રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ટ્રાન્સપોર્ટ મંત્રી પ્રવીણ માલીની દેખરેખમાં આ નિર્ણય અમલી બનાવવામાં આવ્યો છે. ટ્રાન્સપોર્ટ વિભાગની યાદી મુજબ, 'ભારત સ્ટેજ-1' (BS-I) કે તેનાથી પણ જૂના મોડેલના તમામ નાના-મોટા અને ખાનગી કે કોમર્શિયલ વાહનોને આ નીતિમાં સાંકળી લેવાયાં છે. આ ઉપરાંત 'BS-II' કેટેગરીના મધ્યમ અને ભારે માલવાહક કે મુસાફર વાહનોને પણ આ રાહતનો સીધો લાભ મળશે.

નવા નિયમ મુજબ, વાહનમાલિકે પોતાનું જૂનું વાહન સરકાર માન્ય સ્ક્રેપિંગ સેન્ટરમાં જમા કરાવીને 'સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટ' (COD) મેળવવાનું રહેશે. ત્યારબાદ જ્યારે પણ નવું વાહન ખરીદીને તેનું આરટીઓ રજિસ્ટ્રેશન કરાવવામાં આવશે, ત્યારે આ સર્ટિફિકેટ રજૂ કરતાની સાથે જ નિયમ મુજબ ટેક્સમાં 50 ટકા સુધીની રાહત મળી જશે. ખાસ કરીને ટ્રાન્સપોર્ટ અને કોમર્શિયલ વાહન ધારકો માટે આ નિર્ણય ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. સરકારે આ કરરાહતનો લાભ લેવા માટે આખરી તારીખ પણ નક્કી કરી દીધી છે.

જે મુજબ 31 માર્ચ 2027 સુધીમાં મેળવેલાં સર્ટિફિકેટ (COD) પર જ આ ટેક્સ રાહત મળવાપાત્ર રહેશે. સાથોસાથ સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે એક વાહનના સ્ક્રેપિંગ સર્ટિફિકેટ પર એક જ વાર ટેક્સમાં છૂટ મળશે, એટલે કે કોઈ એક સર્ટિફિકેટનો બીજી વાર દુરુપયોગ કરી શકશે નહીં.

સરકારના વિકાસના બણગા પણ વાસ્તવિકતા જુદી

શેરબજારમાં ઈન્વેસ્ટરોને ખોટ : ટેકસ ભારણ દુર કરો

કોંગ્રેસ પ્રવકતા શકિતસિંહ ગોહિલની માંગ : મનમોહન સરકારે વૈશ્વિક મંદી સામે બાથ ભીડીને શેરબજારમાં તેજી ટકાવી હતી, વડાપ્રધાન- ગૃહમંત્રીની 'સલાહ'માં રોકાણકારો ડુબી ગયાનો આરોપ



અમદાવાદ : વડાપ્રધાન તથા ગૃહમંત્રીની સલાહથી શેરબજારમાં કરોડો રૂપિયા રોકનારા નાના ઈન્વેસ્ટરોને રોવાનો વખત આવ્યો છે. સરકારની અણઆવડત તથા બેવડા ટેકસ ભારણથી રોકાણકારોની હાલત ખરાબ થઈ છે. ત્યારે ટેકસ ભારણ દુર કરીને અર્થતંત્રની વાસ્તવિકતા રજુ કરવાની માગણી કોંગ્રેસના પ્રવકતા તથા પૂર્વ સાંસદ શકિતસિંહ ગોહિલે કરી છે.

તેઓએ પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું કે આપણા દેશમાં બહુમતી પરિવારો મધ્યમ વર્ગના છે. આ મધ્યમ વર્ગના પરિવારોએ પોતાના મહેનતની મૂડી બચાવી બચાવીને શેરબજારમાં રોકી હતી કારણ કે વડાપ્રધાન અને ગૃહમંત્રીએ જૂન 2024માં દેશની જનતાને કહ્યું હતું કે શેરબજારમાં રૂપિયા રોકો અને તમને અઢળક ફાયદો થશે. તેઓના શાસનમાં શેર માર્કેટ રેકોર્ડ તોડશે અને અઢળક ફાયદો થશે.

આજે આ વાત માનીને રોકાણ કરનાર નાગરિકોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. સપ્ટેમ્બર 2024માં જે સેન્સેકસ 85,836 હતો તે 72,500 ઉપર છે. એટલે કે બે વર્ષ પહેલા જેમણે નાણા રોકયા હતા તેમને કોઈ નફો નથી થયો પરંતુ સાડા બાર ટકા મૂડીમાં નુકશાન થયું છે. ઉપરાંત સિકયોરીટીઝ ટ્રાન્ઝેકશન ટેકસના (એસટીટી) કરના નાણા પણ ભરવા પડયા છે.

અર્થતંત્રના વિકાસના ખોટા આંકડા અને માયાજાળની વાતો અને વાસ્તવિકતા વચ્ચે મોટો ફરક છે. 31 ઓગસ્ટ 2026ના રોજ 7.8% વિકાસની વાતો વડાપ્રધાને કરી તેના સાથે જ સેન્સેકસ 3000 પોઈન્ટ ગગડી પડયો હતો. હકીકતમાં ભાજપની સરકારનો સાંઠગાંઠ વાળો મૂડીવાદી અને માનીતાઓને જ માલામાલ કરવાનો અભિગમ તથા શાસન ચલાવવાની અળઆવડતના કારણે અર્થતંત્ર અને શેર બજાર ડુબી રહ્યું છે.

2014માં પીએમ મનમોહનસિંહ અને યુપીએના ચેરપર્સન શ્રીમતી સોનીયા ગાંધીજની આગેવાની વાળી સરકારે શેરમાં રોકાણ કરનાર મધ્યમ વર્ગના વ્યકિતઓને રાહત આપવા માટે લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેકસ સાવ નાબુદ કરીને ઝીરો પરસન્ટ કરેલ. સિકયોરીટી ટ્રાન્ઝેકશન ટેકસ ટેકસ એસટીટી જ માત્ર લાગતો હતો. ભાજપની કેન્દ્ર સરકારે મધ્યમ વર્ગ ઉપર ડબલ ટેકસ નાખ્યો છે.

એટલે કે એસટીટી તો ભરવાનો જ પરંતુ શેરમાં એક વર્ષમાં નફો એટલે કે શોર્ટ ટર્મ ગેઈન થાય તો તેના પર 20% ટેકસ અને લાંબા ગાળાના રોકાણથી નફો થાય તો 12% ટેકસ ભરવાનો. આમ ભાજપની સરકાર મધ્યમ વર્ગ ઉપર કરનું ભારણ વધારી રહી છે. ચાલુ વર્ષના 2026-27ના વર્ષમાં અત્યાર સુધીમાં સરકારે 40,214.36 કરોડ એસટીટી ટેકસ ઉઘરાવી લીધો છે. 1 લાખ 29 હજાર કરોડ રૂપિયા એટીસીજીના નામે સરકારે ટેકસ મેળવી લીધો છે. 2020માં ભાજપની કેન્દ્ર સરકારે એઈટીસીજી ટેકસ 10%માંથી 12.50% કરી નાખ્યો છે અને એસટીસીજી ટેકસ 15%થી વધારી 20% નાખ્યો છે. કોંગ્રેસની આગેવાની વાળી કેન્દ્ર સરકારના દસ વરસના સમયગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય, મંદીનું મોજુ આવ્યું હતું. 'વર્લ્ડ રિસેશન' હતું એમ છતા એ સમયમાં સેન્સેકસ 10 વર્ષમાં 398% વધ્યો હતો. જેની સરખામણીએ ભાજપના 12 વર્ષ દરમિયાન સેન્સેકસની ટકાવારી નીચે ગબડી પડી છે. તેમણે એવી માગણી કરી હતી કે શેર શેરબજારમાં રોકાણ કરનાર મધ્યમ વર્ગના લોકો ઉપરથી ડબલ ટેકસનું માળખુ દુર થાય. એટીસીજી અને એનટીસીજી ટેકસ નાબૂદ કરવામાં આવે, દેશનું અર્થતંત્ર ન જાળવી શકવા બદલ સરકાર દેશની માફી માંગે, પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીના શબ્દો ઉપર વિશ્વાસ રાખી શેરમાં રોકાણ કરનાર લોકોને થયેલ નુકસાન બદલ જવાબદારી સ્વીકારવામાં આવે, અર્થતંત્રની બાબતમાં જુઠાણું નહીં દેશને પ્રધાનમંત્રી સત્ય જણાવે.

ગાંધી જયંતી નિમિત્તે રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

રાજ્યમાં ખાદી અને પોલિવસ્ત્રના ઉત્પાદન પર 30 ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાયની જાહેરાત




આવતીકાલથી તા. 31 ડિસેમ્બર, 2026 સુધી મળશે આ વિશેષ પ્રોત્સાહન સહાયનો લાભ

અમદાવાદ : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ખાદીના વિચારને ખરા અર્થમાં જીવંત રાખવા તથા ખાદી દ્વારા રાજ્યના હજારો કારીગરોને સતત રોજગારી મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા ગાંધી જયંતી નિમિત્તે એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રજાભિમુખ નિર્ણય લેવામાં આવ્યો છે.

જે અંતર્ગત ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા તા. 2 ઓક્ટોબર થી 31 ડિસેમ્બર, 2026 સુધી ખાદી અને પોલિવસ્ત્રની માન્ય સંસ્થાઓ-મંડળીઓ દ્વારા ઉત્પાદિત ખાદી અને પોલિવસ્ત્રની ઉત્પાદનની કિંમત પર 30 ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે, જેનો સીધો લાભ ગ્રાહકોને ખાદી વેચાણ કેન્દ્રો મારફત ખરીદી પર મળનારા વળતર સ્વરૂપે થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ પહેલ ખાદી ફોર નેશન અને ખાદી ફોર ફેશન, વોકલ ફોર લોકલ તેમજ હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીની થીમને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયના પરિણામે આગામી ધાર્મિક તહેવારો, જાહેર તેમજ સામાજિક પ્રસંગોમાં નાગરિકો સ્વદેશી ખાદી તરફ વધુ આકર્ષાશે અને તેના વેચાણમાં નોંધપાત્ર વધારો થશે. રાજ્યમાં ખાદીનું વેચાણ વધવાથી ગુજરાતની KVICનું પ્રમાણપત્ર ધરાવતી અને ખાદી બોર્ડના ઈ-કુટીર પોર્ટલ પર નોંધણી થયેલ અંદાજિત 220 થી વધુ માન્ય ખાદી સંસ્થા/મંડળીઓના ખાદી અને પોલિવસ્ત્રના ઉત્પાદનની કામગીરી સાથે સંકળાયેલ અંદાજે 16 હજારથી વધુ કાંતનાર અને વણનાર કારીગરોને સતત રોજગારી મળતી રહેશે. આ સહાય યોજના અંતર્ગત ઉત્પાદિત આસન, શેતરંજી, રેશમ પટોળા, ઊની સ્વેટર, જર્સી, શાલ અને ખાદીના વિવિધ રેડિમેઇડ ગારમેન્ટ્સ જેવાં ઉત્પાદનોની બહોળા પ્રમાણમાં ખરીદી થવાથી સ્થાનિક ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી મળશે. આ ઉપરાંત, ખાદીના વેચાણને વ્યાપક પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ શહેરોમાં ખાસ પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓનું દર વર્ષે આયોજન પણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે ગાંધી જયંતી નિમિત્તે તા. 02 થી 07 ઓક્ટોબર દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે, તા. 01 થી 10 ઓક્ટોબર દરમિયાન ભરૂચ ખાતે અને તા. 11 થી 17 ઓક્ટોબર દરમિયાન વડોદરા ખાતે ખાદી પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓ યોજાશે.

Truecaller માં આવ્યું નવું ફીચર : હવે ફોન ઉપાડતાં પહેલાં જ ખબર પડી જશે કે સામેવાળી વ્યક્તિ ક્યાં કામ કરે છે



નવી દિલ્હી : જો તમારા ફોન પર કોઈ અજાણ્યાં નંબર પરથી કોલ આવે છે, તો સૌથી મોટો સવાલ એ થાય છે કે સામેવાળી વ્યક્તિ કોણ છે અને શા માટે કોલ કરી રહી છે. ખાસ કરીને ઓફિસ, નોકરી, કે બિઝનેસ સંબંધિત કામ માટે આવતાં કોલ્સમાં માત્ર નામ જોઈને એ ઓળખવું મુશ્કેલ બને છે કે કોલ કરનાર કઈ કંપની છે કે કોઈ વ્યક્તિ છે અને તે કયાં પદ પર છે.

આ સમસ્યા દૂર કરવા માટે ટ્રુકોલરે લિંક્ડઈન સાથે પાર્ટનરશિપ કરી છે, જેથી યુઝર્સને કોલર આઈડીમાં જ કોલ કરનારની પ્રોફેશનલ માહિતી મળી શકશે. આ નવા ફીચરની મદદથી યુઝર્સ પોતાની ટ્રુકોલર પ્રોફાઈલ પર પોતાની નોકરીનું પદ અને કંપનીનું નામ દર્શાવી શકશે.

જો લિંક્ડઈન પર તમારી માહિતી વેરિફાઇડ હશે, તો તેનું વેરિફિકેશન સિગ્નલ પણ ટ્રુકોલર પર દેખાશે. આ સિવાય કોલ રિસીવ કરનાર વ્યક્તિ ટ્રુકોલર પ્રોફાઈલ પરથી જ સામેવાળાની લિંક્ડઈન પ્રોફાઈલ પર પણ જઈ શકશે.

હાલમાં આ સુવિધા એન્ડ્રોઈડ યુઝર્સ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે અને આઈફોન યુઝર્સ માટે તે ટૂંક સમયમાં લાવવામાં આવશે. આ સેવા સંપૂર્ણપણે મરજીયાત છે. યુઝર્સ પોતાની ઈચ્છા મુજબ લિંક્ડઈન પ્રોફાઈલ કનેક્ટ કરી શકે છે. જે લોકોને દરરોજ નવા રિક્રૂટર્સ, ક્લાયન્ટ્સ, સપ્લાયર્સ કે સેલ્સ પ્રોફેશનલ્સના કોલ આવે છે, તેમના માટે આ ફીચર ખૂબ ઉપયોગી સાબિત થશે.

વડાપ્રધાન મોદીએ કેપ્ટન સ્મિત સાથે વીડિયો કોલ પર વાત કરી : હુમલા વખતે હું હનુમાન ચાલીસાના પાઠ કરી રહ્યો હતો, ભગવાને જ બચાવ્યાં



- નરેન્દ્ર મોદીએ કેપ્ટન સ્મિતની બહાદુરીના વખાણ કર્યા, કહ્યું - સમગ્ર દેશ તમારા માટે મહામૃત્યુંજય મંત્રના જાપ કરી રહ્યો છે : પીએમ મોદી સાથે વાત કરતા સમયે સ્મિત ભાવુક થયા
- વડાપ્રધાન મોદીએ વાતચીત દરમ્યાન સ્મિતનું વતન વઢવાણ અને તેમના પત્ની સોનલનું વતન સાવરકુંડલાનો પણ ઉલ્લેખ કર્યો
- તમે મારા આદર્શ છો, તમારી સાથે વાત થઈ તે મારા માટે પણ ગૌરવની વાત - કેપ્ટન સ્મિતે પીએમ મોદીને કહ્યું ; તો નરેન્દ્રભાઈએ કહ્યું કે જ્યારે પણ જરૂર હોય બસ એક ફોન કોલ દૂર છું

નવી દિલ્હી : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે ભારતનાં બહાદુર પાયલટ કેપ્ટન સ્મિત મચ્છર સાથે અંદાજે 9 મિનિટ સુધી વીડિયો કોલ પર વાતચીત કરી હતી. 30 સપ્ટેમ્બરે દુબઈથી ઈઝરાયેલ (તેલ અવીવ) જઈ રહેલાં ફ્લાયદુબઈના વિમાનમાં કો-પાયલટ દ્વારા કરવામાં આવેલાં અચાનક હુમલા અને વિમાનને ક્રેશ કરવાનાં પ્રયાસ છતાં, કેપ્ટન સ્મિતે પોતાની અદ્ભુત સૂઝબૂઝ અને અદમ્ય સાહસથી 174 મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સહિત તમામ લોકોનાં જીવ બચાવ્યાં હતાં.

વીડિયો કોલ દરમિયાન પીએમ મોદીએ કેપ્ટન સ્મિતના સાહસની સરાહના કરતાં કહ્યું કે, "આખો દેશ તમારા ઝડપી સાજા થવા માટે પ્રાર્થના કરી રહ્યો છે અને તમારા સારા સ્વાસ્થ્ય માટે મહામૃત્યુંજય મંત્રના જાપ કરવામાં આવી રહ્યાં છે.

તમારી હિંમત અને સૂઝબૂઝથી સેંકડો લોકોનાં જીવ બચ્યાં છે. આજે દેશ ગર્વથી કહી શકે છે કે ભારતીયો બીજાનો જીવ લેનારા નથી, પરંતુ બીજાનો જીવ બચાવવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકનારા લોકો છે."

આ વાતચીતમાં કેપ્ટન સ્મિત મચ્છરે પ્રધાનમંત્રીને તે ભયાનક ક્ષણોની આખી આપવીતી સંભળાવતાં જણાવ્યું કે, હુમલાની તે ગંભીર અને સંકટપૂર્ણ સ્થિતિમાં તેઓ સતત હનુમાન ચાલીસાના પાઠ કરી રહ્યાં હતાં અને ઈશ્વરે જ તે સમયે તેમને આટલી શક્તિ અને તાકાત પૂરી પાડી હતી.

પ્રધાનમંત્રીનો ફોન આવવા પર અત્યંત ભાવુક થયેલાં કેપ્ટને કહ્યું કે પીએમ સાથે વાત કરીને તેમને ખૂબ જ ગર્વ અનુભવાયો છે અને તેમણે ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે તેમનાં જીવનમાં આવો ક્ષણ આવશે.

પ્રધાનમંત્રીએ વાતચીત દરમિયાન સ્મિતના માતા ગીતાબેનનો ખાસ ઉલ્લેખ કર્યો હતો અને તેમની પ્રશંસા કરતાં કહ્યું કે, તેમની માતાએ તેમને ભગવદ્ગીતાના મૂલ્યો અને સંસ્કારો સાથે ઉછેરીને મોટા કર્યા છે.

પીએમ મોદીએ અગાઉ સ્મિતના પિતા ભૂપેન્દ્રભાઈ, માતા ગીતાબેન અને પત્ની સોનલબેન સાથે પણ ફોન પર વાત કરીને ખબરઅંતર પૂછ્યા હતાં અને આશ્વાસન આપ્યું હતું કે ભારતીય મિશન દ્વારા પાયલટ અને તેમનાં પરિવારને તમામ શક્ય મદદ પૂરી પાડવામાં આવશે.

હાલમાં કેપ્ટન સ્મિત યુએઈની હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈને દુબઈ પહોંચી ગયા છે. યુએઈમાં ભારતનાં રાજદૂત દીપક મિત્તલે કેપ્ટન અને તેમનાં પરિવારની મુલાકાત લીધી હતી અને જણાવ્યું હતું કે પાયલટની હાલત હવે સંપૂર્ણપણે સ્થિર છે અને તેઓ ઝડપથી સાજા થઈ રહ્યાં છે. તેમણે ઉમેર્યું કે કેપ્ટનનું મનોબળ ખૂબ જ મજબૂત છે, તેઓ સ્મિત કરી રહ્યાં છે અને ભારતીય દૂતાવાસ સતત તબીબી ટીમ સાથે સંપર્કમાં છે.

ઈઝરાયેલી નેતાઓ અને આંતરરાષ્ટ્રીય સમુદાયે પણ કેપ્ટન સ્મિતની બહાદુરીના મુક્ત મને વખાણ કર્યા છે. ઈઝરાયેલના પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે એક ભારતીય પાયલટે 9/11 જેવી ભયાનક વિમાન હોનારત થતી રોકી દીધી છે.

અસલમાં, કોકપિટમાં કો-પાયલટે કુહાડી વડે હુમલો કરી પ્લેન ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ગંભીર રીતે લોહીલુહાણ થવા છતાં કેપ્ટન સ્મિતે વિમાન પરનું નિયંત્રણ છોડ્યું નહોતું અને જાતે દરવાજો ખોલીને મુસાફરોની મદદથી હુમલાખોરને કાબૂમાં કર્યો હતો.

ઈઝરાયેલની ચેનલ 12 દ્વારા જારી કરાયેલાં વિડીયો ફૂટેજમાં ઘટના સમયે ફ્લાઇટની અંદર થયેલી અફરાતફરી જોઈ શકાય છે, જેમાં લોકો ડરના માર્યા બૂમો પાડી રહ્યાં હતાં.

તે સમયે ફ્લાઇટમાં સવાર ડો. શોતા મુસાયેવ નામનાં ઈઝરાયેલી ડેન્ટિસ્ટે આગળ આવીને લોહીલુહાણ કેપ્ટન સ્મિતને તાત્કાલિક મેડિકલ મદદ આપી હતી. પીએમ મોદી ઉપરાંત યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત વિશ્વનાં અનેક નેતાઓએ પણ સ્મિત મચ્છરને સાચા હીરો ગણાવી તેમની પ્રશંસા કરી છે.

ગુજરાતનાં વતની અને મુંબઈમાં જન્મેલાં કેપ્ટન સ્મિત મચ્છર પાસે 9750 કલાકથી વધુ ઉડાનનો બહોળો અનુભવ છે. 2008માં ન્યૂઝીલેન્ડથી ટ્રેનિંગ લીધાં બાદ તેઓ સ્પાઇસજેટ અને 2022થી ફ્લાયદુબઈ સાથે કેપ્ટન તરીકે જોડાયેલા છે.

પોતાનાં કરિયરમાં અત્યાર સુધી ક્યારેય ઇમરજન્સી લેન્ડિંગ ન કરાવનાર આ ભારતીય પાયલટે પોતાની અસાધારણ વીરતાથી 174થી વધુ લોકોના જીવ બચાવીને સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું છે.

જય શ્રી કૃષ્ણ : પીએમ મોદીએ કેપ્ટન સ્મિત સાથે ગુજરાતીમાં વાત કરી

શું બોબી અને ઝીવા ગુજરાતીમાં વાત કરે છે ? પીએમ મોદીએ સ્મિતને પૂછ્યું ; તો કેપ્ટન સ્મિતે કહ્યું કે પેહલા ગુજરાતી શીખ્યા પછી અંગ્રેજી .. દરરોજ અમે સાથે પૂજા કરીએ છીએ

બે વર્ષના પુત્રને હોસ્પિટલમાં મળવા ન દેવાયો, પુત્રી હાલત જોઈને ડરી ગઈ પત્ની સોનલબેન, માતા ગીતાબેન અને પિતા ભૂપેન્દ્રભાઈની સાથે પણ વડાપ્રધાને વાત કરી ; તમામની પ્રશંસા કરી


આજે વડાપ્રધાન મોદીએ ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર સાથે વીડિયો કોલ મારફત વાત કરી હતી. કોલ દરમ્યાન વડાપ્રધાને તેમના ખબર અંતર પૂછ્યા અને કેવી મેડિકલ ટ્રીટમેન્ટ મળી રહી છે તે અંગે પૂછ્યું હતું, સાથે કહ્યું કે સમગ્ર દેશ તમારા જલ્દી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરે છે.

આ ઉપરાંત વાતચીતના અંતમાં નરેન્દ્રભાઈ અને સ્મિત મચ્છર વચ્ચે ગુજરાતીમાં વાતચીત થઈ હતી. નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે "હવે થોડું ગુજરાતીમાં એ વાર કરીએ" પછી પીએમ મોદીએ પૂછ્યું કે શું બોબી અને ઝીવા ગુજરાતી બોલે છે કે નહીં ? તો સ્મિતે જવાબ આપ્યો કે તેઓ બન્ને પેહલા ગુજરાતી શીખ્યા અને ત્યારબાદ અંગ્રેજી. બોબી તેમનો 2 વર્ષનો પુત્ર છે અને ઝીવા તેમની 6 વર્ષની દીકરી છે. આગળ વડાપ્રધાન મોદીએ પૂછ્યું કે - બાળકોને મળવાનું થયું ? શું ડોક્ટરોએ પરવાનગી આપી ? ત્યારે કેપ્ટન સ્મિતે કહ્યું કે દીકરી જે મારાથી ખૂબ ક્લોઝ છે તે મળવા આવી હતી પણ હાલત જોઈને ડરી ગઈ અને 2 વર્ષના પુત્રને અંદર આવવાની મનાઈ છે. વડાપ્રધાને કહ્યું કે હમણાં તો સાચવું જ જોઈએ. આગળ સ્મિતના ધર્મપત્ની સોનલબેનની પ્રશંસા કરી અને પીએમએ કહ્યું કે સોનલબેન ખૂબ હિંમતવાળા છે. ક્યારેય ફરિયાદ નથી કરી. આ સાથે પિતા ભૂપેન્દ્રભાઈ અને ગીતાબેન સાથે મુંબઈ એરપોર્ટ પર વાત કરી ત્યારે પણ માતા પિતાએ વડાપ્રધાન સાથે ખૂબ સ્વસ્થ અવસ્થામાં વાત કરી અને કોઈ પણ પ્રકારની ફરિયાદ ન્હોતી કરી, પંરતુ એક જ વાત કે ભગવાન બધું સારું કરશે.

તો સિંહ-વાઘ-ચિતા ધરાવતુ દેશનું એકમાત્ર રાજ્ય ગુજરાત બની જશે

હવે રતન મહાલના જંગલોમાં ગાજશે વાઘની દહાડ !

મધ્યપ્રદેશ સાથે જોડાયેલા દાહોદ જીલ્લાનું આ વનક્ષેત્ર 11 વાઘોના વસવાટ માટે સાનકુળ હોવાનો રીપોર્ટ, વાઘ માટે યોગ્ય ભક્ષણ પ્રાણીઓની વસતિ : અગાઉ જ એક વાઘ છેલ્લા 1 વર્ષથી રતન મહાલમાં વસી ગયો છે



અમદાવાદ : ગુજરાત હવે વન્યજીવનમાં પણ રાષ્ટ્રનું મોડેલ બનવા જઈ રહ્યું છે. એશિયાઈ સિંહોના એકમાત્ર વસવાટ એ ગીરના જંગલોમાં છે અને તેની દહાડ હવે પુરા સૌરાષ્ટ્રમાં સંભળાય છે તો બીજે છેડે વડોદરાથી ફક્ત 150 કિ.મી. દુર અને દાહોદ જીલ્લામાં આવેલા રતનમહાલના જંગલો એ આગામી સમયમાં વાઘોનું પણ નિવાસ બની શકે છે.

પહાડો તથા મેદાની ક્ષેત્રો વાળું આ જંગલનો વિસ્તાર મધ્યપ્રદેશના કુનો જંગલ વિસ્તાર સાથે પણ જોડાયેલો છે અને આ ક્ષેત્ર રીછ, દિપડા, કાળીયાર અને વિવિધ પક્ષીઓનો વસવાટ ધરાવે છે. હાલમાં જ વાઈલ્ડ લાઈફની ટીમે થોડા દિવસ અહી મુકામ કર્યો હતો અને આ ક્ષેત્ર વાઘના વસવાટ માટે સાનુકુળ હોવાનું નોંધ્યુ છે. પ્રાથમીક નિરિક્ષણ કહે છે કે અહી હાલના તબકકે 11 જેટલા વાઘોને વસાવી શકાય છે.

એક તરફ કચ્છમાં ચિતાના પુનઃ વસવાટ માટેની કામગીરી આગળ વધી રહી છે તેની સાથે હવે વાઘ પણ વસી જાય તો સિંહ-વાઘ-ચિતાની વસતિ ધરાવતુ ગુજરાત દેશનું એક માત્ર રાજય બની શકે છે. હાલમાં જ મધ્યપ્રદેશમાંથી એક યુવા નર વાઘ એ લાંબા સમયથી રતનમહાલના જંગલમાં વસવાટ કરતો જોવાય છે અને તે 2025થી અહી વસી ગયા છે અને તે આ ક્ષેત્રમાં વાઘોના વસવાટ માટે સાનુકુળ હોય તેવા સંકેત છે.

હાલમાં રાજયસભામાં પણ આ માહિતી અપાઈ હતી કે રતનમહાલના જંગલોમાં એક વાઘ સતત 2025થી રહે છે અને મધ્યપ્રદેશ ગુજરાત વચ્ચેનો આ ક્ષેત્ર પ્રાણીમાં ખાસ કરીને વાઘોના આવાગમન માટે સાનુકુળ છે. ગુજરાતમાં હાલ જે એક નર વાઘ વસે છે તેના માટે માદા જોડીદાર લાવવા પણ તૈયારી છે.

જેથી અહી વાઘની વસતિ કુદરતી રીતે પણ વધી શકશે. આ માટે નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટીની મંજુરી મંગાઈ છે. ગુજરાતમાં વાઘોની વાપસી એ ઐતિહાસિક હશે. છેલ્લે 2010માં મહિસાગરમાં એક વાઘ જોવા મળ્યો હતો પણ તે બાદ 2025માં રતન મહાલમાં એક વાઘ વસી ગયા છે.

ડમી નામે બલ્ક બુકિંગ કરી અન્ય મુસાફરોને ટિકિટો પધરાવાતી હોવાની ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ સાથે ચોંકાવનારા આક્ષેપો

દિવાળી પહેલાં ગુજરાતમાંથી ઊપડતી ટ્રેનોમાં ટિકિટ બુકિંગ કૌભાંડનો આક્ષેપ

અમદાવાદ : દિવાળીનાં તહેવારો દરમિયાન મુસાફરોની ભારે ભીડનો લાભ ઉઠાવીને ગુજરાતમાંથી શરૂ થતી ટ્રેનોમાં રેલવે બુકિંગનું મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.


કેટલાક ટૂર ઓપરેટરો અને અનધિકૃત એજન્ટો દ્વારા ખોટા કે ડમી નામો પર અગાઉથી મોટી સંખ્યામાં ટિકિટો બુક કરી દેવાય છે. ત્યારબાદ તહેવારના સમયે જરૂરિયાતમંદ મુસાફરોને 'ગેરેન્ટેડ કન્ફર્મ ટિકિટ'ના નામે ઊંચા ભાવે આ ટિકિટો વેચવામાં આવી રહી હોવાની લેખિત ફરિયાદ રેલવેના ઉચ્ચ અધિકારીઓને કરવામાં આવી છે.

ફરિયાદમાં જણાવાયા અનુસાર, અમદાવાદ, સાબરમતી, ગાંધીનગર અને આસપાસનાં સ્ટેશનોથી જમ્મુ, કટરા, દિલ્હી, ચંડીગઢ, હિમાચલ પ્રદેશ, કાશ્મીર અને કેરળ તરફ જતી ટ્રેનોને નિશાન બનાવવામાં આવી રહી છે. મુસાફરોને ટૂર પેકેજના ભાગરૂપે કન્ફર્મ ટિકિટની ખાતરી આપવામાં આવે છે, જ્યારે વાસ્તવમાં રેલવે દ્વારા આવી કોઈ ખાસ કોચ કે સીટ ક્વોટાની ફાળવણી કરવામાં આવી હોતી નથી. મુસાફરીના થોડા સમય પહેલાં જ અન્ય વ્યક્તિનાં નામે બુક થયેલી ટિકિટો આ મુસાફરોને સોંપી દેવામાં આવે છે.

દિલ્હીનાં રેલવે અધિકારીઓને સોંપાયેલી આ ફરિયાદમાં શંકાસ્પદ બલ્ક બુકિંગ વાળી મુખ્ય ટ્રેનોની યાદી આપવામાં આવી છે. જેમાં સાબરમતી-જમ્મુ તવી, હાપા-કટરા એક્સપ્રેસ, જામનગર-કટરા એક્સપ્રેસ, સર્વોદય એક્સપ્રેસ, જેએટી વિવેક એક્સપ્રેસ, સાબરમતી-કટરા એક્સપ્રેસ, ગાંધીનગર કેપિટલ-દૌલતપુર ચોક એક્સપ્રેસ, આશ્રમ એક્સપ્રેસ, યોગા એક્સપ્રેસ, સાબરમતી-નવી દિલ્હી રાજધાની અને સાબરમતી-બનારસ સુપરફાસ્ટ જેવી ટ્રેનોનો સમાવેશ થાય છે.

અંદાજ મુજબ, 5 થી 15 નવેમ્બર વચ્ચે ટ્રેનદીઠ આશરે 100 થી 120 સ્લીપર અને 30 થી 40 એસી સીટો શંકાસ્પદ રીતે બુક કરવામાં આવી છે. આ ઉપરાંત, ગુજરાતથી ઊપડતી ટ્રેનો માટે રાજસ્થાનના PRS કાઉન્ટર્સ કે એજન્ટો મારફતે પણ બુકિંગ કરાયું હોવાનો આક્ષેપ છે. ફરિયાદ કરનારે આ અંગે બુકિંગ લોગ્સ, યુઝર આઈડી, આઈપી એડ્રેસ, પેમેન્ટ રેકોર્ડ અને સીસીટીવી ફૂટેજ ચકાસવાની માંગ કરી છે.

અમદાવાદ ડીઆરએમ, રેલવે બોર્ડ, રેલવે મંત્રી અને પીએમઓને ઈમેલ મારફતે આ ફરિયાદ મોકલવામાં આવી છે. ફરિયાદ કરનારે જણાવ્યું છે કે, આ કૌભાંડથી સામાન્ય નાગરિકો છેતરાઈ રહ્યાં છે અને જો તટસ્થ તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવી શકે છે.



લક્ષદ્વીપના દરિયા પાસે જબરુ સંયુક્ત ઓપરેશન

ગુજરાત ATS- કોસ્ટગાર્ડએ રૂા.3000 કરોડનું ડ્રગ્સ ઝડપ્યુ



મધરાતે પાંચ પાકિસ્તાનીઓ સાથે ભારતીય જળસીમામાં ઘુસેલી વિશાળ બોટનો પીછો કરી કબ્જો કરાયો ઈરાની બોટમાં પાક નેટવર્ક મારફત હેરોઈન તથા મેથામફેટામાઈનનો જથ્થો ઝડપાયોઃ પાકિસ્તાનમાંથી પુછપરછ શરૂ

અમદાવાદ : ડ્રગ સામે ગુજરાત એન્ટી ટેરરીસ્ટ સ્કવોડની સતત આક્રમક કાર્યવાહીમાં એટીએસ તથા ભારતીય કોસ્ટગાર્ડે એક સંયુક્ત ઓપરેશનમાં દેશમાં ઘુસાડવા માટે લાવવામાં આવી રહેલું રૂા.3000 કરોડનું 526 કિલો ડ્રગ ઝડપી લઈને આ કારોબારને મોટો ફટકો માર્યો છે. આ ડ્રગ એક ઈરાની બોટને રોકીને તેમાંથી ઝડપી લેવાયુ હતુ તથા તેમાં સવાર પાંચ પાકિસ્તાનીઓએ પણ કોસ્ટગાર્ડ એટીએસ સમક્ષ સરન્ડર કરી લીધુ હતુ.

આ કાર્યવાહી તા.25ના લક્ષદ્વીપના પ્રત્રચીમમાં અરબી સમુદ્રમાં કરવામાં આવી હતી. આ અંગે ઝડપાયેલ તમામ પક્ષને હવે ગુજરાતમાં લઈ અવાયા છે તથા તેઓની પુછપરછ પરથી વધુ ધડાકા થાય તેવા સંકેત છે. ગુજરાત એટીએસને આ ડ્રગ્સની હેરાફેરીની ગુપ્ત બાતમી મળી હતી તથા તે સાથે જ કોસ્ટગાર્ડનો સંપર્ક કરીને સમગ્ર ઓપરેશન પાર પાડવા તૈયારી શરૂ થઈ હતી. તથા અરબી સમુદ્રમાં શંકાસ્પદ હીલચાલ કરતી એક મોટી બોટને ટ્રેસ કરી તેના પર મોનેટરીંગ શરુ થયુ હતું. આ બોટ લક્ષદ્વીપની નજીકથી ભારતીય જળસીમામાં પ્રવેશી કે તુર્તજ કોસ્ટગાર્ડે તેને ઘેરીને ભારે શસ્ત્રો સાથે કમાન્ડોએ આ જહાજ સાઈઝની મોટી બોટનો કબ્જો લઈ લીધો હતો તેમાં સવાર તમામ પાસે કોઈ પ્રતિકાર વગર જ આત્મસમર્પણ કરી લીધુ હતું તથા તેમાં ડ્રગનો કબ્જો લઈને મુંબઈ લઈ અવાયો હતો જયાં 526 કિલોનો જથ્થો હોવાનું તથા તેમાં હેરોઈન તથા મેથામફેરામાઈનનો જથ્થો હોવાનું નિશ્ચિત થયુ છે.

જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત રૂા.3000 કરોડની હોવાનો અંદાજ મુકયો છે. આ ઓપરેશન આંતરરાષ્ટ્રીય ડ્રગ દાણચોરીનો એક મોટો રૂટ હોવાનું માનવામાં આવે છે અને તેથી તેના પર મોનેટરીંગ ગોઠવાયેલુ છે .

તથા ગુજરાત એટીએસ પાસે પણ બાતમીદારોનું એક નેટવર્ક છે. આ જહાજનો પીછો કરીને તેને શરણે આ વધુ પડે તે નિશ્ચિત કરાયુ છે અને હવે એકથી વધુ એજન્સી આ ડ્રગ તસ્કરી નેટવર્કને ભેદવા માટે એકશનમાં આવી ગઈ છે. ગુજરાતના માર્ગે દેશમાં ડ્રગ ઘુસાડવામાં અનેક વખત પ્રયાસો નિષ્ફળ બનાવાયા છે.

અમદાવાદમાં 9-10 ઓક્ટોબરે બે દિવસીય માર્ગદર્શન કેમ્પ યોજાશે

સેબી દ્વારા વર્લ્ડ ઇન્વેસ્ટર વીક નિમિત્તે 'રોકાણકાર સુવિધા શિબિર'નું આયોજન



અમદાવાદ : આધુનિક ઈલેક્ટ્રોનિક યુગમાં નાણાકીય રોકાણકારોમાં જાગૃતિ અને સશક્તિકરણ લાવવાના ઉદ્દેશ્ય સાથે 'વિશ્વ રોકાણકાર સાપ્તાહ - 2026' ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સેબી દ્વારા આગામી તા. 05/10/2026 થી 11/10/2026 દરમિયાન વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેના ભાગરૂપે સેબી અમદાવાદ કાર્યાલય ખાતે 09 અને 10 ઓક્ટોબરના રોજ બે દિવસીય "રોકાણકાર સુવિધા શિબિર"નું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં ડિજિટલ અરેસ્ટ, ઊંચા વળતરની લાલચ અને સાયબર ક્રાઇમ દ્વારા રોકાણકારોને છેતરવાના બનાવો વૈશ્વિક સ્તરે વધી રહ્યા છે. લોભ-લાલચમાં આવીને સામાન્ય નાગરિકો પોતાની સાચી જીવનમૂડી ગુમાવી બેસે છે. આ પરિસ્થિતિને અટકાવવા અને રોકાણકારોના હિતોનું રક્ષણ કરવાના હેતુથી સેબી વેસ્ટ ઝોન ઓફિસ, અમદાવાદ (સેબી ભવન, પંચવટી પ્રથમ લેન, ગુલાબાઈ ટેકરા રોડ) ખાતે આ માર્ગદર્શન શિબિર યોજાશે.

ઓલા - ઉબેર ભાડાનો વિવાદ : ટેક્સીના ભાડા નક્કી કરવા 20 દિવસમાં કમિટી રચાશે : સરકારે કાર્યવાહીની ખાતરી આપતાં યુનિયનોએ આંદોલન પાછું ખેંચ્યું

વ્હાઇટ નંબર પ્લેટ વાહનોનાં કોમર્શિયલ વપરાશ સામે RTO કડક ઝુંબેશ ચલાવશે



અમદાવાદ : એપ આધારિત ઓલા, ઉબેર અને રેપિડો જેવી કંપનીઓ સામે ચાલી રહેલાં વિવાદ વચ્ચે ગુજરાત સરકારે ઓટો-રીક્ષા અને ટેક્સી યુનિયનોની મુખ્ય માંગણીઓ સ્વીકારવાની ખાતરી આપતાં આંદોલન સમેટી લેવામાં આવ્યું છે. ગાંધીનગરમાં ટ્રાન્સપોર્ટ કમિશનરની અધ્યક્ષતામાં યુનિયનના પ્રતિનિધિઓ, કેબ એગ્રીગેટર્સ અને આરટીઓ અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. પ્રથમ તબક્કાની વાટાઘાટો નિષ્ફળ જતાં મોટી સંખ્યામાં ડ્રાઈવરોએ ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન અને ધરણા કર્યા હતાં. ત્યારબાદ યોજાયેલી બીજા તબક્કાની બેઠકમાં ટ્રાન્સપોર્ટ કમિશનરે ડ્રાઈવરોના પ્રશ્નો ઉકેલવાની ખાતરી આપી હતી. યુનિયનના આગેવાનો વિજય મકવાણા અને રાજ શિર્કે જણાવ્યું હતું કે, ખાનગી નંબર પ્લેટ (વ્હાઇટ નંબર પ્લેટ) ધરાવતી કાર અને ટુ-વ્હીલરનો એગ્રીગેટર એપ દ્વારા ગેરકાયદેસર રીતે કોમર્શિયલ ઉપયોગ કરનારાઓ સામે આરટીઓ દ્વારા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવશે. આ ઉપરાંત નિયમોનું ઉલ્લંઘન કરતી કંપનીઓ સામે પણ કડક પગલાં લેવાશે અને જરૂર પડ્યે તેમના લાયસન્સ રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. સરકાર દ્વારા ટેક્સીના નવા ભાડા નક્કી કરવા માટે આગામી 20 દિવસમાં એક ખાસ કમિટીની રચના કરવાની જાહેરાત કરવામાં આવી છે.

આ સાથે જ ઓલા, ઉબેર અને રેપિડો પર નિયંત્રણ લાવવા માટે એક મહિનાની અંદર ફરીથી સમીક્ષા બેઠક યોજવામાં આવશે. સંયુક્ત વાહનવ્યવહાર કમિશનર ચૌધરી સહિતનાં ઉચ્ચ અધિકારીઓ તરફથી સત્તાવાર ખાતરી મળ્યાં બાદ, આંદોલનકારી યુનિયનોએ પોતાનો વિરોધ રોકીને પ્રદર્શન પૂરું કરવાની જાહેરાત કરી હતી.

PRINTER / PUBLISHER / OWNER / EDITOR : **SEEMA SHAH** PUBLISHED : "STOCK TODAY" M : 99985 29220 : 102, Atithi Annexi Pritamnagar Akhada Paldi, Ahmedabad. (GUJARAT) 380 007.
Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.